ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-104
# ગ્રામીણ ક્ષેત્રકાર્ય

વિભાગ

# 1

## ગ્રામીણ ક્ષેત્રકાર્ય


**એકમ-1** સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય અને પ્રથમ સત્ર ક્ષેત્રકાર્ય ગોઠવણી

**એકમ-2** ગ્રામીણ ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ, સુપરવિઝન, અહેવાલ લેખન અને મૂલ્યાંકન

**એકમ-3** ગ્રામીણ ક્ષેત્રકાર્ય દરમિયાન કામગીરી-1

**એકમ-4** ગ્રામીણ ક્ષેત્રકાર્ય દરમિયાન કામગીરી-2

| **લેખક** | |
|---|---|
| **ડૉ. આલાભાઈ ખમલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **ડૉ. હિતેશભાઈ જાગાણી** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય,<br>ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, ગાંધીનગર. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. શિવાની મિશ્રા** | કાર્યકારી નિયામકશ્રી,<br>સમાજકાર્ય વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી,<br>વલ્લભવિદ્યાનગર. |
| **પરામર્શક (ભાષા)** | |
| **શ્રી મૈત્રી શાહ** | 5, ગોપીનાથ એપાર્ટમેન્ટ,<br>ડ્રીમ લેન્ડ પાર્ટીપ્લોટની સામે,<br>ધરણીધર દેરાસર પાસે, નવા વિકાસ ગૃહ રોડ,<br>પાલડી, અમદાવાદ - 380007. |



**Edition : 2015**



**Copyright©2015 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.



**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપુષ્ટિ (Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઊચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઊચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઊચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## પ્રસ્તાવના

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થીભોગ્ય બનાવે છે.

આશા છે કે સ્વ-અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## ઘટક પરિચય : ક્ષેત્રકાર્ય

સમાજકાર્ય પારંગત અભ્યાસક્રમ વ્યાવસાયિક અભિગમ ધરાવે છે. આ વ્યાવસાયિક અભિગમના આધારો વૈજ્ઞાનિક જ્ઞાન, મૂલ્યો, કુશળતાઓ, શિક્ષણ અને તાલીમ, આચારસંહિતા અને સમુદાય દ્વારા સ્વીકાર પર રહેલો છે. વ્યાવસાયિક સમાજકાર્યમાં સૈદ્ધાંતિક જ્ઞાન અને વ્યવહાર બંને વ્યસાયના વિકાસ માટે પરસ્પર આધારિત છે. વ્યવહાર સાથે જોડાયેલા વ્યવસાયિકોએ સતત પોતાના ક્ષેત્રોમાં નવા જ્ઞાનનું સર્જન કરવું જરૂરી બને છે. તેથી શિક્ષણવિદોએ સમાજકાર્યના અભ્યાસક્રમ વ્યવહાર સાથે જોડાઈ રહે તે માટે શિક્ષણકાર્યમાં ક્ષેત્રકાર્યનું આયોજન સામેલ કર્યું છે. જેનાથી તમે માત્ર અમૂર્ત ખ્યાલોને બદલે વાસ્તવિકતાને સાથે જોડી શકો છો. વ્યાવસાયિક સમાજકાર્ય અભ્યાસક્રમ ક્ષેત્રકાર્યને વધારે પ્રાધાન્યતા આપે છે, એટલે કે શિક્ષણકાર્ય દરમિયાન શીખેલી બાબતોને માનવીઓની સમસ્યાઓના ઉકેલના પગલા તરીકે ઉપયોગ કરવો. જેવી રીતે ડોક્ટર, વકીલ વગેરે લોકો પોતે સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે પ્રેક્ટિસ કરીને પોતાનો વ્યાવસાયિક વિકાસ કરે છે. તેવી રીતે વ્યાવસાયિક સમાજકાર્યકર એ દેશ અને કાળ પ્રમાણે લોકોની જરૂરિયાતો અને સમસ્યાઓના ઉકેલ માટે સતત મથનાર પ્રેક્ટિસનર છે. કોઈપણ વ્યાવસાયિકનો ટકવાનો આધાર તેની પ્રેક્ટિસની અસરકારકતા પર રહેલો છે. લોકોને તેમની સમસ્યા નિવારણમાં કેટલા અંશે તે મદદરૂપ બને છે તેના આધારે અસરકારકતા નક્કી થાય છે. પ્રક્ટિસને અસરકારક બનાવવામાં ક્ષેત્રકાર્યની અગત્યની ભૂમિકા છે. તેથી તમે અહીંયા વ્યાવસાયિક સમાજકાર્યની પ્રેક્ટિસને અસરકારક બનાવવાના ભાગરૂપે ક્ષેત્રકાર્ય કરો છો.

આ વ્યાવસાયિક પ્રેક્ટિસનો આધાર તેના સેવાથી પર રહેલો હોય છે. સેવાથી ક્યાંથી આવે છે ? કોણ છે ? તેની શું જરૂરીયાત છે ? તે કેવા પ્રકારની મદદ ઇચ્છે છે ? ભારત દેશ ગામડાંઓથી બનેલો દેશ છે. તેથી ભારતના સંદર્ભમાં વ્યાવસાયિક સમાજકાર્યની પ્રેક્ટિસનો વિચાર કરીએ તો ગ્રામીણ ક્ષેત્ર જ્યાં દેશની મોટી વસ્તી વસવાટ કરે છે તે ગણાવી શકાય. આ બાબતને ધ્યાનમાં રાખીને ભારતમાં સમાજકાર્યનું શિક્ષણ આપતી વિશ્વ વિદ્યાલયો મોટાભાગે પ્રથમ સત્ર કે વર્ષમાં વિદ્યાર્થીઓને ગ્રામીણ ક્ષેત્રકાર્ય સાથે જોડે છે. આપણી યુનિવર્સિટીએ પણ આ નિર્ણયને સ્વીકાર્ય કરીને સમાજકાર્ય પારંગત પ્રથમ સત્રમાં ગ્રામીણ ક્ષેત્રકાર્યની જોગવાઈ કરી છે. તેથી તમને આ વિભાગમાં સમાજકાર્ય પારંગત પ્રથમ સત્રના ક્ષેત્રકાર્ય અંગેની સંપૂર્ણ જાણકારી અને સમજ પ્રાપ્ત થશે. આ સમજ અને જાણકારી આધારે તમારે નજીકના કોઈ એક ગામમાં ક્ષેત્રકાર્યમાં કરવાનું છે.

તમે ગ્રામીણ ક્ષેત્રકાર્ય અસરકારક રીતે કરી શકો તે માટે આ વિભાગમાં ક્ષેત્રકાર્યના સૈદ્ધાંતિક જ્ઞાનથી લઈને કેવી રીતે તમારા ક્ષેત્રકાર્ય ગામમાં તેનો અમલ કરશો તેની જાણકારી અને સમજ આપવામાં આવી છે. વિભાગને કુલ ચાર એકમમાં વહેંચીને શીખવાની પ્રક્રિયા ગોઠવી છે.

એકમ એકમાં સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યની સૈદ્ધાંતિક સમજ અને પ્રથમ સત્રના ક્ષેત્રકાર્યના હેતુઓ અને તમે તમારા ગ્રામીણ ક્ષેત્રકાર્યની ગોઠવણ કેવી રીતે કરવી તેની પ્રક્રિયા આપવામાં આવી છે. એકમ બેમાં તમારા ગ્રામીણ ક્ષેત્રકાર્યમાં કઈ પ્રયુક્તિઓ અને કયા સમાજકાર્યના જ્ઞાનનો ઉપયોગ કરવો, ક્ષેત્રકાર્યમાં શીખવાની પ્રક્રિયાને અસરકારક બનાવવા કેવું સુપરવિઝન ઉપયોગી

બની શકે તેની રીતો, ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનનું મહત્ત્વ અને માળખું, ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનની પદ્ધતિઓ અને ગ્રામીણ ક્ષેત્રકાર્ય સમયે સમાજકાર્યની આચારસંહિતાની સૂચનાઓના પાલનની સમજ અને જાણકારી આપવામાં આવી છે. એકમ ત્રણ અને ચારમાં ક્ષેત્રકાર્ય ગામમાં જઈને તમારે કઈ કામગીરી કરવાની છે, કઈ જાણકારી અને સમજ મેળવવાની છે તેની જાણકારી આપવામાં આવે છે. ગામની આરોગ્ય, શિક્ષણ, સામાજિક, ધાર્મિક, રાજકીય, આર્થિક, ઔદ્યોગિકરણ, વિકાસ અને કુદરતી સંસાધનોની સ્થિતિ અને સમસ્યાઓને સમજતાં ગામના વાસ્તવિક સ્વરૂપથી પરિચિત થવાનું છે. આ સમસ્યાઓના ઉકેલ માટેના પગલાંઓ આપવા એ તમારી પ્રાથમિક જવાબદારી બને છે. ઉપરાંત ક્ષેત્રકાર્ય ગામને વિકાસના સંદર્ભમાં ઉપયોગી બની શકે તેવા આંતરિક અને બાહ્ય સંસાધનોની ઓળખ કરવી.

વિભાગના અંતે ફલશ્રુતિમાં સમાજકાર્ય પારંગતના પ્રથમ સત્રમાં ક્ષેત્રકાર્યની કામગીરી કરવાથી તમારામાં મૂલ્યો, વલણ, કુશળતા અને જ્ઞાનનો વિકાસ થશે. જે તમને વ્યાવસાયિક સમાજકાર્યકર બનાવામાં સહાયક બનશે.

## ઘટકના હેતુઓ :

તમે સમાજકાર્ય સત્ર એક ક્ષેત્રકાર્યના આ વિભાગમાં સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય, પ્રથમ સત્રની ગ્રામીણ ક્ષેત્રકાર્ય ગોઠવણ, ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ, ક્ષેત્રકાર્યમાં સુપરવિઝન, ક્ષેત્રકાર્યમાં અહેવાલ લેખન, ક્ષેત્રકાર્યનું મૂલ્યાંકન અને ગ્રામીણ ક્ષેત્રકાર્યમાં કરવાની કામગીરી અંગે વિસ્તૃત જાણકારી અને સમજ આપવામાં આવી છે. જેના આધારે તમને નીચેની બાબતો શીખવા મળશે કે તમારામાં બદલાવ આવશે. જેને આપણે નીચે પ્રમાણેના આ વિભાગના હેતુઓ તરીકે ઓળખીશું.

1. વિદ્યાર્થીને વ્યાવસાયિક સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યની સમજ આપવી.
2. વિદ્યાર્થીને ગ્રામીણ ક્ષેત્રમાં કાર્ય કરવાની પદ્ધતિઓની અને કુશળતાની તાલીમ આપવી.
3. વિદ્યાર્થીમાં ક્ષેત્રકાર્ય દરમિયાન સુપરવિઝનનો ઉપયોગ કરવાની વ્યાવસાયિક કુશળતાનો વિકાસ કરવો.
4. વિદ્યાર્થીને ગ્રામીણ ક્ષેત્રકાર્ય કરીને ગામલોકો વચ્ચે સમાયોજન સાધતા, શીખવાની પ્રક્રિયા ગોઠવી, વલણમાં સંવેદનશીલતા લાવવી.
5. ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન દ્વારા મૌલિકતાનો અને વિચારધારાનો વિકાસ કરવો.
6. આપવામાં આવેલ ગ્રામીણ ક્ષેત્રકાર્યના મુદ્દાઓ વૈજ્ઞાનિક ઢબે કામગીરી કરવાની કુશળતાઓનો વિકાસ કરવો.
7. વિદ્યાર્થીમાં ક્ષેત્રકાર્ય આયોજન સ્વતંત્ર રીતે કરવાની પહેલવૃત્તિ અને વલણને વિકસાવવું.

# એકમ-1 સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય અને પ્રથમ સત્ર ક્ષેત્રકાર્ય ગોઠવણી

: રૂપરેખા :


1.1 ઉદ્દેશો

1.2 પ્રસ્તાવના

1.3 સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની સૈદ્ધાંતિક સમજ

1.4 સમાજકાર્ય પારંગતમાં પ્રથમ સત્રના ક્ષેત્રકાર્ય હેતુઓ

1.5 ગ્રામીણ ક્ષેત્રકાર્ય અભિમુખતા મુલાકાત

1.6 ગ્રામીણ ક્ષેત્રકાર્ય ગોઠવણી

1.7 સારાંશ

1.8 શબ્દાર્થ

1.9 સ્વાધ્યાય

1.10 પ્રવૃત્તિ

1.11 એકમ અભ્યાસ

1.12 સંદર્ભગ્રંથ

1.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 1.1 ઉદ્દેશો

આ એકમમાં અમે સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય અને આપના પ્રથમ સત્રના ક્ષેત્રકાર્ય સેટિંગની ચર્ચા કરી છે. આ એકમનો અભ્યાસ અને પ્રત્યક્ષકાર્ય કર્યા બાદ તમે-

- સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યનું સ્થાન, ખ્યાલ અને વિભાવનાની જાણકારી મળશે.
- સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય શા માટે અથવા તેના હેતુઓ વિશેની સમજ મળશે.
- તમારા સત્ર એકના ક્ષેત્રકાર્યના હેતુઓની જાણકારી અને સમજ મેળવી શકશો.
- તમને ક્ષેત્રકાર્યની શરૂઆત કરતાં પહેલાં અભિમુખતા મુલાકાતનો પ્રત્યક્ષ અનુભવ મળશે.
- તમારા ક્ષેત્રકાર્યનું ગામ નક્કી કરવું, સુપરવાઇઝર નક્કી કરવા અને રિપોર્ટિંગની પદ્ધતિ નક્કી કરવામાં આવશે.

## 1.2 પ્રસ્તાવના

આ એકમ તમને સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય અને તમારા પ્રથમ સત્ર ક્ષેત્રકાર્ય સેટિંગનો પરિચય કરાવે છે. અહીં આપની સમાજકાર્ય અભ્યાસક્રમમાં જોડાવાની શરૂઆતને ધ્યાનમાં રાખીને વિગતો આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એ મહત્ત્વનું અંગ છે. ક્ષેત્રકાર્ય વિશેની સૈદ્ધાંતિક સમજ મળે તે બાબતને ધ્યાનમાં રાખીને સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય કેવી રીતે, ક્યાં, શું શરૂઆત થઈ તેની જાણકારી આપવામાં આવી છે. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યનો ખ્યાલ અને વિભાવનાની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. અલગ-અલગ સમયે સમાજકાર્યકરો દ્વારા ક્ષેત્રકાર્ય પ્રત્યેની અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવેલ હેતુઓથી પણ પરિચિત કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

અહીં સમાજકાર્ય સત્ર-૧ના ગ્રામીણ ક્ષેત્રકાર્યના હેતુઓની સ્પષ્ટતા કરવામાં આવી છે. ક્ષેત્રકાર્યની

શરૂઆતને તથા તેની અભિમુખતા જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તમારા માટે ગ્રામીણ ક્ષેત્રકાર્ય અભિમુખતા મુલાકાત આયોજન આપવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે. સત્ર-૧ના આ એકમ દ્વારા ગ્રામીણ ક્ષેત્રકાર્યની કેવી રીતે અને ક્યાં ગોઠવણી કરવી, કોણ સુપરવાઈઝર, સમયગાળો, રિપોર્ટિંગ પદ્ધતિ વગેરે બાબતોની વિગતવાર જાણકારી આપવામાં આવી છે.

## 1.3 સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની સૈદ્ધાંતિક સમજ

### 1.3.1 સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની પૂર્વભૂમિકા

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય આપને રોજગારક્ષમ બનાવે છે. વ્યાવસાયિક પ્રૅક્ટિસ દરમિયાન તમને આવતા પડકારોમાં દરમિયાનગીરી કરવા સક્ષમ બનાવે છે. સમાજકાર્ય શિક્ષણની શરૂઆત ઍપ્રેન્ટિસના સ્વરૂપમાં અમરિકામાં (ચેરીટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી) દાન સંગઠન સમિતિ દ્વારા થઈ હતી. સમાજકાર્ય એક વ્યવસાય તરીકે ક્ષેત્રકાર્ય તાલીમની શરૂઆત 1898થી કરવામાં આવી. દાન સંગઠન સમિતિ દ્વારા સમાજકાર્ય શિક્ષણ માટે નવા ભરતી કરવામાં આવેલા કાર્યકરો માટે તાલીમ આપવાની શરૂઆત કરવામાં આવી હતી. અહીં તાલીમનું સ્વરૂપ માત્ર વ્યાવહારિક હતું. પાંચ અઠવાડિયાનો વ્યાવહારિક સૈદ્ધાંતિક તાલીમનો આ કાર્યક્રમ નવા ભરતી કરવામાં આવેલા કાર્યકરો માટે હતો. તાલીમની પદ્ધતિ પણ ખૂબ જ સરળ હતી. દા.ત. જુનિયર કાર્યકર દ્વારા કરવામાં આવેલ કાર્યનું નિરીક્ષણ કરવું. આ માટે સૈદ્ધાંતિક જ્ઞાનના કોઈ વર્ગ ચલાવવામાં આવતા ન હતા, કે પછી તેમની કામગીરીની કોઈ ચકાસણી કરવામાં આવતી ન હતી. આ રીતે સમાજકાર્ય શિક્ષણની શરૂઆત વ્યાવહારિક ક્ષેત્ર તાલીમના માધ્યમથી થઈ. સમાજકાર્યમાં વ્યવહારિક તાલીમ (ક્ષેત્રકાર્ય) શરૂ કરવાનો સંપૂર્ણ શ્રેય મેરી રીચમંડને જાય છે. તેઓ દાન સંગઠન સમિતિ સાથે જોડાયેલા હતા. સામાજિક વૈયક્તિક સેવાકાર્ય અને સમાજકાર્ય શિક્ષણના ખ્યાલ અને વિચારને વિકસાવવામાં તેમનું મહત્ત્વનું યોગદાન હતું.

વર્તમાન સંદર્ભમાં સમાજકાર્યમાં વ્યાવહારિક તાલીમનો વિકાસ થયો છે. જે એક માત્ર કોઈ એકમ માટેના વ્યક્તિઓ માટે તાલીમનો કાર્યક્રમ ન રહેતા તેના ક્ષેત્રો, તબક્કાઓ, સંસ્થાઓ અને વિસ્તાર એમ અનેક પ્રકારથી તાલીમ આપવામાં આવે છે. આજે સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય કાર્યક્રમમાં ગ્રામીણ કે શહેરી સ્લમ ક્ષેત્રકાર્ય, બાળકોના અધિકાર કે મહિલા સશક્તિકરણ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય, બિનસરકારી સંસ્થાઓમાં કે સરકારી વિભાગમાં ક્ષેત્રકાર્ય, પ્રથમ વર્ષનું કે બીજા વર્ષનું ક્ષેત્રકાર્ય વગેરે ભાગોમાં વિદ્યાર્થીઓને તાલીમ આપવાનો પ્રયાસ થાય છે. જેમાં આપ સમાજકાર્ય પારંગતના પ્રથમ સત્રમાં ગ્રામીણ ક્ષેત્રકાર્ય માટે વ્યાવહારિક કે પ્રત્યક્ષ કાર્ય કરશો.

### 1.3.2 સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યનો ખ્યાલ

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એ જાતે કામ કરીને શીખવાની પ્રક્રિયા છે. જે તમારા માટે એક સામાજિક પ્રયોગશાળા છે. અહીં તમારે સૈદ્ધાંતિક જ્ઞાનની વ્યાવહારિક સ્થિતિમાં ચકાસણી કરવાની છે. જેનાથી તમારી સામાજિક જીવનની કુશળતા વિકાસ પામે છે. સમાજકાર્ય ક્ષેત્રકાર્ય એ સૈદ્ધાંતિક જ્ઞાન દ્વારા કુશળતા અને પદ્ધતિઓને ક્રિયામાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા છે. વ્યાવસાયિક શિક્ષણમાં માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન કરતાં વ્યવહારું જ્ઞાનના શિક્ષણની આવશ્યતા વધુ રહેલી છે. ક્ષેત્રકાર્ય એ સમાજકાર્યના અનુભવી કાર્યકરના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ કરવામાં આવતું કાર્ય છે. આ રીતે ક્ષેત્રકાર્ય દ્વિમાર્ગી પ્રક્રિયા છે. ટૂંકમાં કહીએ તો પ્રૅક્ટિસ વગર થિયરી જ્ઞાન ખાલી છે અને થિયરી વગર પ્રૅક્ટિસ અર્થહીન છે.

ક્ષેત્રકાર્યમાં તાલીમ અને શિક્ષણ બંનેનો સમાવેશ થાય છે. ક્ષેત્રકાર્ય તાલીમ અહીં વલણ અને કુશળતા અભિમુખ છે. ક્ષેત્રકાર્ય દરમિયાન સમાજકાર્યને અનુકૂળ તમારું વલણ વિકસાવવામાં આવે છે અને વિવિધ કુશળતાઓનો વ્યવહારમાં ઉપયોગ કરવામાં આવે છે. તમે વર્ગખંડમાં જે સૈદ્ધાંતિક જ્ઞાન-થિયરી મેળવો છો તેનો વ્યવહારમાં ઉપયોગ કરવાથી સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ જ્ઞાનનું દૃઢીકરણ થાય છે. સમાજકાર્યમાં ક્ષેત્રકાર્ય એ જ્ઞાનની વિભિન્ન સ્થિતિમાં સર્જનાત્મક, નાવીન્યપૂર્ણ અને ગત્યાત્મક પ્રક્રિયા છે. ક્ષેત્રકાર્યથી વલણોનો બૌદ્ધિક અને સાંવેગિક વિકાસ થાય છે. સમાજકાર્ય ક્ષેત્રકાર્યમાં કાર્ય દરમિયાન થતી ભૂલો નિવારવા માટે માર્ગદર્શન અને સુપરવિઝન જરૂરી છે. જેથી વિદ્યાર્થી અને સેવાર્થીને કોઈ

નુકસાન ન થાય. આમ સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય તમને સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે પ્રત્યક્ષકાર્યના માધ્યમથી વ્યાવહારિક બનાવે છે.

### 1.3.3 સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની વિભાવના

ક્ષેત્રકાર્ય અંગેની પરિભાષાઓના સંદર્ભમાં સ્પષ્ટતા વધારવામાં આ મુદ્દો ઉપયોગી બનશે.

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એટલે સૈદ્ધાંતિક જ્ઞાનનો ઉપયોગ કરી અનુભવ મેળવવો અને માનવીની સમસ્યાઓ સાથે કામગીરી કરવા કુશળતાઓ વિકસીત કરવી.

સમાજશાસ્ત્ર શબ્દકોશ અનુસાર ક્ષેત્રકાર્ય એટલે સામાજિક સર્વેક્ષણ અથવા વિભિન્ન ભૌગોલિક ક્ષેત્રમાં વસવાટ કરતી વસ્તીમાંથી પ્રાથમિક માહિતી એકત્ર કરવાની પ્રક્રિયા. આ વ્યાખ્યા સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી તદ્દન સાચી છે. પરંતુ સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યનો અર્થ ભિન્ન છે.

સમાજકાર્યના વ્યાવસાયિક કાર્યકરો દ્વારા સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે.

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એટલે કોઈપણ પ્રકારની સામાજિક સંસ્થા કે એજન્સીમાં વ્યાવહારિક અનુભવ મેળવવો. એ વિદ્યાર્થીઓ જેઓ સામાજિક કાર્યકર બનવા માંગે છે તેમને ધ્યાનમાં લઈને સમજી વિચારીને આ અનુભવ તેમના શિક્ષણ માટે આયોજિત કરવામાં આવે છે.

ક્ષેત્રકાર્ય એ વિદ્યાર્થી અને સામાજિક જીવનની સ્થિતિ વચ્ચેની માર્ગદર્શીત આંતરક્રિયાત્મક પ્રક્રિયા છે. જેમાં વ્યાવસાયિક સમાજકાર્ય માનવ પર્યાવરણની સંભાવનાઓનો વિકાસ કરી જરૂરિયાતને લક્ષમાં રાખી ઈલાજ, સુધાર અને પરિવર્તન માટે બંધાયેલ છે અને ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે.

ક્ષેત્રકાર્ય એ સામાજિક કલ્યાણ સંસ્થા અને સમુદાયમાં થતું કાર્ય છે. જ્યાં વિદ્યાર્થી કુશળતાઓ શીખે છે. શૈક્ષણિક આયોજન અનુસાર જ્ઞાનની ચકાસણી કરે છે. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થી અને ક્ષેત્ર આધારીત છે.

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એ ક્ષેત્રના નિષ્ણાત અને સમાજકાર્યની તાલીમ પ્રાપ્ત કરેલ કાર્યકરના સુપરવિઝન હેઠળ વિદ્યાર્થી માટે કરવામાં આવતી કામગીરી છે. શૈક્ષણિક રીતે સમાજકાર્યના વિદ્યાર્થીઓનું જોડાણ સંસ્થાઓ, એજન્સીઓ અને સમુદાય સાથે થાય છે જ્યાં તેઓ માનવ જરૂરિયાતને પોતાના જ્ઞાન, સમજ અને અનુભવથી સમજી મદદ કરવાનો પ્રયાસ કરે છે. આ અનુભવ સમજી વિચારીને પૂર્ણ સમય કે પછી ખંડ સમય માટે ગોઠવવામાં આવે છે.

### 1.3.4 સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યના હેતુઓ

સમાજકાર્ય એ વ્યાવસાયિક શિક્ષણ છે. જેનો હેતુ સમાજકાર્યના ધ્યેયો અને હેતુઓ પ્રાપ્ત કરવા માટે તમને સૈદ્ધાંતિક જ્ઞાનની ઊંડી સમજ મળે અને રીતો પ્રાપ્ત થાય એ માટે મદદ કરવાનો છે. સમાજકાર્ય શિક્ષણમાં સ્નાતક કક્ષાએ ત્રણ વર્ષ અને અનુસ્નાતક કક્ષાએ 2 વર્ષ દરમિયાન વિદ્યાર્થી પાસે એ અપેક્ષા રાખવામાં આવે છે કે તે સમાજકાર્યના સિદ્ધાંતો, ખ્યાલો, નીતિઓ અને પ્રક્રિયાઓ અંગે તાલીમના સમયગાળા દરમિયાન સમજ પ્રાપ્ત કરે. ક્ષેત્રકાર્ય કાર્યક્રમ તમને સક્ષમ સામાજિક કાર્યકર બનાવવા માટે મદદ કરે છે. ક્ષેત્રકાર્યનો મૂળભૂત હેતુ તમે વર્ગખંડમાં સમાજકાર્યનું જે સૈદ્ધાંતિક જ્ઞાન મેળવો છો, તેનો વ્યવહારમાં વ્યાવસાયિક સમાજકાર્યની કુશળતાઓનો અમલ કરતાં શીખવવાનું છે. તમે ક્ષેત્રના માધ્યમથી પરિસ્થિતિનું અર્થઘટન અને અનુદાન કરવાનો પ્રયત્ન કરો, લોકોની પરિસ્થિતિ સાથે સમાયોજન થાય તે અંગે સમજ મેળવી સહાય કરો. આ રીતે ક્ષેત્રકાર્યનો હેતુ તમને જટીલ સમસ્યાઓ અને વ્યક્તિઓ સાથે કામગીરી કરવા માટે સજ્જ કરવાનો છે. લોકો સાથેની આંતરક્રિયાથી લોકો વિશેના તમારા જ્ઞાનમાં વધારો થાય છે. લોકોની સમસ્યાઓને સમજવામાં મદદ મળે છે. કામગીરી કરવા માટે નિર્ણય શક્તિમાં મદદ મળે છે. જે સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે તમારી શૈક્ષણિક જરૂરિયાત છે.

ભારતમાં સમાજકાર્ય શિક્ષણ અહેવાલમાં સોશ્યલ રીવ્યુ કમિટી (1978) દ્વારા ક્ષેત્રકાર્ય તાલીમ અંગેના ચોક્કસ હેતુઓ દર્શાવવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

1. વ્યાવહારિક શિક્ષણ પ્રસ્તુત ક્ષેત્રની હકીકતોનો અભ્યાસ કરવા માટે, મેળવેલ જ્ઞાનનો અમલ કરવા માટે, સમસ્યાઓનું પૃથક્કરણ અને સમસ્યાઓના ઉચિત ઉકેલની પસંદગી માટે વ્યાવસાયિક કુશળતાઓનો વિકાસ કરે છે.
2. વ્યક્તિ, કુટુંબ, જૂથ અને સમુદાયની સમસ્યાઓના ઉકેલ માટે કાર્ય કરવાની અને સામાજિક સંસ્થાઓ તેમજ તેની પ્રક્રિયાઓમાં સૂક્ષ્મ સ્તરે પરિવર્તન લાવવા માટેની કુશળતાઓનો વિકાસ કરવો.
3. વર્ગખંડ શિક્ષણ અને ક્ષેત્રકાર્ય વચ્ચે જોડાણ ઊભું કરવાની તક પૂરી પાડવી.
4. ચોક્કસ તાલીમના સ્તરે વ્યાવસાયિક પ્રૅક્ટિસ માટે જરૂરી કુશળતાઓનો વિકાસ કરવો.
5. કોઈપણ પરિસ્થિતિમાં વ્યાવસાયિક નિર્ણયાત્મકતા, નિષ્પક્ષપાત અને વસ્તુલક્ષીતાના વલણોનો વિકાસ કરવો.
6. વ્યાવસાયિક મૂલ્યો અને પ્રતિબદ્ધતા વિકસિત કરવા, જેવા કે માનવ ગૌરવને આદર આપવો, સહભાગીતાના અધિકારનું મૂલ્ય.
7. સ્વ અને વ્યાવસાયિક વિચારધારાના સંદર્ભમાં જાગૃતતા લાવવી.

દિલ્હી યુનિવર્સિટી સંલગ્ન દિલ્હી સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક દ્વારા 16 થી 19 માર્ચ 1981માં આયોજિત ફિલ્ડવર્ક ઇન સોશ્યલ વર્ક એજ્યુકેશન (સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય) વિષય પરના ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામમાં ક્ષેત્રકાર્ય તાલીમ માટેના નીચેના ચોક્કસ હેતુઓ નિર્ધારિત કરવામાં આવેલા છે.

1. જ્ઞાન, કુશળતા અને વલણોના સંદર્ભમાં વ્યાવસાયિક વૃદ્ધિ માટે સુપરવાઇઝરના માર્ગદર્શન હેઠળ આંતરક્રિયાના માધ્યમથી જીવનની સ્થિતિઓ સાથે હેતુપૂર્ણ શીખવાનો અનુભવ પૂરો પાડવો.
2. જ્ઞાન, કુશળતા અને વલણના સંદર્ભમાં વ્યાવસાયિક વૃદ્ધિ માટે વિદ્યાર્થીઓના વલણોનો વિકાસ કરવો.
3. સમાજકાર્યની પદ્ધતિઓના ઉપયોગ અને સંસ્થાકીય કાર્ય દ્વારા જરૂરિયાતમંદોને સહાયતા પૂરી પાડવા માટે જરૂરી કુશળતાઓનો વિદ્યાર્થીમાં વિકાસ કરવો.
4. વિદ્યાર્થીની સૈદ્ધાંતિક જ્ઞાનની પ્રૅક્ટિસ સાથે અનુભવોની અને સૈદ્ધાંતિક જ્ઞાન સાથે અનુબંધ જોડાણ કરવાની ક્ષમતાને મજબૂત બનાવવી.

મૂળભૂત રીતે સમાજકાર્ય ક્ષેત્રકાર્ય તાલીમનો હાર્દ સમાજકાર્ય શિક્ષણ અને સેવાના હેતુઓ પર આધારિત છે. જે જ્ઞાન, કુશળતા અને વલણો સાથે સંબંધિત છે. ક્ષેત્રકાર્યના અનુભવના માધ્યમથી વિદ્યાર્થીઓને નીચેની બાબતો શીખવા મળે છે.

- ✓ સહાયતા-મદદ અને પરિવર્તનની પ્રક્રિયામાં ભાગીદારી.
- ✓ પોતાના અને બીજાઓના પ્રત્યે હકારાત્મક વલણોનો વિકાસ.
- ✓ ટીમવર્ક, આયોજન અને સંગઠનની કુશળતાનો વિકાસ.
- ✓ કટોકટીની સ્થિતિઓમાં ખભેખભા મિલાવીને જવાબદારી વિનાનો અનુભવ.

**અ. તમારી પ્રગતિ ચકાસો**

1. સમાજકાર્ય શિક્ષણમાં વ્યાવહારિક તાલીમની શરૂઆત ક્યાંથી થઈ ગણાય.

   અ. અમેરિકા  બ. આફ્રિકા  ક. ભારત  ડ. એક પણ નહિ

2. સમાજકાર્ય શિક્ષણમાં વ્યાવહારિક તાલીમની શરૂઆત ક્યારથી થઈ ગણાય.

   અ.1950  બ. 2011  ક. 1898  ડ. એક પણ નહિ

3. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય શું નથી.

અ. સૈદ્ધાંતિક જ્ઞાનનો ઉપયોગ કરી અનુભવ મેળવવો

બ. માર્ગદર્શિત આંતરક્રિયાની પ્રક્રિયા

ક. સામાજિક સર્વેક્ષણ ડ. વિદ્યાર્થી કુશળતા શીખે છે.

4. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યનો હેતુ શું છે.

અ. સૈદ્ધાંતિક જ્ઞાનનું વ્યાવહારિક અમલ

બ. સૂક્ષ્મ સ્તરે પરિવર્તન લાવવાની કુશળતાનો વિકાસ

ક. વિદ્યાર્થીનું વલણ સંવેદનશીલ બનાવવું

ડ. આગળના દરેક

5. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય ક્યાં ગોઠવવામાં આવે છે.

અ. ગ્રામીણ વિસ્તારમાં બ. શહેરી સ્લમમાં

ક. બિન સરકારી સંસ્થાઓમાં ડ. આગળના દરેક

6. સમાજકાર્ય શિક્ષણમાં વ્યાવહારિક તાલીમની શરૂઆત કરવાનો શ્રેય કઈ વ્યક્તિને જાય છે.

અ. વિનોબા ભાવે બ. મેરીરીચમંડ ક. લીંડમેન ડ. રોસ

## 1.4 સમાજકાર્ય પારંગતમાં પ્રથમ સત્રના ક્ષેત્રકાર્ય હેતુઓ

1. વિદ્યાર્થી કાર્યકર્તામાં ગ્રામીણ સમુદાયની સામાજિક, આર્થિક, શૈક્ષણિક, આરોગ્ય, રાજકીય, સાંસ્કૃતિક પરિસ્થિતિ અંગેના જ્ઞાનનો વિકાસ કરવો.
2. વિદ્યાર્થી કાર્યકર્તામાં ગ્રામીણ સમુદ્રાના લોકોના વર્તન, વ્યવહાર, આંતરક્રિયાઓની સમજ મેળવતા સંબંધ સ્થાપનનું જ્ઞાન અને કુશળતા વિકસાવવી.
3. વિદ્યાર્થી કાર્યકર્તાએ ગ્રામીણ સમુદાયમાં કાર્યરત સ્થાનિક ઔપચારિક અને અનૌપચારિક સંગઠન, સંસ્થાઓની કામગીરી અને કાર્યપદ્ધતિ અંગેનું જ્ઞાન મેળવવું.
4. વિદ્યાર્થી કાર્યકર્તામાં ગ્રામીણ સમુદાયમાં દશ્ય અને અદશ્ય સમસ્યાઓની ઓળખ, અભ્યાસ કરી તેનું વિશ્લેષણ કરી સમસ્યા ઉકેલની રીતોની શોધ કરવાનું જ્ઞાન અને કુશળતા વિકસાવવી.
5. વિદ્યાર્થી કાર્યકર્તાએ ગ્રામીણ સમુદાયના કલ્યાણ અને વિકાસ માટે કાર્યરત બાહ્ય સરકારી અને બિન સરકારી સંસ્થાઓ/વિભાગોની વિચારધારા, કામગીરી અને કાર્યપદ્ધતિઓનું જ્ઞાન મેળવવું.
6. ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન, સુપરવિઝનનો ઉપયોગ અને મુલાકાત લેવાની કુશળતાઓનો વિકાસ કરવો.
7. ક્ષેત્રકાર્યના માધ્યમથી જીવનભર શીખી શકાય છે તેવી આંતરિક શક્તિનો વિકાસ કરવો.

## 1.5 ગ્રામીણ ક્ષેત્રકાર્ય અભિમુખતા મુલાકાત

સમાજકાર્ય પારંગત અભ્યાસમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ જુદા જુદા અભ્યાસ, વિષય અને વિસ્તારમાંથી આવે છે. આવા સંજોગોમાં વ્યાવસાયિક સમાજકાર્ય અભ્યાસક્રમના પાયા સમાન ક્ષેત્રકાર્ય કેવી રીતે કરવાનું હોય તેનો પરિચય મેળવવો આવશ્યક બની જાય છે. જેની સમજ અને પ્રત્યક્ષ અનુભવ તમને આ ગ્રામીણ સમુદાયની અભિમુખતા મુલાકાત દ્વારા થઈ શકશે.

ભારતમાં વસવાટ કરતી વસ્તીનો મોટો હિસ્સો ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરે છે. એટલે કે ભારતીય પરિસ્થિતિ અનુસાર સમાજકાર્ય કરવા માટે ગામડામાં કાર્યરત થઈ શકે તેવા કાર્યકર તૈયાર કરવા જરૂરી બને છે. તેથી આ અભ્યાસક્રમમાં પણ આપ ગ્રામીણ સમુદાયમાં કામગીરી કરવાનું જ્ઞાન અને કુશળતા મેળવો તે જરૂરી છે. તેથી આપણા અભ્યાસક્રમમાં સત્ર 1 માં ગ્રામીણ સમુદાયમાં ક્ષેત્રકાર્યનું આયોજન

ગોઠવાયું છે.

તમારે ગ્રામીણ સમુદાયની અભિમુખતા મુલાકાત સુપરવાઈઝરની દેખરેખમાં રહીને કરવાની છે. તમારી આ મુલાકાતમાં તેઓ સીધા પણ જોડાઈ શકે છે. આ અભિમુખતા મુલાકાત તમને ગ્રામીણ ક્ષેત્રકાર્ય કરવા માટે પ્રેરણા, ટેકનિક અને ઉત્સાહ વધારવા લાયક બને તેવા પ્રયત્ન કરવા. આ ગ્રામીણ સમુદાય અભિમુખતા મુલાકાત બાદ તમારે નીચે જણાવ્યા પ્રમાણેની માર્ગદર્શિકા મુજબ ગ્રામીણ પ્રોફાઈલનો અહેવાલ લખી જમા કરાવવાનો રહેશે.

### 1.5.1 અભિમુખતા મુલાકાત માર્ગદર્શિકા

**ગ્રામીણ ક્ષેત્રકાર્ય અભિમુખતા મુલાકાત પ્રોફાઈલ માર્ગદર્શિકા**

વિદ્યાર્થીનું નામ :

સુપરવાઈઝરનું નામ :

મુલાકાત તારીખ : વાર : સમય :

1. ગામનું નામ : જિલ્લા મથકથી ગામનું અંતર :

સરનામું :

2. ગામના સરપંચનું નામ :

ગ્રામ પંચાયતના સભ્યોના નામ :

3. ગામની વસ્તી વિષયક માહિતી :

કુલ વસ્તી : સ્ત્રી : પુરુષ : બાળકો :

કુલ કુટુંબો : ગામનું કુટુંબ કદ :

જ્ઞાતિ પ્રમાણે કુટુંબો :

ધર્મ પ્રમાણે કુટુંબો :

4. શૈક્ષણિક માહિતી :

સાક્ષરતા દર; સ્ત્રી : પુરુષ :

ગામમાં શૈક્ષણિક સુવિધાઓની વિગતો : (જેમાં વિદ્યાર્થી સંખ્યા, શિક્ષકોની સંખ્યા, સુવિધાઓ વગેરે.)

- પ્રાથમિક શાળા
- માધ્યમિક શાળા
- ઉચ્ચત્તર માધ્યમિક શાળા
- સ્નાતક

5. આરોગ્ય વિષયક માહિતી :

ગામની સામાન્ય બીમારી :

ગામના મહારોગ :

ગામની કોઈ વિશેષતાને કારણે થતી બીમારી/રોગ :

ગામમાં આરોગ્ય વિષયક સુવિધાઓ :

આંગણવાડી : નર્સબહેન : આશાવર્કર : સબસેન્ટર : પીએચસી :

ગામમાં સ્વચ્છતાની સ્થિતિ

વ્યસનનું પ્રમાણ અને પ્રકાર

6. વ્યવસાયિક માહિતી :

ગામના આજીવિકાના સાધનો :

ખેતીનો વિસ્તાર : સૂકીખેતી : પિયત ખેતી :

ખેતીમાં લેવાતા પાકો;

ગામમાં કઈ જ્ઞાતિ પાસે વધુ જમીન છે :

સૌથી વધુ કઈ જ્ઞાતિના લોકો ખેત મજૂર કે અન્ય મજૂરી કરે છે.

7. ગામમાં અમલીકૃત ગ્રામ વિકાસની યોજનાઓની માહિતી : (દરેક યોજના પ્રમાણે વિગતો મેળવવી)

યોજનાનું નામ :

લાભાર્થી પ્રકાર : પ્રમાણ :

લાભનો પ્રકાર : પ્રમાણ :

## 1.6 ગ્રામીણ ક્ષેત્રકાર્ય ગોઠવણી

### 1.6.1 ક્ષેત્રકાર્ય માટે ગામ પસંદગી :

તમે જ્યારે સમાજકાર્ય પારંગતના દૂરવર્તી અભ્યાસક્રમમાં જોડાવ છો ત્યારે તમારા ક્ષેત્રકાર્યનું ગામ નક્કી કરવું અગત્યનું બની જાય છે. તમારે ક્ષેત્રકાર્ય ગામની પસંદગી માટે મોટાભાગે પોતાના ગામ સિવાયના ગામને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમજ તમારા રહેઠાણ કે વતનથી ક્ષેત્રકાર્ય ગામનું અંતર વધારે ન રહે તેની કાળજી પણ રાખવી જોઈએ. ક્ષેત્રકાર્ય ગામ સુધી પહોંચવાની અગવડતાઓ હોઇ શકે એટલે કે સગવડતાઓ/સુવિધાઓ ઓછી હોય તેવા ગામની ક્ષેત્રકાર્ય તરીકે પસંદગી કરવામાં આવે તો તે વધુ ઉપયુક્ત બની રહેશે. પરંતુ આવી પસંદગી સમયે તમારા રહેઠાણથી દૂર ન હોય તે જોવું. વિદ્યાર્થીને ક્ષેત્રકાર્ય ગામ નક્કી કરવાની નિર્ણય પ્રક્રિયામાં સુપરવાઇઝર ફેસિલીટેશન ભૂમિકાથી તમને મદદરૂપ બનશે.

### 1.6.2 ક્ષેત્રકાર્ય ગામની સાથે પત્રવ્યવહાર

તમારી ક્ષેત્રકાર્ય ગામની પસંદગી નિશ્ચિત થયા બાદ તમારે ઔપચારિક રીતે ક્ષેત્રકાર્ય માટે પત્રવ્યવહાર કરવો. સૌથી મોટો સવાલ આવે કે આ કોઈ એજન્સી કે સંસ્થા વિભાગ નથી તો પત્રવ્યવહાર કોની સાથે કરવો. શાસનની રીતે ગામના પ્રથમ નાગરીક તરીકે ગ્રામ પંચાયતના સરપંચને ગામ માટે જવાબદાર વ્યક્તિ ગણવામાં આવે છે. બંધારણીય રીતે તેને અગત્યનું સ્થાન મળ્યું છે. તેથી ક્ષેત્રકાર્ય ગામની પસંદગી બાદ વિદ્યાર્થીનું નામ, ક્ષેત્રકાર્ય સમયગાળો, સુપરવાઇઝરનું નામ જેવી ઔપચારિક વિગતો સાથે યુનિવર્સિટીના લેટરહેડ પર સરપંચને સંબોધન કરીને પત્રવ્યવહાર કરી ગ્રામ પંચાયતમાં પૂર્વ મંજૂરીની પ્રક્રિયા કરવી. તેમજ સરપંચ પાસેથી પણ તમારે ક્ષેત્રકાર્ય કરવા માટેની મંજૂરી આપતો પત્ર મેળવવો જોઈએ. આ પત્રવ્યવહાર બે વ્યવસ્થા સાથેનું ઔપચારિક જોડાણ છે. તેમજ ક્ષેત્રકાર્ય દરમિયાન આવતી મુશ્કેલીઓના નિવારણરૂપ અટકાયતી કાર્ય તરીકે પણ પત્રવ્યવહાર કરવો અગત્યનો બની રહે છે.

### 1.6.3 ક્ષેત્રકાર્ય માર્ગદર્શન માટે સુપરવિઝન વ્યવસ્થા

સમાજકાર્યમાં ક્ષેત્રકાર્ય એ વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવતું પ્રેક્ટિકલ કામ છે. આ વૈજ્ઞાનિક ઢબે કાર્ય પ્રક્રિયાને પૂર્ણ કરવા માટે તમને ક્ષેત્રકાર્ય અંગેનું સમય-સમય પર માર્ગદર્શન મળી રહે તે માટેની વ્યવસ્થા ઊભી કરવી. જે વ્યવસ્થાને આપણે સુપરવાઇઝર તરીકે ઓળખીએ છીએ. આ સુપરવાઇઝર તરીકે એવા વ્યક્તિની પસંદગી કરવી જેણે સમાજકાર્યની પદવી મેળવેલ હોય, તેમજ તેને સમાજકાર્યના ક્ષેત્રોમાં કામગીરી કરવાનો અનુભવ હોય. આવી વ્યક્તિ તમોને ક્ષેત્રકાર્ય માટે દિશા-નિર્દેશન, પ્રોત્સાહન, મુશ્કેલીઓ- અડચણોને કેવી રીતે હલ કરવી તેનું માર્ગદર્શન આપી વૈજ્ઞાનિક ઢબે વ્યાવસાયિક ક્ષેત્રકાર્ય થાય તેની કાળજી રાખશે. અહીં શબ્દની રીતે સુપરવાઇઝર છે તેથી માત્ર તે તમારા પર દેખરેખ-નિયંત્રણ રાખનાર નથી, પણ તમને મદદ કરનાર છે. તેથી યુનિવર્સિટી દ્વારા સમાજકાર્ય પારંગતના

અભ્યાસક્રમમાં જોડાનાર દરેક વિદ્યાર્થીને પોતાના ક્ષેત્રકાર્યમાં મદદ-માર્ગદર્શન પુરું પાડનાર સુપરવાઇઝરની વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે. આ સુપરવાઇઝરની વ્યવસ્થા તમને સરળતાથી ઉપલબ્ધ બને તેવી કાળજી લેવી જોઈએ. તેમજ એક સુપરવાઇઝરને આઠથી વધુ વિદ્યાર્થીઓનું સુપરવિઝન કરવાનું સોપવું ન જોઈએ. જેથી તે પોતાના સુપરવિઝન કાર્યને ન્યાય આપી શકે. તેમજ તમને સુપરવાઇઝર પાસેથી શીખવાની તક પણ મળતી રહે.

### 1.6.4 ક્ષેત્રકાર્ય અને રિપોર્ટિંગ પદ્ધતિ

સમાજકાર્ય પારંગતમાં જોડાનાર દૂરવર્તી શિક્ષણ મેળવે છે, તેથી એ જરૂરી બની રહે છે કે તેની શિખવાની પદ્ધતિ નિશ્ચિત કરવામાં આવે. જેમાં તમે સૈદ્ધાંતિક જ્ઞાન માટે અઠવાડિક કે પખવાડિક વર્ગખંડ શિક્ષણ મેળવી લો છો. પરંતુ અહીંયા ક્ષેત્રકાર્યની એક પદ્ધતિ નક્કી થાય તે ખૂબ જ જરૂરી બની રહે છે. જેના માટે તમારા સત્ર એકમાં ક્ષેત્રકાર્ય માટે ગામ સુધી જવાનો અને તમારા રહેઠાણ સુધી પહોંચવાનો સમય તેમજ અહેવાલ લેખન સમય બાદ કરતાં ખરા અર્થમાં કામનો સમય નક્કી કરવો જરૂરી છે. જેના માટે તમારે સત્ર દરમિયાન ગામમાં 150 કલાકો ક્ષેત્રકાર્ય કરવાનું રહેશે. આ કલાકોની પૂર્તિ કરવી તે તમારા ક્ષેત્રકાર્ય મૂલ્યાંકન માટે જરૂરી બને છે. આપના કામ/નોકરી વગેરેમાંથી અનુકુળતા પ્રમાણે તમારે આ સમયની જોગવાઈ કરવી જરૂરી બને છે. યુનિવર્સિટી દ્વારા તમને કોઈ નક્કી વાર, સમય કહેવામાં આવતો નથી. પરંતુ તમારા સમયની અનુકૂળતા અનુસાર તમે જાતે જ તમારું સમયપત્રક બનાવો તે જરૂરી છે. આ સમયપત્રક અંગેની ચર્ચા તમારે તમારા ક્ષેત્રકાર્ય સુપરવાઇઝર સાથે કરી લેવી આવશ્યક બની રહે છે. જેથી તમને મદદ-માર્ગદર્શન-દેખરેખ-નિયંત્રણની કામગીરી માટે તેઓ પણ એક સમયપત્રક બનાવી શકે. તે પ્રમાણે ક્ષેત્રકાર્યની પદ્ધતિ નિશ્ચિત કરવામાં આવે તો એક વૈજ્ઞાનિક ઢબે આ ક્ષેત્રકાર્ય કરી શકાય.

ગ્રામીણ ક્ષેત્રકાર્યની સાથે તમારા દ્વારા કરવામાં આવતી કામગીરી અંગેનું લખાણ/દસ્તાવેજ થવું એ પણ એટલું જ જરૂરી છે. સામાન્ય રીતે આ અહેવાલ લેખનમાં ક્ષેત્ર ડાયરી, દૈનિક અહેવાલ, અઠવાડિક અહેવાલ, પખવાડિક અહેવાલ અને સત્રાંત અહેવાલ વગેરેનું અલગ-અલગ ભાગોમાં રિપોર્ટિંગ કરવામાં આવતું હોય છે. દૂરવર્તી અભ્યાસક્રમમાં આગળ નક્કી કરવામાં આવેલા કલાકો પ્રમાણે તમારો અહેવાલ લખાય તે જરૂરી બને છે. વિદ્યાર્થી અને સુપરવાઇઝરના સહિયારા પ્રયાસથી બનાવેલ ક્ષેત્રકાર્ય સમયપત્રક પ્રમાણે મોટાભાગે દૈનિક કે કલાકો અને સત્રાંત અહેવાલ લેખન પદ્ધતિ (જેના અંગે વિસ્તૃત આગળના એકમ 2માંથી વિગતો મળશે.) યોગ્ય રહે છે. સામાન્ય રીતે એવું કહી શકાય કે તમારે ક્ષેત્રકાર્ય કલાકોનો હિસાબ અહેવાલ લેખન સ્વરૂપમાં આપવાનો રહેશે. આ અહેવાલ લેખન નિયમિતપણે સુપરવાઇઝરને જમા કરાવવું. સુપરવાઇઝર સુધી આ અહેવાલ લેખન કેવી રીતે નિયમિત મળશે તેની પદ્ધતિ કે પ્રક્રિયા નક્કી કરવાનું કાર્ય તમારે સુપરવાઇઝર સાથે મળીને નક્કી કરવું. સુપરવાઇઝરે આ અહેવાલની ચકાસણી બાદ તેમાં રહેલી ખામીઓ-મર્યાદાઓ-ભૂલો દૂર કરવાનું માર્ગદર્શન આપવું અને વધુ સારા અહેવાલ લેખન માટે તમને સતત પ્રોત્સાહિત કરવાની ભૂમિકામાં રહીને મૂલ્યાંકન કામગીરી કરવી.

### બ. તમારી પ્રગતિ ચકાસો

1. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની પ્રક્રિયાને વૈજ્ઞાનિક ઢબે શીખવા માટે કોની આવશ્યકતા મહત્ત્વની બની રહે છે.

   અ. સમાજકાર્યનું શિક્ષણ અને તાલીમ મેળવેલ સુપરવાઇઝર

   બ. કોઈપણ અનુભવી સુપરવાઇઝર

   ક. સમાજસેવાનું જ્ઞાન ધરાવનાર સુપરવાઇઝર

   ડ. એક પણ નહિ

2. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય માટે કોનું હોવું પ્રાથમિક જરૂરિયાત છે.

   અ. વિદ્યાર્થી    બ. સુપરવાઇઝર    ક. ક્ષેત્ર    ડ. ત્રણેય

3. સત્ર એકના ગ્રામીણ ક્ષેત્રકાર્યના માધ્યમથી વિદ્યાર્થીમાં કઈ આંતરિક શક્તિનો વિકાસ કરવાનો હેતુ છે.

અ. સંદેશાવ્યવહાર | બ. જીવનભર ક્ષેત્રકાર્યથી શીખી શકાય
ક. સમસ્યાઓની ઓળખ | ડ. એક પણ નહિ

4. દૂરવર્તી અભ્યાસક્રમમાં વિદ્યાર્થીએ ક્ષેત્રકાર્યનું ગામ પસંદગી કરતી વખતે શું કાળજી રાખવી.

અ. પોતાના ગામ સિવાયનું ગામ | બ. ગામ જવાનું અંતર વધુ ન હોય
ક. સુવિધાઓનું પ્રમાણ ઓછું હોય | ડ. આગળના દરેક

5. પસંદગી કરેલ ક્ષેત્રકાર્ય ગામમાં કોની સાથે મંજૂરી માટે પત્ર વ્યવહાર કરવો યોગ્ય ગણાય.

અ. ગામ આગેવાન | બ. ઉપસરપંચ
ક. સરપંચ | ડ. તલાટી કમ મંત્રી

6. સમાજકાર્ય સત્ર એકમાં તમારે કેટલા કલાક ક્ષેત્રકાર્ય કરવાનું છે.

અ. 150 બ. 200 ક. 300 ડ. 175

7. તમારે ક્ષેત્રકાર્ય માટે કેવા પ્રકારના અહેવાલ બનાવવા છે.

અ. દૈનિક કે કલાકો આધારિત અને સત્રાંત અહેવાલ

બ. પખવાડિક અને સત્રાંત અહેવાલ

ક. અઠવાડિક અને સત્રાંત અહેવાલ

ડ. એક પણ નહિ

8. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એ શું છે.

અ. પ્રયોગશાળા | બ. જીવાતા જીવન સાથે શીખવાની પ્રક્રિયા
ક. સામાજિક પ્રયોગશાળા | ડ. બ અને ક

9. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યના સુપરવાઇઝરની શું ભૂમિકા હોય છે.

અ. માર્ગદર્શક | બ. પ્રોત્સાહક
ક. દિશા-નિર્દેશક | ડ. આગળના દરેક

## 1.7 સારાંશ

આ એકમમાં તમે સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય અને તમારા પ્રથમ સત્ર ક્ષેત્રકાર્ય સેટિંગનો પરિચય કર્યો. જે અંતર્ગત સમાજકાર્યમાં વ્યાવહારિક તાલીમની શરૂઆત કોણે અને કેવી રીતે કરી તેની જાણકારી મેળવી. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યનો ખ્યાલ અને વિભાવના સમજતા તેના હેતુઓની સમજ મેળવી. સમાજકાર્ય હેતુઓ સાથે તમારા સત્ર એકના ક્ષેત્રકાર્ય હેતુઓનું જોડાણ જોયું. ઉપરાંત તમે સુપરવાઇઝરની સાથે રહીને ક્ષેત્રકાર્ય ગામની અભિમુખતા મુલાકાત કરી અહેવાલ જમા કરાવ્યો. ક્ષેત્રકાર્ય ગામની પસંદગીની પ્રક્રિયા, રાખવાની કાળજી, સુપરવાઇઝર સાથે રહીને રિપોર્ટિંગની પદ્ધતિ કેવી રીતે ગોઠવવી વગેરે જેવી બાબતોથી અવગત થયા.

## 1.8 શબ્દાર્થ

**ક્ષેત્રકાર્ય** : ક્ષેત્રકાર્ય એ જાતે કામ કરીને શીખવાની પ્રક્રિયા છે, જ્યાં સૈદ્ધાંતિક જ્ઞાનની વ્યવહારિક સ્થિતિમાં ચકાસણી કરવાની છે. વ્યાવસાયિક શિક્ષણમાં માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન કરતાં ક્ષેત્રકાર્ય પર વધુ ભાર મુકવામાં આવે છે.

**સુપરવાઇઝર** : સુપરવાઇઝર એટલે એવી વ્યક્તિ જે વિદ્યાર્થીને ક્ષેત્રકાર્ય માટે દિશા-નિર્દેશન, પ્રોત્સાહન, મુશ્કેલીઓ- અડચણોને કેવી રીતે હલ કરવી તેનું માર્ગદર્શન આપી વૈજ્ઞાનિક રીતે વ્યાવસાયિક ઢબે ક્ષેત્રકાર્ય કરવામાં મદદરૂપ બને છે.

**અભિમુખતા** : અભિમુખતા એટલે કોઈપણ કાર્યની શરૂઆત કરતાં પહેલાં તે કાર્ય વિશે પ્રાથમિક પરિચય અને ટેકનિકની સમજ આપવામાં આવે છે.

**એકમ અભ્યાસ** : અમુક કિસ્સો કે એકમની ઊંડાણપૂર્વકની તપાસણી, અમુક એક કિસ્સાનો સંપૂર્ણપણે પૃથક્કરણ કરતો એક સંશોધનનો અભિગમ છે.

## 1.9 સ્વાધ્યાય

ક્ષેત્રકાર્ય ગામની અભિમુખતા મુલાકાત કરી તેની જાણકારી મેળવવી, મુલાકાત માર્ગદર્શિકા મુજબ ગ્રામીણ પ્રોફાઈલનો સ્વાધ્યાય જમા કરાવવો.

## 1.10 પ્રવૃત્તિ

તમારા દ્વારા છેલ્લા છ મહિનામાં શિક્ષણના કે તમારા વિકાસના ભાગ તરીકે લીધેલ મુલાકાતની નોંધ કરો. મુલાકાત અંગેનો તમારો દૃષ્ટિકોણ, શું જાણકારી મળી, કઈ કુશળતાઓનો ઉપયોગ કર્યો તેની વિગતોને સ્થાન આપો. આની ચર્ચા તમારા સુપરવાઈઝર સાથે કરવી જોઈએ.

## 1.11 વ્યક્તિ અભ્યાસ

ક્ષેત્રકાર્ય માટે લીધેલ અભિમુખતા મુલાકાતમાં તમે ગામ વિશેની ચોક્કસ સંશોધન જાણકારી કેવી રીતે મેળવી તેનો સમાવેશ કરવો.

## 1.12 સંદર્ભગ્રંથ

Subherdar, I.S., (Reprinted-2009), Fieldwork Training in Social Work, Rawat Publications, Jaipur.

Singh, R.R. (Edited-1985), Field Work in Social Work Education- A Perspective for human service professions, Concept Publication Company, New Delhi.

Srinivas, M.N. (1983), The Fieldworkers and the field, Oxford University press, Delhi.

## 1.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

તમારી પ્રગતિ ચકાસો (અ.) 1. અ.અમરિકા 2. ક.1898 3. ક.સામાજિક સર્વેક્ષણ 4. ડ.આગળના દરેક 5. ડ.આગળના દરેક 6. બ.મેરીરીચમંડ (બ.) 1. અ.સમાજકાર્યનું શિક્ષણ અને તાલીમ મેળવેલ સુપરવાઈઝર 2. ડ.ત્રણેય 3.બ.જીવનભર ક્ષેત્રકાર્યથી શીખી શકાય 4. ડ.આગળના દરેક 5. ક.સરપંચ 6. અ.150 7. અ.દૈનિક કે કલાકો આધારિત અને સત્રાંત અહેવાલ 8. ડ. બ અને ક 9. ડ.આગળના દરેક

| એકમ–2 | ગ્રામીણ ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ, સુપરવિઝન, અહેવાલ લેખન અને મૂલ્યાંકન |
|---|---|

# એકમ–2 ગ્રામીણ ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ, સુપરવિઝન, અહેવાલ લેખન અને મૂલ્યાંકન

: રૂપરેખા :


2.1 ઉદ્દેશો

2.2 પ્રસ્તાવના

2.3 ક્ષેત્રકાર્ય દરમિયાન ઉપયોગી પ્રયુક્તિઓ અને સમાજકાર્યનું જ્ઞાન

2.4 ક્ષેત્રકાર્યમાં સુપરવિઝન

2.5 ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન

2.6 ક્ષેત્રકાર્ય મૂલ્યાંકન

2.7 ક્ષેત્રકાર્ય માટેની સૂચનાઓ

2.8 સારાંશ

2.9 શબ્દાર્થ

2.10 સ્વાધ્યાય

2.11 પ્રવૃત્તિ

2.12 એકમ અભ્યાસ

2.13 સંદર્ભગ્રંથ

2.14 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 2.1 ઉદ્દેશો

આ એકમમાં અમે સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ, સુપરવિઝન અને અહેવાલ લેખનની ચર્ચા કરી છે. આ એકમનો અભ્યાસ અને પ્રત્યક્ષકાર્ય કર્યા બાદ તમે-

- સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓની જાણકારી અને ઉપયોગ સમયે ધ્યાનમાં રાખવાની બાબતોથી માહિતગાર થશો.
- ક્ષેત્રકાર્યમાં સમાજકાર્યના કયા જ્ઞાનનો ઉપયોગ કરવો તેની જાણકારી મળશે.
- સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય સુપરવિઝનના હેતુઓ, કાર્યો અને પદ્ધતિઓની સમજ મળશે.
- તમારા સત્ર એકના ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનની પદ્ધતિઓ અને માળખાની સમજ મળશે.
- ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનના હેતુઓ, પદ્ધતિ અને ધ્યાનમાં રાખવાની બાબતોની જાણકારી મળશે.
- ગામમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે ધ્યાનમાં રાખવાની બાબતો સહિત ક્ષેત્રકાર્યની સૂચનાઓની જાણકારી મળશે.

## 2.2 પ્રસ્તાવના

આ એકમ તમને સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ, સુપરવિઝન, અહેવાલ લેખન અને ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનનો પરિચય કરાવે છે. તમારે ક્ષેત્રકાર્ય ગામમાં જઈને કરવાની કામગીરી કે પ્રવૃત્તિ માટે કઈ પ્રયુક્તિઓનો ઉપયોગ કરી શકાય તે બાબતોને ધ્યાને લઈને જાણકારી આપી છે. જેમાં તમારે ક્ષેત્રકાર્ય ગામમાં મુલાકાત, નિરીક્ષણ, જૂથચર્ચા અને સહભાગી ગ્રામીણ ચકાસણીની પ્રાથમિક જાણકારી આપી છે. વધુ જાણકારી ઉપયોગી પુસ્તકોની યાદીમાંથી મેળવવી. સમાજકાર્ય પારંગત સત્ર 1 અભ્યાસક્રમ અનુસાર સમાજકાર્યનું જ્ઞાન જેવું કે મૂલ્યો, સિદ્ધાંતો, પ્રક્રિયા, ભૂમિકા અને કુશળતાઓનો ઉપયોગ

ક્ષેત્રકાર્યમાં કરવાનો હોવાથી તેની જાણકારી આપી છે. ક્ષેત્રકાર્યમાં તમારી શીખવાની પ્રક્રિયાને અસરકારક બનાવનાર વ્યવસ્થા સુપરવિઝનના હેતુઓ, કાર્યો અને પદ્ધતિઓની સમજ આપવામાં આવી છે.

ક્ષેત્રકાર્યની કામગીરી કે પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ કરવું એ પણ સમાજકાર્ય શિક્ષણનો ભાગ છે. જે તમને વધુ અસરકારક બનાવે છે. આ દસ્તાવેજીકરણમાં દૈનિક કે કલાકો પ્રમાણેનો અહેવાલ લેખન અને સત્રના અંતે સત્રાંત અહેવાલ લેખનની સમજ તથા માળખું આપવામાં આવ્યું છે. સત્રના અંતે કરવામાં આવતા ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનના હેતુઓ, પદ્ધતિઓ અને તેમાં રાખવાની કાળજીની સમજ આપવામાં આવી છે. ઉપરાંત આ એકમમાં ગામમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે સમાજકાર્યની આચારસંહિતાને ધ્યાનમાં રાખવાની સૂચનાઓ આપવામાં આવી છે. જેનો તમારે ક્ષેત્રકાર્યમાં પ્રત્યક્ષકાર્ય સમયે ઉપયોગ કરવાનો છે.

## 2.3 ક્ષેત્રકાર્ય દરમિયાન ઉપયોગી પ્રયુક્તિઓ અને સમાજકાર્યનું જ્ઞાન

ક્ષેત્રકાર્ય ગામમાં જઈને કરવાની કામગીરી કે પ્રવૃત્તિઓ માટે કેવી પ્રયુક્તિઓ હોઈ શકે, તેમાં સમાજકાર્યના કયા જ્ઞાનને જોડીને પ્રત્યક્ષકાર્ય કરવું તેની જાણકારી આ મુદ્દામાં આપવામાં આવી છે. જેમાં તમને મુલાકાતની પ્રયુક્તિઓ, સહભાગી ગ્રામીણ ચકાસણીની પ્રયુક્તિઓ અને સમાજકાર્યના મૂલ્યો, સિદ્ધાંતો, ભૂમિકા, સમસ્યા ઓળખની પ્રક્રિયા અને કુશળતાઓ અંગેની જાણકારી મળશે.

### 2.3.1 મુલાકાત

મુલાકાત એ ચોક્કસ પ્રકારની માહિતી એકત્ર કરવા માટે બે વ્યક્તિઓ વચ્ચે રૂબરૂ વાર્તાલાપ છે. મુલાકાત લેનાર અને આપનાર વચ્ચે સ્થપાતા સંબંધની ગુણવત્તા પર મુલાકાતની સફળતાનો આધાર છે. તેથી તમારે સમાજકાર્યના સંબંધ સ્થાપન સિદ્ધાંતને અમલમાં મૂકી શકાય તે રીતે મુલાકાત આયોજન ગોઠવવું જોઈએ. ક્ષેત્રકાર્યના હેતુઓના સંદર્ભમાં મુલાકાતને પ્રશ્નોના આધારે બે પ્રકાર પાડી શકાય.

**1. રચિત મુલાકાત :** રચિતમુલાકાત અગાઉથી પ્રમાણભૂત થયેલા ચોક્કસ પ્રશ્નો લઈને મુલાકાત દ્વારા માહિતી મેળવવામાં આવે છે. આ પ્રકારની મુલાકાતમાં સમગ્રદોર તમારા હાથમાં હોય છે. આ પ્રકારની મુલાકાત દ્વારા તમને જે પ્રકારની માહિતી જોઈએ છે તે મળે છે. તેમજ તેનું પૃથક્કરણ અને અર્થઘટન કાર્ય સરળ બને છે.

**2. અરચિતમુલાકાત :** અહીંયા તમારે પરિસ્થિતિ અને માહિતી આપનારને ધ્યાનમાં રાખીને મુલાકાત પ્રશ્નોમાં બાંધછોડ કરવાની છે. પરિસ્થિતિ પ્રમાણેનું અનુકુલન સાધવું એ આ મુલાકાતનું લક્ષણ છે. અણધારી મળતી માહિતીને સ્પષ્ટ કરવા માટે બીજા પૂરક પ્રશ્નો યોજી શકાય છે. તેથી સમાજકાર્ય ક્ષેત્રકાર્યમાં સામાન્ય રીતે આ પ્રકારને વધુ પસંદ કરવામાં આવે છે. જેનાથી ગુણાત્મક પ્રકારની અને પરિસ્થિતિને વધુ સ્પષ્ટ કરતી જાણકારી પ્રાપ્ત થાય છે.

**મુલાકાત સમયે ધ્યાનમાં રાખવાની બાબતો :**

1. ક્ષેત્રકાર્યમાં મુલાકાતનો હેતુ અને કેવી જાણકારી મેળવવાની છે તે પ્રથમ સ્પષ્ટ કરી લેવું જોઈએ.
2. ક્ષેત્રકાર્યના હેતુઓ અનુરૂપ મુલાકાતનો પ્રકાર અને મુલાકાત નક્કી કરવી જોઈએ.
3. જરૂરી માહિતી વ્યવસ્થિત રીતે મળે તે માટે સ્પષ્ટ રૂપરેખા તૈયાર કરવી.
4. પૂર્વ સંમતિથી અને મુલાકાત આપનારની સગવડ પ્રમાણે મુલાકાતનો સમય ગોઠવવો જોઈએ.
5. પ્રાપ્ત માહિતીની નોંધ કઈ રીતે લેવાની છે, તે અંગેની પૂરતી પૂર્વતૈયારી કરી લેવી જોઈએ.
6. માહિતી આપનારનો સહકાર અને વિશ્વાસ પ્રાપ્ત કરતાં તેની સાથે તાદાત્મ્ય કેળવવું.
7. માહિતી આપનારને શાંતિથી અને રસપૂર્વક સાંભળવા જોઈએ.
8. સામાન્ય જાણકારીથી શરૂઆત કરીને પછી અઘરી જાણકારી મેળવવી જોઈએ.
9. મુલાકાત આપનારને કંટાળો લાગે ત્યારે મુલાકાત પડતી મૂકવી જોઈએ.

### 2.3.3 નિરીક્ષણ

નિરીક્ષણ એ વસ્તુ, વ્યક્તિ કે પરીસ્થિતિ વિશેની માહિતી મેળવવાની પ્રક્રિયા છે. વાસ્તવિક ઘટના કે પરિસ્થિતિ સમગ્રપણે નિકટથી અને હેતુપૂર્વક જોવી તે નિરીક્ષણ કહેવાય. આ નિરીક્ષણના બે પ્રકાર 1. સહભાગી નિરીક્ષણ 2. અસહભાગી નિરીક્ષણ.

સહભાગી નિરીક્ષણમાં તમારે ગામમાં લોકો સાથે ભળી જઈને કે તેમની પ્રવૃત્તિઓમાં સહભાગી બનીને નિરીક્ષણ કરવાનું છે. આમાં તમારે ગામના સભ્ય તરીકે અને ક્ષેત્રકાર્યના વિદ્યાર્થી એમ બે ભૂમિકા ભજવવાની છે. અસહભાગી નિરીક્ષણ તમને ગામમાં બનતી ઘટનાઓ, બનાવો, ભૌતિક પરીસ્થિતિ, જન્મ, લગ્ન, મરણની વિધિઓ વગેરેની જાણકારી મેળવવામાં મદદરૂપ થાય છે. ક્ષેત્રકાર્ય દરમિયાન તમારે કેટલીક પરિસ્થિતિમાં સહભાગી તો ક્યારેક અસહભાગી નિરીક્ષણની મદદથી ગામની પરિસ્થિતિ અને જરૂરી જાણકારી-સમજ મેળવવી.

### 2.3.4 સહભાગી ગ્રામીણ ચકાસણીની પદ્ધતિઓ

સહભાગી ગ્રામીણ ચકાસણી(PRA)થી સ્થાનિક લોકો પોતાના જીવનના અનુભવો, જ્ઞાન અને પરિસ્થિતિ વિશેની સમજણને એકબીજા સાથે ચર્ચા વિચરણા કરી, તેમાં સુધારા-વધારા કે પરિવર્તન લાવવાની કાર્યક્ષમતાને સારી રીતે ઓળખતા થાય છે. અહીંયા તમારે ક્ષેત્રકાર્ય ગામમાં પીઆરએના માધ્યમથી લોકોને પોતાના ગામનો ઉપરોક્ત મુજબના મુદ્દાઓથી પરિચય કરાવતા તમારે પરિચય મેળવવાનો છે. સમાજકાર્ય ક્ષેત્રકાર્ય વૃતાંતના એકમ 3 અને 4માં અપાયેલી જાણકારી અને સમજને મેળવવામાં પીઆરએની નીચેની મુજબની પદ્ધતિઓ ઉપયોગી બનશે.

1. સહભાગી નકશા બનાવવા (Mapping)
2. દિનચર્યા (Daily work)
3. સમયરેખા (Timeline)
4. ઋતુચક્ર (Seasonal cycle)
5. ગુણાંકન અને અગ્રતાક્રમ (ranking and matrix)
6. ગોળ રેખાકૃતિ (pie chart/ chapatti diagram)
7. સંપતિ અથવા સુખાકારીનો નિશ્ચિત ક્રમ (Wealth ranking)
8. વેન રેખાકૃતિ (Venn diagram)
9. જોડાણ દર્શાવતી રેખાકૃતિ (Linkage diagram)
10. ઐતિહાસિક અવલોકન (historical diagram)
11. પદચલન (Transect walk)

પીઆરએની પ્રક્રિયા સમયે ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો

1. આરામપ્રદ સ્થળ અને સમયની પસંદગી કરો, જરૂરી સાધન સામગ્રી સાથે રાખો.
2. બધા લોકો/જૂથો પ્રક્રિયામાં જોડાય તેવા પ્રયત્નો કરો અને પ્રક્રિયા સતત ગતિશીલ રહે તે માટે પ્રયત્નશીલ રહો.
3. લોકોને પોતાની વાત કહેવાની તક અને સમય આપતા સતત અવલોકન કરતાં રહો.
4. લોકો પાસેથી અને લોકો સાથે રહી શીખવું તેમજ લોકોને પ્રક્રિયાની જવાબદારી, સત્તા, અધિકાર સોંપવા.
5. લોકોની સાથે વિશ્વસનીય વાતાવરણ ઊભું કરતાં તેઓ કરી શકે છે તેવું આશ્વાસન, પ્રોત્સાહન અને વિશ્વાસ આપતા રહો.
6. પીઆરએ માટે એક ટીમ બનાવો અને ટીમની મદદથી જ પીઆરએ કરવો.
7. પ્રક્રિયાનું વિગતવાર દસ્તાવેજીકરણ કરવું.

### 2.3.3 સત્ર 1માં ક્ષેત્રકાર્યમાં સમાજકાર્ય જ્ઞાનનો ઉપયોગ

તમે સમાજકાર્ય પારંગત સત્ર 1માં સમાજકાર્યની વિચારધારા કોર્સનો અભ્યાસ કરો છો. આ કોર્સમાં જણાવેલ સમાજકાર્યના જ્ઞાનનો ઉપયોગ તમારે તમારા ક્ષેત્રકાર્યમાં કરવાનો છે. જે અંગે નીચેના કોષ્ટકની જાણકારી ઉપયોગી બનશે.

| **સમાજકાર્યના મૂલ્યો** | **સમાજકાર્યની કુશળતાઓ** |
|---|---|
| 1. પ્રત્યેક વ્યક્તિ મૂલ્યવાન છે તેનું ગૌરવ થવું જોઈએ. | 1. સંબંધ સ્થાપન કુશળતા |
| 2. સામાજિક ન્યાય | 2. શરૂઆતનો હેતુ વર્ણવવાની કુશળતા |
| 3. સમાજકલ્યાણમાં વ્યક્તિની જવાબદારી | 3. પ્રશ્ન પૂછવાની કુશળતા |
| 4. લોકશાહી મૂલ્યો | 4. સ્પષ્ટતા મેળવવાની કુશળતા |
| **સમાજકાર્યના સિદ્ધાંતો** | 5. લાગણીને પ્રતિબિંબિત કરવાની કુશળતા |
| 1. સ્વીકૃતિનો સિદ્ધાંત | 6. વર્ણનાત્મક માહિતીને આયોજિત કરવાની કુશળતા |
| 2. વૈયક્તિકીકરણનો સિદ્ધાંત | 7. કામચલાઉ આકારણી કરવાની કુશળતા |
| 3. પ્રત્યાયન | 8. મુદ્દો/સમસ્યાને પ્રતિબિંબિત કરવી |
| 4. ગોપનીયતા | 9. સમસ્યાને ઓળખવાની કુશળતા |
| **સમસ્યા ઓળખની પ્રક્રિયા** | 10. મૂલ્યાંકનની કુશળતા |
| નિરીક્ષણ | 11. પ્રત્યાયનની કુશળતા |
| મુલાકાત | 12. મુલાકાતની કુશળતા |
| ચર્ચા | 13. અહેવાલ લેખનની કુશળતા |
| અભ્યાસ | **સમાજકાર્યની ભૂમિકા** |
| | 1. સઘન સંપર્કની ભૂમિકા |
| | 2. સંશોધકની ભૂમિકા |

**તમારી પ્રગતિ ચકાસો (અ.)**

1. ક્ષેત્રકાર્ય ગામમાં મુલાકાતથી અસરકારક જાણકારી અને સમજ મેળવવા નીચેનામાંથી સમાજકાર્યનો કયો સિદ્ધાંત ઉપયોગી બનશે.

   અ. સંબંધ સ્થાપન    બ. વૈયક્તિકીકરણનો સિદ્ધાંત

   ક. બંને    ડ. એકપણ નહિ

2. PRAનું પૂરુંનામ નીચેનામાંથી કયું છે.

   અ. સહભાગી ગ્રામીણ જાગૃતિ    બ. સહભાગી ગ્રામીણ ચકાસણી

   ક. લોક ગ્રામીણ ચકાસણી    ડ. સહભાગી પરિણામ ચકાસણી

3. PRA નીચેનામાંથી શું છે.

   અ. લોક જાગૃતિની પદ્ધતિ    બ. લોકોને ઉપયોગી થવાની રીત

   ક. લોકોની પરીક્ષા લેવાની પદ્ધતિ    ડ. લોકો સાથે રહીને શીખવાની પ્રક્રિયા

4. ક્ષેત્રકાર્ય ગામમાં લોકો પાસેથી જાણકારી અને સમજ મેળવવા વિદ્યાર્થી પાસે નીચેનામાંથી કઈ કુશળતા હોવી જોઈએ.

   અ. શરૂઆતનો હેતુ વર્ણવવાની    બ. પ્રશ્ન પૂછવાની

   ક. પ્રત્યાયન    ડ. આગળના દરેક

5. ક્ષેત્રકાર્યમાં મુલાકાત સમયે ધ્યાનમાં રાખવાની મહત્ત્વની પાંચ બાબતો જણાવો.

6. PRAની પદ્ધતિઓ જણાવો.

7. સમાજકાર્યની સત્ર 1 ના ક્ષેત્રકાર્યમાં ઉપયોગી કુશળતાઓ જણાવો.

## 2.4 ક્ષેત્રકાર્યમાં સુપરવિઝન

ક્ષેત્રકાર્ય સુપરવિઝન તમને સૈદ્ધાંતિક અને વ્યાવહારિક જ્ઞાન સુગ્રતિત કરવાનું શિક્ષણ આપે છે. તમારા માટે એવું વાતારણ ઊભું કરે છે જ્યાં તમે વ્યાવસાયિક સમાજકાર્યની કુશળતાઓ શીખો છો. સુપરવિઝન એક પરંપરાગત પદ્ધતિ છે, જેમાં સમાજકાર્ય જ્ઞાન અને કુશળતાઓનું તાલીમબદ્ધથી બિનતાલીમી અને અનુભવીથી બિનઅનુભવી વિદ્યાર્થી અને સમાજ કાર્યકર વચ્ચે રૂપાંતરણ થાય છે. સમાજકાર્ય ક્ષેત્રકાર્ય તાલીમ સુપરવિઝનની શરૂઆત અભિમુખતા કાર્યક્રમથી સત્રના અંત સુધી હોય છે.

### 2.4.1 ક્ષેત્રકાર્ય સુપરવિઝન હેતુઓ

1. વિદ્યાર્થીને સમાજકાર્ય ક્ષેત્રકાર્ય સત્ર 1ના હેતુઓ પ્રમાણે શીખવાની પ્રક્રિયામાં મદદ કરવી.
2. વિદ્યાર્થીમાં વ્યાવસાયિક વલણ અને કુશળતાઓનો વિકાસ કરવામાં મદદ કરવી.
3. વિદ્યાર્થીઓના ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનનું યોગ્ય મૂલ્યાંકન કરી દસ્તાવેજીકરણની કુશળતા વિકસાવવી.
4. વિદ્યાર્થીને ક્ષેત્રકાર્ય દરમિયાન પડતી મુશ્કેલીઓમાં સાથે રહીને માર્ગદર્શન આપી નિવારણમાં મદદ કરવી.
5. વિદ્યાર્થીમાં ક્ષેત્રકાર્ય સંબંધિત સામાજિક સમસ્યાઓ અને વિકાસ પ્રત્યેનો દૃષ્ટિકોણ અને રસરુચિ કેળવવી.
6. વિદ્યાર્થી પોતાની તાકાત, તકો, મર્યાદાઓ અને પડકારોથી જાગૃત થઈ પોતાની જાતનું મૂલ્યાંકનકર્તા બને તેવી મદદ કરવી.

### 2.4.2 ક્ષેત્રકાર્ય સુપરવિઝનના કાર્યો

વિદ્યાર્થી વ્યાવહારિક પરિસ્થિતિમાં સમાજકાર્ય સૈદ્ધાંતિક જ્ઞાન અને ક્ષેત્રકાર્યને જોડી શકે તેવું વાતવરણ ઊભું કરવું. વિદ્યાર્થી પોતાના ક્ષેત્રકાર્ય ગામ વિશેની ઉંડાણથી જાણકારી અને સમજ મેળવે તેમાં મદદ કરવાના પ્રયાસોનો સમાવેશ કરી શકાય. આ પ્રયાસોને સુપરવિઝનના નીચે મુજબના ચાર તબક્કાઓમાં વહેંચી શકાય.

1. **અભિમુખતાનો તબક્કો (Orientation phase) :** સુપરવિઝનના આ તબક્કામાં તમને ક્ષેત્રકાર્ય કેવી રીતે કરવું, શું કરવાનું છે, તેની પ્રાથમિક સમજ અને નિદર્શન કરી અભિમુખ કરવામાં આવશે.
2. **ક્ષેત્રકાર્ય શરૂઆતનો તબક્કો (Induction phase) :** અહીંયા સુપરવાઇઝર તમને ક્ષેત્રકાર્ય ગામ અને તેની પરીસ્થિતિની સમજ આપે છે. વિદ્યાર્થીને ક્ષેત્રકાર્ય સંબંધિત ભૂમિકા અને કામગીરીથી આવગત કરાવે છે. ઉપરાંત અહેવાલ લેખન સંબંધી માર્ગદર્શન આપે છે.
3. **અમલીકરણ તબક્કો (Implementation phase) :** પ્રત્યક્ષકાર્ય શીખવાનું, ક્ષેત્રકાર્ય દરમિયાન આવતી મુશ્કેલીઓના નિવારણ માટે સાથે રહીને મદદ કરવી. તમારા ક્ષેત્રકાર્યના અનુભવોનું વિશ્લેષણ અને તેના આધારિત સમજ વિકસાવવા મદદ કરવી. જરૂર જણાય તો તમારા ક્ષેત્રકાર્યની સીધી મુલાકાત લઈને ક્ષેત્રકાર્ય કામગીરી અને સૈદ્ધાંતિક બાબતોને અમલમાં મુકવવાનું શીખવવું.
4. **મૂલ્યાંકન તબક્કો (Evaluation Phase) :** ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનની પદ્ધતિ નક્કી કરવામાં અને ક્ષેત્રકાર્ય અમલીકરણ સમયે સતત મૂલ્યાંકન કરવામાં મદદ કરવી. ક્ષેત્રકાર્ય સંબંધિત જરૂરી અહેવાલ, દસ્તાવેજોનું મૂલ્યાંકન કરે છે તેમજ યુનિવર્સિટી દ્વારા લેવાતી બાહ્ય પરીક્ષામાં મદદ કરે છે.

### 2.4.3 ક્ષેત્રકાર્ય સુપરવિઝન પદ્ધતિઓ

ક્ષેત્રકાર્ય પ્રક્રિયા દરમિયાન સુપરવિઝન દ્વારા વિદ્યાર્થીમાં વ્યાવસાયિક વલણ, જ્ઞાન, કુશળતાનો વિકાસ થાય તેના માટે જુદીજુદી ટેકનીક અને પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ ટેકનીક અને પદ્ધતિના માધ્યમથી ક્ષેત્રકાર્યના ધ્યેય સુધી પહોંચી શકાય છે. આ પદ્ધતિઓ સુપરવિઝન કાર્ય આધારિત છે. જે સુપરવિઝનની પ્રક્રિયા દરમિયાન કરવામાં છે. સુપરવિઝનની પદ્ધતિઓના યોગ્ય અમલીકરણ માટે સુપરવાઈઝરની જવાબદારી અને ભૂમિકા અગત્યની બની રહે છે. જે નીચે મુજબની છે.

| ક્રમ | ટેકનીક કે પદ્ધતિ | ક્યારે | હેતુ અને કામગીરી |
|---|---|---|---|
| 1. | વ્યક્તિગત પરિષદ (Individual conference) | દર પંદર દિવસે | – વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન આપવું.<br>– તેની ક્ષમતાઓ ચકાસવી.<br>– ક્ષેત્રકાર્યની પ્રક્રિયાને સમજવી.<br>– વિદ્યાર્થીની મર્યાદાઓને ઓળખીને તેમાં મદદ કરવી.<br>– વિદ્યાર્થીની અભ્યાસ પ્રક્રિયાને સમજતા આ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થી સમાજકાર્યની વિચારધારા, સિદ્ધાંતો, પદ્ધતિ કે ટેકનીકનો ઉપયોગ કરતાં તેનામાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવો.<br>– વિદ્યાર્થી અને સુપરવાઇઝર વચ્ચે વ્યાવસાયિક સંબંધો વિકસાવતા વિદ્યાર્થીના આત્મવિશ્વાસમાં વધારો કરવો. |
| 2. | જૂથ પરિષદ (Group conference) | દર મહિને | – વિદ્યાર્થીઓ વચ્ચે વિચારોનું આદાનપ્રદાન કરવું.<br>– જૂથમાં ક્ષેત્રકાર્યના માધ્યમથી વ્યાવહારિક જ્ઞાનનો વિકાસ કરવો અને એકબીજામાંથી શીખવું.<br>– વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્ય સંબંધમાં એકબીજા વચ્ચે મદદ અને સહકાર મેળવે.<br>– જૂથના દરેક સભ્યો વચ્ચેની આંતરક્રિયાના માધ્યમથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વિકસાવાવો. |
| 3. | સીધી સૂચના કે ક્ષેત્રકાર્ય મુલાકાત (Spot instruction) | બે મહિનામાં | – સુપરવાઇઝરે વિદ્યાર્થીના ગ્રામીણ ક્ષેત્રકાર્યની સીધી મુલાકાત એકવાર લઈ વ્યાવહારિક સ્થિતિમાં શીખવામાં મદદ કરવી.<br>– વિદ્યાર્થીઓને ક્ષેત્રકાર્ય સંબંધિત સૂચનાઓ મુલાકાત દરમિયાન આપવી.<br>– વિદ્યાર્થીની ક્ષેત્રકાર્ય કામગીરી પદ્ધતિસર અને વૈજ્ઞાનિક ઢબની બને તેવી ક્ષમતા વિકસાવવી. |
| 4. | ક્ષેત્રકાર્ય સેમિનાર (Fieldwork seminar) | સત્રના મધ્ય ભાગમાં | – વિદ્યાર્થીમાં રજૂઆતની કુશળતા વિકસાવવી.<br>– વિદ્યાર્થીને ક્ષેત્રકાર્ય કામગીરીની રજૂઆત કરતાં શીખવવું.<br>– વિદ્યાર્થી રજૂઆતની કળા શીખે તેમજ સ્ટેજ ફીયર દૂર કરી તેનો આત્મવિશ્વાસ વધારવો. |

સુપરવિઝનમાં ઉપરોક્ત ટેકનીક કે પદ્ધતિઓનો ઉપયોગ કરી ક્ષેત્રકાર્ય સંબંધિત સલાહ, સૂચન, માર્ગદર્શન, દિશા-નિર્દેશનથી મદદ દ્વારા તમારી ક્ષમતાઓનો વિકાસ કરવામાં આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો (બ.)**

1. સમાજકાર્યના ક્ષેત્રકાર્યમાં સુપરવિઝન શું છે ?

   અ. સૈદ્ધાંતિક અને વ્યાવહારિક જ્ઞાન સુગ્રથિત કરતું શિક્ષણ    બ. દેખરેખની વ્યવસ્થા

   ક. નિયંત્રણની વ્યવસ્થા    ડ. એકપણ નહિ

2. સુપરવિઝનના અભિમુખતાના તબક્કામાં ક્ષેત્રકાર્ય સંદર્ભિત કઈ કામગીરી કરવાની હોય છે.

અ. અહેવાલનું મૂલ્યાંકન — બ. પ્રાથમિક સમજ અને નિદર્શન

ક. અનુભવોનું વિશ્લેષણ — ડ. મુશ્કેલીઓનું નિવારણ

3. સુપરવિઝનની પદ્ધતિઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી.

અ. વ્યક્તિગત પરિષદ — બ. જૂથ પરિષદ

ક. લેક્ચર — ડ. ક્ષેત્રકાર્ય મુલાકાત

4. સુપરવિઝન કાર્ય માટે સમાજકાર્ય ક્ષેત્રકાર્ય સુપરવાઇઝરની લાયકાત શું હોવી જોઈએ.

અ. સમાજકાર્યનું શિક્ષણ મેળવેલું હોય — બ. સમાજકાર્યના ક્ષેત્રોમાં કાર્યનો અનુભવ

ક. વ્યાવસાયિક અભિગમ — ડ. આગળના દરેક

5. સમાજકાર્ય પારંગતના સત્ર 1 ના ક્ષેત્રકાર્ય હેતુઓ જણાવો.

6. સુપરવિઝનના કાર્યોમાંથી કોઈપણ બે તબક્કાઓ સમજાવો.

## 2.5 ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન આગવું મહત્ત્વ ધરાવે છે. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન કામગીરીની નબળાઈ પણ રહેતી હોય છે. તેથી આ બાબતોથી વાકેફ થઈ તમારે ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનમાં દૂરવર્તી અભ્યાસ હોવાથી દૈનિક કે કલાકોમાં દર પાંચ કલાકની કામગીરી પ્રમાણેનો અહેવાલ અને સત્રાંત અહેવાલ લેખન કરવું.

### 2.5.1 ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનનું મહત્ત્વ

1. ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન એ એક પુરાવા કે સાબિતી તરીકે ઉપયોગી છે.
2. ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન તમને પ્રત્યક્ષકાર્ય દરમિયાન રહી જતી મર્યાદાઓ અને વધારે સારું શું કરી શકાય જેનાથી મર્યાદાઓ ઓછી કરી શકાય તેનું દર્શન કરાવે છે.
3. ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનથી મળેલ માહિતીનું વર્ગીકરણ, પૃથ્થકરણ કરવું સહેલું બને છે.
4. ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન દ્વારા સમાજકાર્ય જ્ઞાન અને ક્ષેત્રકાર્યમાં તેનો અમલ વગેરે બાબતોની સમજણમાં વધારો થાય છે.
5. ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનથી તમને માર્ગદર્શન આપવામાં સુપરવાઇઝરને યોગ્ય મદદ મળે છે.
6. ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનથી લોકોની સમસ્યાઓના સંદર્ભમાં તમે એક તારણ ઉપર શકો છો, તેમજ આ માહિતીના આધાર પર તમને ઉકેલની પ્રક્રિયા કરવામાં મદદ મળે છે.

આ અહેવાલ લેખનના માળખાની વિગતવાર જાણકારી તમને નીચેના મુદ્દાઓમાં મળશે.

### 2.5.1 દૈનિક કે કલાક અહેવાલ

તમારે સમાજકાર્ય સત્ર 1માં ગ્રામીણ ક્ષેત્રકાર્ય દરમિયાન નીચે મુજબના માળખામાં દૈનિક કે કલાક અહેવાલ બનાવી સુપરવાઇઝરને નિયમિત મૂલ્યાંકન માટે બતાવવા અને સત્રના અંતે યુનિવર્સિટીમાં જમા કરાવવા.

**દૈનિક કે કલાક અહેવાલ લેખનનું માળખું**

અહેવાલ નંબર :_____________

તારીખ :_____________

વાર :_____________

સમય :_____________

સ્થળ :_____________

વિદ્યાર્થીનું નામ :_________________________

માર્ગદર્શકનું નામ :_________________________

ક્ષેત્રકાર્યનો હેતુ : (અહીંયા જે દિવસ તમે ક્ષેત્રકાર્યમાં જાવ છો તે દિવસ પૂરતો હેતુ લખવો)

કાર્યપ્રક્રિયા : (તમે ક્ષેત્રકાર્યમાં જઈને જે પણ કંઈ જાણકારી, સમજ, વાર્તાલાપ કરો છો તેને વિગતવાર અહેવાલ લખવો.)

મુલાકાત લીધેલ વ્યક્તિઓ : (તમે ક્ષેત્રકાર્ય દરમિયાન જે વ્યક્તિઓને મળ્યા હોવ તે વ્યક્તિઓના નામ લખવા)

સ્વ મૂલ્યાંકન (તમે ક્ષેત્રકાર્યમાં જે પ્રવૃત્તિ/કામગીરી કરી તેમાં સમાજકાર્યના જ્ઞાનનો ઉપયોગ, તમને મળેલ નવી જાણકારી, સમજ, વિકસેલ કુશળતા, થયેલ સારો કે ખરાબ અનુભવ વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને સ્વ મૂલ્યાંકન કરવાનું છે.)

ભાવિ આયોજન (આજના દિવસ કે કલાકોની ક્ષેત્રકાર્ય કામગીરી/પ્રવૃત્તિના આધારે બાકી રહેતી કે નવી જાણકારી કે સમજના સંદર્ભમાં હવે પછીના દિવસ કે કલાકોમાં ક્ષેત્રકાર્ય ગામમાં શું કરવાના છો તેને જણાવતા ભાવિ આયોજન બનાવવું.)

### 2.5.2 સત્રાંત હેવાલ

તમારે સમાજકાર્ય સત્ર 1ના અંતે ગ્રામીણ ક્ષેત્રકાર્યનો નીચે મુજબના માળખામાં સત્રાંત અહેવાલ બનાવી સુપરવાઈઝરને જમા કરાવવો.

**ગ્રામીણ ક્ષેત્રકાર્ય સત્રાંત હેવાલ માળખું**

ટાઈટલ પેજમાં નીચેની જાણકારી મૂકવી

**ગ્રામીણ ક્ષેત્રકાર્ય અહેવાલ**

ગ્રામીણ ક્ષેત્રકાર્ય સમયગાળો : તારીખ :_____________ થી તારીખ :_______________

– વિદ્યાર્થીનું નામ :

સમાજકાર્ય પારંગત સત્ર 1

– પરીક્ષા નંબર :

– ક્ષેત્રકાર્ય ગામનું નામ :

– માર્ગદર્શકનું નામ :

_______________________ સેન્ટર

_______________________ વિભાગ

_______________________ મહાવિદ્યાલય

બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય અમદાવાદ

વર્ષ :

વિદ્યાર્થીનો પરિચય : (એક પેજમાં લખવો)

A. પૂરું નામ :

B. જન્મ તારીખ અને સ્થળ :

C. વતન અને રહેઠાણનું સરનામું :

D. કુટુંબની આવકનો સ્રોત :

E. મહત્તમ શૈક્ષણિક લાયકાત : ડિગ્રી...............................મુખ્ય વિષય :...........................

F. સમાજકાર્યમાં જોડાવાની પ્રેરણા ક્યાંથી અને કેવી રીતે મળી :

G. રસ અને શોખના ક્ષેત્રો :

H. પુસ્તકોનું વાંચન

1. અત્યાર સુધીમાં વાંચેલા પુસ્તકોની યાદી.

2. સત્ર 1 દરમિયાન વાંચેલા પુસ્તકોની યાદી .(લેખકનું નામ, પ્રકાશન વર્ષ, પુસ્તકનું નામ, પ્રકાશકનું નામ અને સ્થળ)

1. પ્રસ્તાવના :

2. સત્ર 1ના ક્ષેત્રકાર્ય હેતુઓ :

3. ક્ષેત્રકાર્યમાં અહેવાલ લેખનનું મહત્ત્વ : (દૈનિક કે કલાકો અને સત્રાંત બન્ને અહેવાલને ધ્યાનમાં રાખીને મુદ્દાસર લખવું)

4. ગામનું નામ અને સરનામું, ગામ સુધી પહોંચવાના વિકલ્પો (દા.ત. સ્થાનિક વાન, એસટી, રેલ્વે વગેરે)

5. ગામનો ઇતિહાસ : ગામની સ્થાપના અને નામ, જ્ઞાતિ, ધર્મ, વ્યવસાય, ઐતિહાસિક સ્થાન વગેરે.

6. ભૌગોલિક સ્થાન : દિશા, નકશો, જિલ્લા અને તાલુકાથી અંતર વગેરે.

7. ગામની વસ્તીનું વિશ્લેષણ : (જાણકારીને કોષ્ટક, આલેખ, ચિત્રના માધ્યમથી મૂકી શકાય) કુલ વસ્તી, બાળકો- સ્ત્રી-પુરુષ પ્રમાણે, જ્ઞાતિ પ્રમાણે, ધર્મ પ્રમાણે, શિક્ષણ પ્રમાણે, વ્યવસાય પ્રમાણે, મજૂરી પ્રમાણે (ખેત મજૂરી, ઉદ્યોગોમાં મજૂરી, અન્ય મજૂરી), નોકરિયાત પ્રમાણે, આર્થિક સ્થિતિ પ્રમાણે (એપીએલ, બીપીએલ, અંત્યોદય, અન્ય), જમીન માલિકી પ્રમાણે, બહારથી સ્થળાંતરિત પ્રમાણે વગેરે.

8. ગામમાં ભૌતિક સુવિધા-સગવડતાઓ અને તેની સ્થિતિનું વર્ણન : (નકશો બનાવીને મૂકવો અને દરેકની વિગતવાર જાણકારી આપવી)

   a. પોસ્ટ, વીજળી, બૅંક, રસ્તા, વાહન-વ્યવહાર (સરકારી-ખાનગી), બજાર- દુકાનો, સ્ટ્રીટલાઈટ, શાળા, દવાખાનું, પાણીની વ્યવસ્થાના સાધનો, આંગણવાડી, જાહેર વિતરણ વ્યવસ્થા (પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર) વગેરે.

9. ગામના કુદરતી સંસાધનોની સ્થિતિ અને તેના વિશ્લેષણનું વર્ણન : (નકશો મૂકી શકાય, દરેક સંસાધનની સમજૂતી ગામના લોકોના જીવનમાં ઉપયોગિતા અને આજીવિકાના સાધન તરીકે રહેલો સંબંધ સ્પષ્ટ કરવો જોઈએ)

   a. જમીન : પ્રકાર, ઉપયોગો, ઉત્પાદન, ઉત્પાદકતા, તેની સમસ્યા અને સંરક્ષણના પગલાંઓ

   b. જળ : પ્રકાર, ઉપયોગો, તેની સમસ્યા અને સંરક્ષણના પગલાંઓ

c. જંગલ : પ્રકાર, ઉપયોગો, તેની સમસ્યા અને સંરક્ષણના પગલાંઓ

d. જાનવર : પ્રકાર, ઉપયોગો, ઉત્પાદન, ઉત્પાદકતા, તેની સમસ્યા અને સંરક્ષણના પગલાંઓ

10. ગામમાં ઔદ્યોગિકરણ અને તેની અસરો (હકારાત્મક અને નકારાત્મક) : (નકશો મૂકી શકાય, ઔદ્યોગિકરણને ગામ લોકો સાથેના સંબંધને સ્પષ્ટ કરતાં સમજાવવું જોઈએ) ઉદ્યોગોના પ્રકારો, સામાજિક અસરો, આર્થિક અસરો.

11. ક્ષેત્રકાર્ય ગામમાં કાર્યરત મંડળો અને સ્વૈચ્છિક સંસ્થાઓનો પરિચય :

a. મંડળો : મહિલા મંડળો, યુવક મંડળ, અન્ય મંડળોના પરિચયમાં સભ્યોની સંખ્યા અને નામો, હોદ્દેદારો, કામગીરી-પ્રવૃત્તિઓ, ફાયદાઓ, મર્યાદાઓ કે મુશ્કેલીઓ વગેરે અંગેની સમજ આપવી.

b. ગામમાં સ્વૈચ્છિક સંસ્થાના પરિચયમાં નામ, સ્થળ, પ્રકાર, ગામમાં સંસ્થા દ્વારા કરવામાં આવતી કામગીરી-પ્રવૃત્તિઓ, ફાયદાઓ, મર્યાદાઓ કે મુશ્કેલીઓ વગેરે અંગેની સમજ આપવી.

12. ક્ષેત્રકાર્ય ગામની સ્થિતિ અને સંસ્થાઓની કામગીરી : (આંકડાકીય જાણકારીને કોષ્ટક, આલેખમાં અને નકશો, ચિત્રોનો ઉપયોગ કરી વર્ણનાત્મક જાણકારી આપવી)

a. ગામની શૈક્ષણિક સ્થિતિ અને શૈક્ષણિક સંસ્થાઓ, તેની કામગીરી, અસરકારકતા અને મર્યાદા

b. ગામની સામાજિક સ્થિતિ અને સામાજિક સંસ્થાઓ, તેની કામગીરી, અસરકારકતા અને મર્યાદા

c. ગામની આર્થિક સ્થિતિ અને આર્થિક સંસ્થાઓ, તેની કામગીરી, અસરકારકતા અને મર્યાદા

d. ગામની આરોગ્ય સ્થિતિ અને આરોગ્ય સંસ્થાઓ, તેની કામગીરી, અસરકારકતા અને મર્યાદા

e. ગામની રાજકીય સ્થિતિ અને રાજકીય સંસ્થાઓ, તેની કામગીરી, અસરકારકતા અને મર્યાદા

13. ક્ષેત્રકાર્ય ગામની સમસ્યાઓ અને સમાજકાર્યકર તરીકે ઓળખેલી હસ્તક્ષેપ જરૂરિયાત : (વર્ણનમાં આંકડાકીય જાણકારી, નકશો, આલેખો, ચિત્રોનો ઉપયોગ કરી શકાય)

a. સમાજકાર્યમાં સમસ્યા ઓળખની પ્રક્રિયા

b. ક્ષેત્રકાર્ય ગામમાં ઓળખેલ સમસ્યાઓ અને દરમિયાનગીરીની જરૂરિયાત

i. ગામની શૈક્ષણિક સમસ્યાઓ, અસરગ્રસ્ત વ્યક્તિ, જૂથ, સમુદાય, સમાજકાર્યકર તરીકે સમસ્યા ઉકેલ માટે હસ્તક્ષેપના પગલાંઓ

ii. ગામની સામાજિક સમસ્યાઓ અસરગ્રસ્ત વ્યક્તિ, જૂથ, સમુદાય, સમાજકાર્યકર તરીકે સમસ્યા ઉકેલ માટે હસ્તક્ષેપના પગલાંઓ

iii. ગામની આર્થિક સમસ્યાઓ, અસરગ્રસ્ત વ્યક્તિ, જૂથ, સમુદાય, સમાજકાર્યકર તરીકે સમસ્યા ઉકેલ માટે હસ્તક્ષેપના પગલાંઓ

iv. ગામની આરોગ્ય સમસ્યાઓ, અસરગ્રસ્ત વ્યક્તિ, જૂથ, સમુદાય, સમાજકાર્યકર તરીકે સમસ્યા ઉકેલ માટે હસ્તક્ષેપના પગલાંઓ

v. ગામની રાજકીય સમસ્યાઓ, અસરગ્રસ્ત વ્યક્તિ, જૂથ, સમુદાય, સમાજકાર્યકર તરીકે સમસ્યા ઉકેલ માટે હસ્તક્ષેપના પગલાંઓ

14. ક્ષેત્રકાર્ય દરમિયાન લીધેલ સંસ્થા અને સરકારી વિભાગોની મુલાકાત : (દરેક સંસ્થા અને વિભાગ મુલાકાત માટે અલગ અલગ લખવું)

   c. મુલાકાત હેતુ

   d. મુલાકાતથી મળેલ જાણકારી અને પરિચય

   e. ક્ષેત્રકાર્યમાં મુલાકાત જાણકારીની અને સંસ્થા કે વિભાગની ઉપયોગિતા

15. ગ્રામીણ ક્ષેત્રકાર્યમાં ઉપયોગમાં લીધેલ સમાજકાર્યનું જ્ઞાન અને ઉપયોગિતા (દરેક મુદ્દાઓને અલગ અલગ રીતે તમારા ક્ષેત્રકાર્ય અનુભવોના ઉદાહરણ સાથે સમજાવો)

   a. સમાજકાર્યના સિદ્ધાંતોનો ઉપયોગ કર્યો.

   b. સમાજકાર્યની કુશળતાઓ ઉપયોગ કર્યો.

   c. સમાજકાર્યની ભૂમિકાનો ઉપયોગ કર્યો.

   d. સમાજકાર્યના મૂલ્યોનો ઉપયોગ કર્યો.

16. ગ્રામીણ ક્ષેત્રકાર્ય દરમ્યાન થયેલા વિશિષ્ટ, નોંધનીય અનુભવો. (મુદ્દાસર લખવું)

17. ક્ષેત્રકાર્ય ગામનું ગ્રામીણ વિકાસની દૃષ્ટિએ SWOT વિશ્લેષણ.(દરેકમાં પાંચ મુદ્દાઓ જણાવવા)

   Strength- શક્તિ    Weakness- નબળાઈ/મર્યાદાઓ

   Opportunity- તક    Threat- પડકારો

18. વ્યાવસાયિક સમાજકાર્યકર તરીકે તમારું પોતાનું SWOT વિશ્લેષણ.(દરેકમાં પાંચ મુદ્દાઓ જણાવવા)

   Strength- શક્તિ    Weakness- નબળાઈ/મર્યાદાઓ

   Opportunity- તક    Threat- પડકારો

19. ગ્રામીણ ક્ષેત્રકાર્યની તમારી દૃષ્ટિએ ઉપયોગિતા

20. ગ્રામીણ ક્ષેત્રકાર્યમાં પડેલી મુશ્કેલીઓ અને સૂચનો.

21. સુપરવિઝનની જરૂરિયાત અને ઉપયોગિતા

22. સમયસારણી : તારીખ, વાર, સમય, હેતુ અને તારણ (કામના દિવસો, કામના કલાકો, અહેવાલ લેખનના કલાકો, આવવા-જવાના કલાકો) વગેરે બાબતોને આવરી લેતા લખવું.

## 2.6 ક્ષેત્રકાર્ય મૂલ્યાંકન

ક્ષેત્રકાર્ય મૂલ્યાંકન તમને વ્યાવસાયિક સમાજકાર્યકર તરીકે તમારી તાકાત અને મર્યાદાઓની સમજ આપે છે. આમ તો પૂરા સત્ર દરમિયાન તમારા ક્ષેત્રકાર્યનું મૂલ્યાંકન સુપરવાઈઝર દ્વારા થતું હોય છે. અહીંયા તમારું ક્ષેત્રકાર્ય મૂલ્યાંકન તમારા દ્વારા બનાવવામાં આવેલ ક્ષેત્રકાર્ય દસ્તાવેજો દૈનિક કે કલાકોના અહેવાલો અને સત્રાંત અહેવાલના આધાર પર મૌખિક પરીક્ષા દ્વારા કરવામાં આવશે.

### 2.6.1 ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનના હેતુઓ

1. વિદ્યાર્થીમાં સમાજકાર્ય ક્ષેત્રકાર્યની સમજણ જાણવી.
2. વિદ્યાર્થીમાં સમાજકાર્ય સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષકાર્યના જ્ઞાનને ચકાસવું.
3. વિદ્યાર્થીમાં રહેલ સમાજકાર્યના સૈદ્ધાંતિક જ્ઞાનને ક્ષેત્રકાર્યમાં અમલ કરવાની વ્યક્તિગત ક્ષમતાને તપાસવી.
4. વિદ્યાર્થીમાં વૈજ્ઞાનિક રીતે ક્ષેત્રકાર્ય કરવાની ક્ષમતા અને સમજને ચકાસવી.
5. વિદ્યાર્થીઓની દસ્તાવેજીકરણની ક્ષમતાઓને મુલવવી.

6. વિદ્યાર્થીને ક્ષેત્રકાર્ય દરમિયાન સુપરવિઝનનો કરેલ ઉપયોગ સમજવો.

### 2.6.2 ક્ષેત્રકાર્ય મૂલ્યાંકન પદ્ધતિ

સામાન્ય રીતે ક્ષેત્રકાર્ય મૂલ્યાંકન સત્ર દરમિયાન સુપરવિઝનની પદ્ધતિઓ પ્રમાણે નિશ્ચિત સમયના અંતરે થવું જોઈએ. ક્ષેત્રકાર્ય મૂલ્યાંકન અંગે વિદ્યાર્થીઓને અગાઉથી જાણ કરવી તેમજ માત્ર એક ઔપચારિકતા ન બની રહેતા તેની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ક્ષેત્રકાર્ય મૂલ્યાંકન પદ્ધતિ નિશ્ચિત કરવી જોઈએ. ક્ષેત્રકાર્યના અંતે મૂલ્યાંકન બે રીતે કરવું એક આંતરિક અને બીજું બાહ્ય મૂલ્યાંકન.

આંતરિક મૂલ્યાંકનમાં વિદ્યાર્થીની કામગીરી અને અહેવાલ લેખન આધારે તેના સુપરવાઈઝર અને વિભાગીય વડા સાથે મળીને મૌખિક પરીક્ષા યોજીને મૂલ્યાંકન કરશે. જ્યારે બાહ્ય મૂલ્યાંકન માટે યુનિવર્સિટીએ એક બાહ્ય પરીક્ષા પેનલ બનાવવી જોઈએ. આ પેનલમાં નીચેના વ્યક્તિઓને સામેલ કરતાં વિદ્યાર્થીની મૌખિક પરીક્ષાનું આયોજન કરવું.

1. બે બાહ્ય પરીક્ષકો (જેમાં એક યોગ્ય લાયકાત ધરાવતા અધ્યાપક અને એક પ્રેક્ટિશનર હોય એ આદર્શ સ્થિતિ ગણાય)
2. વિભાગીય વડા
3. ક્ષેત્રકાર્યના સુપરવાઈઝર કે માર્ગદર્શક

મૌખિક પરીક્ષામાં મૂલ્યાંકન સમયે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવી.

1. વિદ્યાર્થીએ આપવામાં આવેલ માળખા અનુસાર અહેવાલ લેખન કરીને યુનિવર્સિટી દ્વારા પ્રમાણિત થયેલ દસ્તાવેજીકરણનું મૂલ્યાંકન કરવું.
2. ક્ષેત્રકાર્યના, સુપરવિઝનના, અહેવાલ લેખનના અને ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનના હેતુઓને ધ્યાને રાખીને મૂલ્યાંકન કરવું.
3. વિદ્યાર્થી સાથે ખૂબ ટેકનિકલ કે સૈદ્ધાંતિક બાબતોમાં વધુ ન જતા તેના વલણ, અભિમુખતા અને કુશળતામાં આવેલ બદલાવને સમજવો.
4. વિદ્યાર્થીઓની જૂથમાં મૌખિક પરીક્ષા ન લેતા વ્યક્તિગત રીતે મૂલ્યાંકન કરવું.
5. ક્ષેત્રકાર્ય મૂલ્યાંકન માટે કોઈ લેખિત પરીક્ષાનું આયોજન ન કરવું.

## 2.7 ક્ષેત્રકાર્ય માટેની સૂચનાઓ

અહીંયા તમને આપવામાં આવેલી ક્ષેત્રકાર્ય સંબંધિત સૂચનાઓ એ વ્યાવસાયિક સમાજકાર્યની આચારસંહિતા સમાન છે. તેથી તેને તમારે ક્ષેત્રકાર્ય કામગીરી સમયે વ્યવહારમાં ઉપયોગમાં લેવી જોઈએ. જે સૂચનાઓ નીચે મુજબની છે.

1. ક્ષેત્રકાર્ય ગામમાં જ્યારે તમે જાવ છો ત્યારે તમારો પહેરવેશ સાદો હોવો જોઈએ. જેથી ગામલોકો તમારો સ્વીકાર સરળતાથી કરી શકે.
2. ક્ષેત્રકાર્ય ગામના લોકો જ્યાં, જ્યારે મળી શકવાની સંભાવના વધુ હોય તેવા સ્થળો, સમયે મુલાકાત ગોઠવવી જોઈએ.
3. ગામલોકો સાથે જ્યારે તમે વાતચીત કરો ત્યારે લોકો સમજી શકે તેવી ભાષા અને સરળ શબ્દોનો ઉપયોગ કરવો.
4. ગામ લોકોને તમારી ક્ષેત્રકાર્યની પ્રવૃત્તિ સાથે જોડવા.
5. ગામલોકો અને તમારી વચ્ચેનો સંબંધ આપનાર અને લેનારનો ઊભો ન થાય તેની કાળજી રાખવી.
6. કોઈ એક જ્ઞાતિ કે જૂથમાં વારંવાર ન જતા ગામના દરેક જ્ઞાતિના, જૂથના, વોર્ડના લોકો સાથે સમયાંતરે મુલાકાતો ગોઠવવી જોઈએ.

7. ક્ષેત્રકાર્યમાં તમે જાવ છો ત્યારે પૂરતી જરૂરી સામગ્રી સાથે લઈને જવું.
8. ક્ષેત્રકાર્યમાં એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હોય તો ટીમવર્કની રીતે કામગીરી કરવી.
9. ગામલોકોને સંબોધન કરતી વખતે સામેની વ્યક્તિ, જ્ઞાતિ, જૂથનું સન્માન, ગૌરવને જાળવવું.
10. ગામના દરેક વ્યક્તિઓ સ્ત્રીઓ, પુરુષો, બાળકો, વૃદ્ધો વગેરેને મળવું જોઈએ. ખાસ કરીને પુરુષ વિદ્યાર્થી તરીકે સ્ત્રીઓ અને સ્ત્રી વિદ્યાર્થી તરીકે પુરુષોની મુલાકાત કરી તેમની સ્થિતિને પણ સમજવી જોઈએ.
11. તમે ક્ષેત્રકાર્યમાં એક શીખનાર તરીકે જાવ છો તેથી તમારા અભિગમ અને વલણને સતત જાગૃત રાખીને શીખવું.
12. ગામ લોકોને ક્ષેત્રકાર્ય દરમિયાન લાગણીમાં આવીને વધુ પડતા વચનો ન આપવા જોઈએ.
13. ક્ષેત્રકાર્ય દરમિયાન તમારે સમાજકાર્યની સૈદ્ધાંતિક બાબતો અમલી બને તેની કાળજી રાખવાની છે.
14. ક્ષેત્રકાર્યમાં વધુ સંભાળવું અને ઓછું બોલવાનો અભિગમ તમારી શીખવાની પ્રક્રિયાને સરળ બનાવી શકશે.

**તમારી પ્રગતિ ચકાસો (ક.)**

1. ક્ષેત્રકાર્ય દૈનિક કે કલાકોના અહેવાલ લેખનમાં સ્વ-મૂલ્યાંકન શેના આધાર પર કરવું જોઈએ.

   અ. સમાજકાર્યના જ્ઞાનનો ઉપયોગ બ. મળેલ નવી જાણકારી

   ક. વિકસેલ કુશળતા ડ. આગળના દરેક

2. ક્ષેત્રકાર્યના દૈનિક કે કલાકોના અહેવાલ લેખનનું શું મહત્ત્વ રહેલું છે.

   અ. નિયમિત રીતે સ્વનું મૂલ્યાંકન થાય છે. બ. વધારાની પ્રવૃત્તિ છે.

   ક. માત્ર કરેલ કામગીરીનું લખાણ છે. ડ. એક પણ નહિ

3. ક્ષેત્રકાર્યમાં ગામ લોકોને સંબોધન કરતાં સમયે એક સામાજિક કાર્યકર તરીકે તમારે શું કાળજી રાખવી જોઈએ.

   અ. તેને ભેટી જવું બ. ચરણોમાં વંદન કરવા

   ક. ગૌરવ જાળવવું ડ. એક પણ નહિ

4. ક્ષેત્રકાર્યના સત્રાંત અહેવાલ લેખનમાં અગત્યનો ભાગ કયો છે.

   અ. ગામનો પરિચય

   બ.ગામની સમસ્યા અને તેમાં હસ્તક્ષેપની જરૂરિયાત

   ક. સરકારી કે સંસ્થાઓની મુલાકાત

   ડ. સુપરવિઝનની જરૂરિયાત અને ઉપયોગિતા

5. ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનમાં તમારી કઈ ક્ષમતાઓને તપાસવાનો પ્રયાસ થાય છે.

   અ. સૈદ્ધાંતિક જ્ઞાનના અમલની બ. વૈજ્ઞાનિક ઢબે ક્ષેત્રકાર્ય કરવાની

   ક. દસ્તાવેજીકરણની ડ. આગળના દરેક

6. ક્ષેત્રકાર્યની અગત્યની પાંચ સૂચનાઓ જણાવો.
7. ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનનું મહત્ત્વ જણાવો.

## 2.8 સારાંશ

આ એકમમાં તમે સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ, સુપરવિઝન, અહેવાલ લેખન અને ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનનો પરિચય કર્યો. તમે ક્ષેત્રકાર્ય ગામમાં જઈને કરવાની કામગીરી કે પ્રવૃત્તિ માટે

મુલાકાત, નિરીક્ષણ અને સહભાગી ગ્રામીણ ચકાસણીની પ્રયુક્તિઓનો ઉપયોગ કરી તેની જાણકારી મળી. સમાજકાર્યનું જ્ઞાન જેવું કે મૂલ્યો, સિદ્ધાંતો, પ્રક્રિયા, ભૂમિકા અને કુશળતાઓને ક્ષેત્રકાર્ય દરમિયાન ઉપયોગમાં લીધી. ક્ષેત્રકાર્યમાં તમારી શીખવાની પ્રક્રિયાને અસરકારક બનાવવા સુપરવિઝનનો ઉપયોગ કર્યો. ક્ષેત્રકાર્યની કામગીરી કે પ્રવૃત્તિઓનું દૈનિક અને સત્રના અંતે સત્રાંત અહેવાલ લેખન કરી દસ્તાવેજીકરણ કર્યું. ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનના હેતુઓ, પદ્ધતિઓ અને તેમાં રાખવાની કાળજીની સમજ મળી. ઉપરાંત ગામમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે સમાજકાર્યની આચારસંહિતા મુજબની સૂચનાઓ અમલમાં મૂકી.

## 2.9 શબ્દાર્થ

**મુલાકાત** : ચોક્કસ પ્રકારની માહિતી એકત્ર કરવા માટે બે વ્યક્તિઓ વચ્ચેનો રૂબરૂ વાર્તાલાપ છે.

**નિરીક્ષણ** : નિરીક્ષણ એટલે પંચેન્દ્રિય દ્વારા જીવંત પરિસ્થિતિનો પદ્ધતિસર અને હેતુપૂર્વક થતો અભ્યાસ.

**સહભાગી ગ્રામીણ ચકાસણી (PRA) :** સ્થાનિક લોકોને પોતાની જીવનશૈલી અને પરિસ્થિતિઓની જાણકારી, અનુભવોની આપ-લે, તેમાં અપેક્ષિત પરિવર્તન અને તેના વિશ્લેષણ દ્વારા કામગીરીનું આયોજન અને અમલીકરણ કરી શકાય તેવું સામર્થ્ય ઊભું કરવાનું સાધન છે.

**સુપરવિઝન** : સુપરવિઝન એક મદદની પ્રક્રિયા છે જેમાં સુપરવાઇઝર વિદ્યાર્થીને સોપવામાં આવેલ કામગીરીમાં મદદરૂપ બનતા તેની ક્ષમતાઓમાં વધારો કરે છે.

**અહેવાલ લેખન** : કોઈ મહત્ત્વનું કાર્ય પૂર્ણ કર્યા બાદ તે કાર્ય અંગે પદ્ધતિસર અને વિશદ નોંધ તૈયાર કરવામાં આવે છે. આ નોંધ એવી રીતે તૈયાર કરવી જોઈએ કે જેથી સંબંધિત કોઈપણ વ્યક્તિ તે વાંચીને તે કાર્ય અંગેની તમામ બાબતોને સરળતાથી સમજી શકે. આવી નોંધને અહેવાલ લેખન કહેવામાં આવે છે.

## 2.10 સ્વાધ્યાય

સહભાગી ગ્રામીણ ચકાસણીની 'સુખાકારીનો નિશ્ચિતક્રમ' પદ્ધતિનો એકમ અભ્યાસમાં ઉપયોગથી મળેલ જાણકારીનું અહેવાલ લેખન કરવું.

## 2.11 પ્રવૃત્તિ

ડેવલોપમેન્ટ સપોર્ટ સેન્ટર અમદાવાદ દ્વારા બનાવવામાં આવેલ દસ્તાવેજી ફિલ્મ "તેર પગલાં" જોવી અને જાણવા-શીખવા મળેલી બાબતોની સુપરવાઇઝર સાથે ચર્ચા કરવી.

## 2.12 એકમ અભ્યાસ

સહભાગી ગ્રામીણ ચકાસણીની 'સુખાકારીનો નિશ્ચિતક્રમ' પદ્ધતિનો ઉપયોગ કરી તમારા ક્ષેત્રકાર્ય ગામની સુખાકારીનું માપન કરવું.

## 2.13 સંદર્ભગ્રંથ

ઉચાટ, ડી.એ. (પ્રથમ આવૃત્તિ-2009), શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, ડૉ. ડી. એ. ઉચાટ, રાજકોટ.

આચાર્ય બિનોય, સ્થાનિક સ્વરાજ અને સામાજિક વિકાસ, ઉન્નતિ વિકાસ શિક્ષણ સંસ્થાન, અમદાવાદ.

ડૉ. પટેલ, આનંદી (પ્રથમ આવૃત્તિ-2009), વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો, વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.

ભાલાણી, ધીરજ અને સાંચેલા, વિનય (2001), સહભાગી ગ્રામીણ ચકાસણી, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, અમદાવાદ.

વિનોબા (2007), કાર્યકર્તા પાથેય, યજ્ઞ પ્રકાશન, વડોદરા.

Subherdar, I.S., (Reprinted-2009), Fieldwork Training in Social Work, Rawat Publications, Jaipur.

## 2.14 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

તમારી પ્રગતિ ચકાસો (અ.) 1. અ. સંબંધ સ્થાપન 2. બ. સહભાગી ગ્રામીણ ચકાસણી 3. ડ. લોકો સાથે રહીને શીખવાની પ્રક્રિયા 4. ડ. આગળના દરેક 5. 1. ક્ષેત્રકાર્યમાં મુલાકાતનો હેતુ અને કેવી જાણકારી મેળવવાની છે તે પ્રથમ સ્પષ્ટ કરી લેવું જોઈએ. 2. પૂર્વ સંમતિથી અને મુલાકાત આપનારની સગવડ પ્રમાણે મુલાકાતનો સમય ગોઠવવો જોઈએ. 3. માહિતી આપનારનો સહકાર અને વિશ્વાસ પ્રાપ્ત કરતાં તેની સાથે તાદાત્મય કેળવવું. 4. માહિતી આપનારને શાંતિથી અને રસપૂર્વક સંભાળવા જોઈએ. 5. સામાન્ય જાણકારીથી શરૂઆત કરીને પછી અઘરી જાણકારી મેળવવી જોઈએ. 6. સહભાગી નકશા બનાવવા, દિનચર્યા, સમયરેખા, ઋતુચક્ર, ગુણાંકન અને અગ્રતાક્રમ, ગોળ રેખાકૃતિ, સંપતિ અથવા સુખાકારીનો નિશ્ચિત ક્રમ, વેન રેખાકૃતિ, જોડાણ દર્શાવિતી રેખાકૃતિ, ઐતિહાસિક અવલોકન, પદાયલન. 7. સંબંધ સ્થાપન કુશળતા, શરૂઆતનો હેતુ વર્ણવવાની કુશળતા, પ્રશ્ન પૂછવાની કુશળતા, સ્પષ્ટતા મેળવવાની કુશળતા, લાગણીને પ્રતિબિંબિત કરવાની કુશળતા, વર્ણનાત્મક માહિતીને આયોજિત કરવાની કુશળતા, કામચલાઉ આકારણી કરવાની કુશળતા, મુદ્દાઓ/સમસ્યાને પ્રતિબિંબિત કરવી, સમસ્યાને ઓળખવાની કુશળતા, મૂલ્યાંકનની કુશળતા, પ્રત્યાયનની કુશળતા, મુલાકાતની કુશળતા, અહેવાલ લેખનની કુશળતા. (બ.) 1. અ. સૈદ્ધાંતિક અને વ્યાવહારિક જ્ઞાનને સુગ્રઠિત કરતું શિક્ષણ 2. બ. પ્રાથમિક સમજ અને નિદર્શન 3. ક. લેકચર 4. ડ. આગળના દરેક 5. અને 6. આગળના વાંચન આધારિત મૌલિક રીતે જવાબ લખવા. (ક.) 1. ડ. આગળના દરેક 2.અ. નિયમિત રીતે સ્વનું મૂલ્યાંકન થાય છે. 3. ક. ગૌરવ જાળવવું 4.બ. ગામની સમસ્યા અને તેમાં હસ્તક્ષેપની જરૂરિયાત 5. ડ. આગળની દરેક 6. 1. ક્ષેત્રકાર્ય ગામમાં જ્યારે તમે જાવ છો ત્યારે તમારો પહેરવેશ સાદો હોવો જોઈએ. જેથી ગામલોકો તમારો સ્વીકાર સરળતાથી કરી શકે. 2. ગામલોકો સાથે જ્યારે તમે વાતચીત કરો ત્યારે લોકો સમજી શકે તેવી ભાષા અને સરળ શબ્દોનો ઉપયોગ કરવો. 3. કોઈ એક જ્ઞાતિ કે જૂથમાં વારંવાર ન જતા ગામના દરેક જ્ઞાતિના, જૂથના, વોર્ડના લોકો સાથે સમયાંતરે મુલાકાતો ગોઠવવી જોઈએ. 4.ગામલોકોને સંબોધન કરતાં સમયે સામેના વ્યક્તિ, જ્ઞાતિ, જૂથનું સન્માન, ગૌરવને જાળવવું. 5.ગામ લોકોને ક્ષેત્રકાર્ય દરમિયાન લાગણીમાં આવીને વધુ પડતા વચનો ન આપવા જોઈએ. 7. આગળના વાંચન આધારિત મૌલિક રીતે જવાબ લખવો.

# એકમ-3 ગ્રામીણ ક્ષેત્રકાર્ય દરમિયાન કામગીરી-1

: રૂપરેખા :


3.1 ઉદ્દેશો

3.2 પ્રસ્તાવના

3.3 ક્ષેત્રકાર્ય ગામની આરોગ્યની સ્થિતિ, સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી

3.3.1 ગામમાં પોષણની સ્થિતિ અને સમસ્યા

3.3.2 ગામમાં સ્વચ્છતાંની સ્થિતિ અને સમસ્યા

3.3.3 ગામમાં વ્યસનની સ્થિતિ અને સમસ્યા

3.3.4 ગામમાં બીમારી અને રોગોની સ્થિતિ અને સમસ્યા

3.3.5 ગામમાં આરોગ્યમાં કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી અને તેની અસરકારકતા-મર્યાદા

3.4 ક્ષેત્રકાર્ય ગામની શિક્ષણની સ્થિતિ, સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી

3.5 ક્ષેત્રકાર્ય ગામની સામાજિક- ધાર્મિક સ્થિતિ અને સમસ્યાઓ

3.5.1 ગામની સામાજિક સ્થિતિ અને સમસ્યાઓ

3.5.2 ગામની ધાર્મિક સ્થિતિ અને સમસ્યાઓ

3.6 ક્ષેત્રકાર્ય ગામનું વાસ્તવિક સ્વરૂપ

3.7 સારાંશ

3.8 શબ્દાર્થ

3.9 સ્વાધ્યાય

3.10 પ્રવૃત્તિ

3.11 એકમ અભ્યાસ

3.12 સંદર્ભગ્રંથ

3.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 3.1 ઉદ્દેશો

આ એકમમાં અમે સમાજકાર્ય શિક્ષણમાં પ્રથમ સત્રના ક્ષેત્રકાર્ય ગામમાં કરવાની કામગીરી અંગેની ચર્ચા કરી છે. આ એકમના અભ્યાસ અને ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કર્યા બાદ તમે-

- ક્ષેત્રકાર્ય ગામમાં કરવાની પ્રત્યક્ષ કામગીરીની બાબતમાં મુદ્દાસર સ્પષ્ટતા મળશે.
- ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને આરોગ્યની સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવી તેના ઉકેલના પગલાંઓ આપશો.
- ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને શૈક્ષણિક સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવીને તેમાં ઉકેલના પગલાંઓ આપશો.
- ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને સામાજિક અને ધાર્મિક સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવીને તેમાં સુધારણાના પગલાંઓ આપશો.
- ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને ગામના વાસ્તવિક સ્વરૂપમાં રહેલી સમસ્યાઓની સમજ મેળવી ભવિષ્યમાં કામગીરી કરવામાં રાખવાની કાળજીથી વાકેફ થશો.

## 3.2 પ્રસ્તાવના

તમારા મનમાં એ સવાલ આવતો હશે કે અમારે ક્ષેત્રકાર્ય ગામમાં જઈને કરવાનું શું ? આ પ્રશ્નનો જવાબ આ ભાગમાં રહેલો છે. તેમ છતાં આ સંપૂર્ણ નહિ કહી શકાય કારણ કે ક્ષેત્રકાર્યને નિશ્ચિત માળખામાં બેસાડવું યોગ્ય નથી. તે એક જીવંત પ્રક્રિયા છે. અહીંયા તમે ગ્રામીણ સમુદાયના જીવન સાથે શીખવાની પ્રક્રિયાને ગોઠવી રહ્યા છો. તેમ છતાં તમને કામગીરી અંગેનું માર્ગદર્શન મળી રહે તેમજ સત્ર એક દરમિયાન ક્ષેત્રકાર્ય દ્વારા વિદ્યાર્થીઓમાં ગ્રામીણ સમુદાય અંગેની સમજ અને જાણકારી વધવી જોઈએ તે બાબતને ધ્યાનમાં રાખીને, ઉપરાંત સત્ર એકના ક્ષેત્રકાર્ય હેતુઓને નજર સમક્ષ રાખીને કેટલાક મુદ્દાઓની તારવણી કરી છે. જેનાથી તમને ક્ષેત્રકાર્યમાં જઈને એક વિદ્યાર્થી તરીકે શું સમજ, જણકારી મેળવવી જોઈએ તેનું માર્ગદર્શન આ ભાગમાંથી મળી રહે તેની કાળજી રાખી છે.

પ્રસ્તુત એકમમાં તમારે ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને આરોગ્ય, શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવવી. તેમજ તેમાં કાર્યરત વ્યવસ્થાઓનો પરિચય, અસરકારકતા-મર્યાદાઓની સમજૂતી પ્રાપ્ત કરવી. આ સમસ્યાઓના સંભવિત ઉકેલો શું હોઈ શકે તેનાં પગલાંઓ આપવાના રહેશે. ઉપરાંત તમે ક્ષેત્રકાર્ય ગામના વાસ્તવિક સ્વરૂપનો પરિચય અને ઓળખ કરશો જે તમને ભવિષ્યની કરવાની કામગીરીમાં સહાયક બની શકે. ગામમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે તમારે સમાજકાર્યના સૈદ્ધાંતિક જ્ઞાનને અમલીકૃત કરવું.

## 3.3 ક્ષેત્રકાર્ય ગામની આરોગ્યની સ્થિતિ, સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી

વિશ્વ આરોગ્ય સંસ્થાએ (1948માં) આરોગ્યની વ્યાખ્યા આમ કરી છે : 'આરોગ્ય એટલે શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ : ફક્ત રોગ, માંદગી કે અશક્તિનો અભાવ નહીં. સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવું એ દરેક માનવીનો અધિકાર છે. મનુષ્ય જાતિ માટે પહેલું સુખ તે જાતે નર્યા અનુસાર અહીંયા તંદુરસ્તીનું માપન કરવાનું છે. તમારા ક્ષેત્રકાર્ય ગામની અંદર આરોગ્યની પરિસ્થિતિનો ચિતાર મેળવવાનો છે, મૂલ્યાંકન કરવાનું છે. આરોગ્યની સ્થિતિ, સમસ્યા અને વ્યવસ્થાને ગ્રામીણ સમુદાયની બીજી અનેક બાબતો સાથે સંબંધ છે જેમ કે, અંધશ્રદ્ધા, કુરિવાજો, મંત્રતંત્ર, ભગત-ભુવા, માનતાઓ, વહેમો, અજ્ઞાનતા વગેરે. તેથી તમારે અહીંયા પોતાના ક્ષેત્રકાર્ય ગામની આ આરોગ્ય પરિસ્થિતિની સમજ મેળવવાની સાથે સાથે આ બાબતોની પણ ઊંડી સમજ મેળવવાની છે. આરોગ્યની પરિસ્થિતિને સમજવા માટે પોષણ, સ્વચ્છતા, વ્યસન, બીમારી, સારવારની વ્યવસ્થા એમ જુદા જુદા ભાગોની સમજ મેળવવી જરૂરી છે. તેથી તમારે ક્ષેત્રકાર્ય દરમિયાન નીચેના મુદ્દાઓમાં જાણકારી મેળવીને આરોગ્યની સંપૂર્ણ સમજ મેળવાની છે.

### 3.3.1 ગામમાં પોષણની સ્થિતિ અને સમસ્યા

પોષણ સૃષ્ટિના દરેક પ્રાણીઓની તંદુરસ્તીનું એક અગત્યનું પરિબળ છે. જે દરેક માનવીનો મૂળભૂત અધિકાર છે.

- ક્ષેત્રકાર્ય ગામમાં લોકો કેવા પ્રકારનો ખોરાક મેળવે છે તેની જાણકારી મેળવવી.
- પોષણનું વૈજ્ઞાનિક માપદંડ અને ક્ષેત્રકાર્ય ગામના લોકોના ખોરાક સાથે સરખામણી કરવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં મહિલાઓ અને બાળકોના પોષણની સ્થિતિ, બાળકોમાં કુપોષણ પ્રમાણ.
- ક્ષેત્રકાર્ય ગામમાં પોષણની પહેલાંની અને હાલની સ્થિતિમાં આવેલો બદલાવ.
- ક્ષેત્રકાર્ય ગામમાં કઈ જ્ઞાતિ, વર્ગ, જૂથના લોકોને પોષણયુક્ત આહાર મેળવવામાં હાડમારીઓ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, તેની જાણકારી અને સમજ મેળવવી.
- ક્ષેત્રકાર્ય ગામના લોકોની પોષણ સંબંધિત જાગૃતતા, અજ્ઞાનતા, અંધશ્રદ્ધા અને માન્યતાઓને પણ સમજવી.

### 3.3.2 ગામમાં સ્વચ્છતાંની સ્થિતિ અને સમસ્યા

સ્વચ્છતા મનુષ્યની પ્રાથમિક આવશ્યતા હોવાની સાથે લોકોના જીવન અંગેની કાળજી, પછાતપણું અને

વિકાસના માપદંડ તરીકે પણ જોવામાં આવે છે. વિદ્યાર્થી તરીકે તમારે ગામમાં વ્યક્તિગત, કૌટુંબિક, જ્ઞાતિગત અને સામુદાયિક એમ દરેક પ્રકારની સ્વચ્છતાનું પ્રમાણ અને પરિસ્થિતિની સમજ મેળવવી ખૂબ જ જરૂરી બને છે.

- ક્ષેત્રકાર્ય ગામમાં વ્યક્તિગત, કૌટુંબિક, જ્ઞાતિ, વૉર્ડ પ્રમાણે સ્વચ્છતા માટેના લોકોના પ્રયત્નો, કાળજી, ધોરણો અને પદ્ધતિને સમજવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં સામુદાયિક સ્તરે વૉર્ડ, જાહેર સ્થળો કે અન્ય જગ્યાએ જોવા મળતી ગંદકીની સ્થિતિ, પ્રકાર અને જવાબદાર પરિબળો સમજી તેની અસરોને જાણવી.

### 3.3.3 ગામમાં વ્યસનની સ્થિતિ અને સમસ્યા

નશીલા પદાર્થોના સેવનની આદતને આપણે વ્યસન તરીકે ઓળખાવીએ છીએ. આ નશીલા પદાર્થોનું સેવન કરનાર વ્યક્તિ પોતાને, પરિવારને, જ્ઞાતિને, સમુદાયને અને આખરે સમાજને પાયમાલીના રસ્તે દોરી જાય છે. આજે અનેક કારણોસર ગામડાંઓમાં પણ આવા નશીલા પદાર્થોના સેવન કરનારા વ્યક્તિઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. તેથી તમારા

- ક્ષેત્રકાર્ય ગામમાં આ વ્યસનોનું પ્રમાણ, પ્રકાર અને જવાબદાર પરિબળોને સમજવા.
- ક્ષેત્રકાર્ય ગામમાં વ્યસનોના કારણે લોકોના જીવન પર કેવી અસરો પડી રહી છે તેને સમજવી અને તપાસવી જોઈએ.
- આ વ્યસનથી ક્ષેત્રકાર્ય ગામની આવનારી પેઢી પર કેવી અસરો પડી રહી છે તે સમજવી.
- વ્યસનના પરિણામે ક્ષેત્રકાર્ય ગામમાં કેવા રોગો, બીમારીઓ અને આરોગ્ય પર કેવી માઠી અસરો પડી રહી છે તેને સમજવું.
- વ્યસનને આર્થિક નુકસાન સાથે પણ સરખાવવું જોઈએ.

### 3.3.4 ગામમાં બીમારી અને રોગોની સ્થિતિ અને સમસ્યા

વ્યક્તિને થતી બીમારી-રોગ અપૂરતું પોષણ, સ્વચ્છતાનો અભાવ અને વ્યસનનું પરિણામ ગણાવી શકાય. આ ઉપરાંતના બીજા કારણો જેવાકે પ્રદૂષણ અને વિસ્તારની ખાસિયત પણ હોઈ શકે છે. તમારા ક્ષેત્રકાર્ય ગામના લોકોમાં આવતી બીમારી-રોગની સમજ મેળવવી જોઈએ જેમાં

- ક્ષેત્રકાર્ય ગામમાં થતી બીમારી-રોગના પ્રકાર અને કારણોને સમજવા.
- ક્ષેત્રકાર્ય ગામમાં કોઈ ખાસ મહારોગ કે બીમારી જેનો ઉકેલ મુશ્કેલ હોય, જેના પરિણામે ગામમાં લોકો સમસ્યાથી પીડાતા હોય, તેની જાણકારી પણ મેળવવી જોઈએ.
- ક્ષેત્રકાર્ય ગામમાં બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને થતી બીમારી અને રોગોને સમજવા.
- ક્ષેત્રકાર્ય ગામમાં થતા શારીરિક અને માનસિક બંને પ્રકારના રોગ-બીમારીની જાણકારી મેળવવી.

### 3.3.5 ગામમાં આરોગ્યમાં કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી અને અસરકારકતા-મર્યાદા

ક્ષેત્રકાર્ય ગામના લોકો બીમારી-રોગના સમયે ક્યાં અને કેવી રીતે સારવાર મેળવે છે તેમજ કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી અને તેની અસરકારકતા-મર્યાદાને સમજવી.

- ક્ષેત્રકાર્ય ગામમાં સ્થાનિક ઘરગથ્થું સારવારની વ્યવસ્થાની જાણકારી મેળવવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં માતાજી-ભગત-ભુવા-દોરાધાગા વગેરે જેવી સારવારની અંધશ્રદ્ધા પૂર્ણ પદ્ધતિઓની સમજણ મેળવવી.
- સ્ત્રીઓની સગર્ભાવસ્થા અને પ્રસુતિ સમયની સારવાર સમજવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં કે આસપાસના ગામમાં સ્થાનિક વૈદ્ય, દાયણ કે અન્ય કોઠાસૂઝ ધરાવનાર વ્યક્તિઓની સારવાર કામગીરી સમજવી.
- ક્ષેત્રકાર્ય ગામનાં લોકોની આર્થિક સ્થિતિ અને રોગ-બીમારીમાં સારવાર મેળવવામાં પડતી મુશ્કેલીઓ સમજવી.

- ક્ષેત્રકાર્ય ગામમાં આવેલ ખાનગી દવાખાનાઓ, સરકારી દવાખાનું તેઓના પ્રકાર જેવા કે એલોપથી, આયુર્વેદિક અને હોમિયોપેથી પ્રમાણે સારવારની રીતો અંગે જાણકારી મેળવવી.
- ક્ષેત્રકાર્યમાં ગામમાં લોકોના આરોગ્ય સંબંધિત પોષણ, સ્વચ્છતા, વ્યસન, બીમારી-રોગમાં સારવાર માટે સરકાર દ્વારા માળખાકીય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવતી હોય છે. જેવી કે

  1. આંગણવાડી
  2. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સબ સેન્ટર
  3. સામુદાયિક આરોગ્ય કેન્દ્ર તાલુકા સ્તરે
- આરોગ્ય ખાતા દ્વારા કેટલાક વ્યક્તિઓની નિમણુક જેમ કે આશાવર્કર, મલેરિયા વર્કર, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર, નર્સ વગેરે.

  ઉપરોક્ત માળખાની ફરજ ગામ લોકોની તંદુરસ્તીમાં વધારો કરતાં આરોગ્યનું સ્તર સુધારવાનું છે. તેથી આ વ્યવસ્થાઓની કામગીરીને તમારે નીચે પ્રમાણે સમજવી રહી.
- જે તે વ્યવસ્થાની વિચારધારાની સમજ મેળવવી.
- જે તે વ્યવસ્થાનું અમલીકરણ માળખું સમજવું.
- તેની સેવાના પ્રકાર પ્રમાણે લાભાર્થીઓની જાણકારી મેળવવી.
- તે વ્યવસ્થાઓ દ્વારા અમલમાં આવતી યોજનાઓ, કાર્યક્રમોની જાણકારી મેળવવી.
- વ્યવસ્થાઓ દ્વારા અમલમાં આવતા લાભની સ્થિતિ, પરિણામો, શું અસરો પડી રહી છે તેની અસરકારકતા અને મર્યાદાઓના સંદર્ભે મૂલ્યાંકન કરવું.

વિદ્યાર્થી તરીકે ઉપરોક્ત આરોગ્યના અલગ-અલગ ભાગો પોષણ, સ્વચ્છતા, વ્યસન, બીમારી, રોગો સારવાર અને તેના માટે કાર્યરત વ્યવસ્થાઓની માહિતી- જાણકારી-સમજ મેળવવા પાછળનો આશય એ રહેલો છે કે તમે તેમાં રહેલી સમસ્યાઓને ઓળખો. આ સમસ્યાની ઓળખ તમારે અભ્યાસ, નિરીક્ષણ અને મુલાકાત જેવી વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવાની છે. જે ક્ષેત્રકાર્યનું અગત્યનું અંગ છે. અહીં તમારે વિદ્યાર્થી સામાજિક કાર્યકર તરીકે સમસ્યાની ઓળખ, પ્રમાણનો અભ્યાસ કરીને સાથે તેમાં ઉકેલના પગલાં પણ શોધવા રહ્યા.

**તમારી પ્રગતિ ચકાસો (અ.)**

1. ‘આરોગ્ય એટલે શારીરિક , માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ, ફક્ત રોગ, માંદગી કે અશક્તિનો અભાવ નહીં’ આ વ્યાખ્યા કોણે આપી.

   અ. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય　　બ. બાબા આમ્ટે

   ક. વિશ્વ આરોગ્ય સંસ્થા　　ડ. એક પણ નહિ
2. બાળકોમાં કુપોષણ માટે જવાબદાર પરિબળો કયા ગણાવી શકાય.

   અ. ગરીબી　　બ. જાગૃતતાનો અભાવ

   ક. અંધશ્રદ્ધા　　ડ. આગળના દરેક
3. સામાન્ય રીતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ________ લોકોની વસ્તીએ હોય છે.

   અ. 10000 થી 15000　　બ. 20000 થી 30000

   ક. 13000 થી 18000　　ડ. 15000 થી 20000
4. ક્ષેત્રકાર્ય ગામમાં વ્યસનની સમસ્યાથી પડતી અસરો વિશે દસ વાક્યો લખો.
5. ક્ષેત્રકાર્ય ગામને લાગુ પડતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મર્યાદાઓ વિશે દસ વાક્યો લખો.
6. ક્ષેત્રકાર્ય ગામમાં અમલમાં હોય તેવી આરોગ્ય સંબંધિત યોજનાઓ જણાવો.

## 3.4 ક્ષેત્રકાર્ય ગામની શિક્ષણની સ્થિતિ, સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી

શિક્ષણ દ્વારા જ વ્યક્તિમાં સભ્યતા, સંસ્કૃતિનો વિકાસ અને સમાજની પ્રગતિ થાય છે. અહીંયા શૈક્ષણિક સ્થિતિનો સંબંધ ઔપચારિક શિક્ષણ સાથે રહેલો છે. સામાજિક કાર્યકર તરીકે તમારે એ બાબત સમજવી રહી કે આપણે કોઈપણ વ્યક્તિ, જૂથ કે સમુદાયને અક્ષર જ્ઞાન ન હોય તો અભણ તરીકેનું સંબોધન કરવાનું નથી. તે નિરક્ષર હોઈ શકે પણ અભણ નહીં તેથી તે બાબતની કાળજી લેવી. શિક્ષણએ વ્યક્તિ, જૂથ અને સમુદાયને સર્વાંગી રીતે વિકસવામાં અને સમાજમાં નાગરિક સુશાસન લાવવામાં મદદરૂપ બને છે. તેથી ક્ષેત્રકાર્ય દરમિયાન તમારે વિદ્યાર્થી કાર્યકર તરીકે ગામની શૈક્ષણિક સ્થિતિ અંગે નીચેની બાબતો સમજવી.

- ક્ષેત્રકાર્ય ગામમાં સાક્ષરતાનું પ્રમાણ જેમાં સ્ત્રીઓ-પુરુષોની સાક્ષરતા અંગેની જાણકારી મેળવવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં સાક્ષરતા અને નિરક્ષરતા હોવાના કારણો સમજવા.
- હાલમાં શિક્ષણ મેળવી રહેલા બાળકો, યુવાનો શું શિક્ષણ, કેવી રીતે, ક્યાંથી મેળવી રહ્યા છે તેની જાણકારી મેળવવી.
- જે બાળકો-યુવાનો શિક્ષણ મેળવી રહ્યા છે તેમાં અનિયમિતતા, શિક્ષણની ગુણવત્તા, ડ્રોપ ઓઉટ, સુવિધાઓનું પ્રમાણ સમજવું.
- ઔપચારિક શિક્ષણ મેળવવું. તેને એક વિકાસની તક તરીકે જોતાં ગામમાં કઈ જ્ઞાતિ, જૂથ, વર્ગના લોકો આ તકથી વંચિત રહી જાય છે, તેને સમજવું.
- ક્ષેત્રકાર્ય ગામમાં રહેલી શિક્ષણ સંબંધિત સમસ્યાઓ જાણવી.
- ગામમાં શિક્ષણ અધિકાર (મફત અને ફરજિયાત) અધિનિયમ પ્રમાણે કાર્યરત સ્કૂલ મેનેજમેન્ટ કમિટી (SMC)ની ભૂમિકા, કામગીરી, કાર્ય પદ્ધતિ, ધારાધોરણોનું પાલન અને અસરકારકતા-મર્યાદા સમજવી.
- ગામમાં શિક્ષણ માટે કાર્યરત સરકારી વ્યવસ્થાઓ-સુવિધાઓની વિચારધારા, કાર્યપદ્ધતિ, માળખું, કર્મચારીઓ, નાણાભંડોળ, લાભાર્થી, લાભાર્થી યોજનાઓ અને કાર્યક્રમો, તેનો અમલ, તેની કામગીરીની અસરકારકતા અને મર્યાદાઓની વિગતવાર જાણકારી અને સમજ મેળવવી. દા.ત. પ્રાથમિક શાળા, હાઈસ્કુલ , કોલેજ વગેરે.
- ગામમાં શિક્ષણના પ્રમાણમાં સુધાર લાવવા માટે સ્વૈચ્છિક રીતે અને બિન સરકારી સંસ્થાઓ દ્વારા કાર્યરત વ્યવસ્થાઓ-સુવિધાઓની વિચારધારા, કાર્યપદ્ધતિ, માળખું, કર્મચારીઓ, નાણાભંડોળ, લાભાર્થી, લાભાર્થી યોજનાઓ અને કાર્યક્રમો, તેનો અમલ, તેની કામગીરીની અસરકારકતા અને મર્યાદાઓની વિગતવાર જાણકારી અને સમજ મેળવવી. દા.ત. પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, કૉલેજ, વૈકલ્પિક શાળા, છાત્રાલય, આશ્રમશાળા વગેરે.

અંતે તમારે વિદ્યાર્થી કાર્યકર્તા તરીકે તમારા ક્ષેત્રકાર્ય ગામમાં શિક્ષણની પરિસ્થિતિથી વાકેફ બનવું. તેના માટે કાર્યરત વ્યવસ્થાની ભૂમિકા અને કામગીરી સમજવી. આ બંને વચ્ચે કઈ ખાઈ/ખામીઓ, મર્યાદાઓ રહેલી છે તે સમજવી. તેના આધારે સમસ્યાની ઓળખ કરવી, સમસ્યાઓનો ઉકેલ શું હોઈ શકે તે માટેના પગલાંઓ સૂચવવા એ ક્ષેત્રકાર્ય કામગીરીનું મહત્ત્વનું અંગ છે.

**તમારી પ્રગતિ ચકાસો (બ.)**

1. એક સામાજિક કાર્યકર તરીકે અક્ષર જ્ઞાન ન ધરાવતા લોકોને કેવું સંબોધન ન કરવું જોઈએ.

   અ. નિરક્ષર　　બ. અભણ　　ક. ગ્રામીણ　　ડ. એક પણ નહિ

2. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોના ડ્રોપ આઉટ માટે કયા કારણો જવાબદાર ગણાવી શકાય.

   અ. બાળમજૂરી　　બ. કુટુંબની નબળી આર્થિક સ્થિતિ

   ક. જાગૃતાનો અભાવ　　ડ. આગળના દરેક

3. શિક્ષણ અધિકાર (મફત અને ફરજિયાત) અધિનિયમ2009 અંતર્ગત ગામમાં કઈ સમિતિ બનાવવામાં આવે છે.

   અ. ગામ શિક્ષણ સમિતિ　　　　બ. શાળા વ્યવસ્થાપન સમિતિ

   ક.શાળા શિક્ષણ સમિતિ　　　　ડ. એક પણ નહિ

4. ક્ષેત્રકાર્ય ગામમાં સાક્ષરતાનું પ્રમાણ ______ ટકા સ્ત્રી અને ______ ટકા પુરુષોમાં જોવા મળે છે.

5. ક્ષેત્રકાર્ય ગામમાં ________________ જ્ઞાતિઓમાં શિક્ષણનું પ્રમાણ નીચું છે, જેના ________________ કારણો જોવા મળે છે.

6. ક્ષેત્રકાર્ય ગામમાં શિક્ષણ સંબંધિત અમલમાં આવતા કાર્યક્રમો અને યોજનાઓ જણાવો.

## 3.5 ક્ષેત્રકાર્ય ગામની સામાજિક- ધાર્મિક સ્થિતિ, સમસ્યાઓ અને સંસ્થાઓની અસરકારકતા-મર્યાદા

### 3.5.1 ગામની સામાજિક સ્થિતિ અને સમસ્યાઓ

સમાજ એ સામાજિક સંબંધોની વ્યવસ્થા અને જાળ છે. એરીસ્ટૉટલના મતે માનવી એક સામાજિક પ્રાણી હોવાથી માનવીનો સર્વાંગી વિકાસ સમાજમાં અને સમાજને લીધે શક્ય બને છે. સામાજિક વ્યવસ્થા વ્યક્તિને સમાજમાં સન્માન, દરજ્જો અને સ્થાન અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે જ તેના વિકાસ માટે પણ મહત્ત્વની વ્યવસ્થા છે. તેથી ક્ષેત્રકાર્ય દરમિયાન વિદ્યાર્થી કાર્યકર્તાએ આ સામાજિક વ્યવસ્થાઓની સમજ મેળવવી જરૂરી બને છે. આ વ્યવસ્થાને નીચેની બાબતો આધારિત સમજી શકાય.

- ક્ષેત્રકાર્ય ગામમાં કુટુંબ, લગ્ન અને જ્ઞાતિ સંસ્થાઓના કાર્યોથી પરિચિત થતા તેની અસરકારકતા અને મર્યાદાઓ સમજવી.
- અન્ય ગામો કે અન્ય સમાજોની સરખામણીમાં ક્ષેત્રકાર્ય ગામના કુટુંબો, લગ્ન અને જ્ઞાતિ સંસ્થાઓની વિશેષતાઓને સમજવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં પહેલાંની સરખામણીમાં કુટુંબ, લગ્ન, અને જ્ઞાતિ સંસ્થાઓમાં આવેલા બદલાવને સમજવો.
- ક્ષેત્રકાર્ય ગામમાં કુટુંબ-કુટુંબ, જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેના વ્યવહારો અને આંતરક્રિયાઓને સમજવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં જ્ઞાતિ સંસ્થામાં રહેલા ઊંચનીચના ભેદભાવને સમજવા.
- ક્ષેત્રકાર્ય ગામમાં સામાજિક વ્યવસ્થાના ભાગરૂપ સ્ત્રી-પુરુષની અસમાનતા અને સ્ત્રીપુરુષ રેશિયાની સ્થિતિને સમજવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં ત્રણેય સંસ્થાઓના એવા કયાં રિવાજો-ધોરણો-પ્રથાઓ કોઈ વ્યક્તિ, જૂથને નુકસાનકારક થાય છે તેને ઓળખવા. દા.ત. બાળ લગ્ન, વિધવા પુનઃ લગ્ન કરવાની મનાઈ, સ્ત્રી ભ્રૂણહત્યા, દહેજ.

ક્ષેત્રકાર્ય દરમિયાન ગામમાં સામાજિક પરિસ્થિતિ આધારિત સમજ મેળવી. ક્ષેત્રકાર્ય ગામની સામાજિક સમસ્યાઓની ઓળખ કરવી. આ સામાજિક સમસ્યાઓના ઉકેલ માટે કેવી રણનીતિ બનાવીને સામાજિક સુધારણા લાવી શકાય તેના રસ્તાઓ શોધવા રહ્યા. જેનાથી ગામની સામાજિક વ્યવસ્થા ગામના દરેક વ્યક્તિને સન્માન, ગૌરવ અને વિકાસનું પ્લેટફોર્મ બની રહે.

### 3.5.2 ગામની ધાર્મિક સ્થિતિ અને સમસ્યાઓ

ધર્મ એ માનવીની સાર્વભૌમ પ્રવૃત્તિ છે. સમાજમાં ધર્મએ લોકોની આસ્થા, શ્રદ્ધા અને કુદરતી શક્તિ પ્રત્યે ડરના માધ્યમથી સમાજને નિયંત્રિત કરે છે. આ ધર્મની વ્યવસ્થા ઘણીવાર વ્યક્તિને તર્કથી દૂર રાખે છે. જેના પરિણામે જ્ઞાતિ, સમાજ પોતાનું પછાતપણું જાળવતું જીવન જીવે છે. સામાન્ય રીતે

ભારતીય ગામડાઓમાં આ પરિસ્થિતિ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેથી વિદ્યાર્થી તરીકે તમારે ધર્મ અને ક્ષેત્રકાર્ય ગામના પછાતપણા વચ્ચે રહેલા સંબંધને સમજવો જરૂરી છે. તેનાથી ઊભી થતી સમસ્યાઓ જાણી તેમાં સુધારણા માટેના પગલાંઓ પણ આપવા જોઈએ. નીચેના મુદ્દાઓ આધારિત ધાર્મિક સ્થિતિ અને સમસ્યાઓ સમજી શકાય.

- ક્ષેત્રકાર્ય ગામમાં વસવાટ કરતાં જુદાજુદા ધર્મના લોકોની વસ્તી.
- ક્ષેત્રકાર્ય ગામમાં ધર્મ પ્રમાણેના રિવાજો-તહેવારો-ઉત્સવો જાણવા.
- ક્ષેત્રકાર્ય ગામમાં ધર્મ પ્રમાણે રહેલા અંધશ્રદ્ધાના તત્ત્વોની જાણકારી મેળવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં ધર્મ પ્રમાણે સમાજને ટકાઉનાર તત્ત્વોની ઓળખ કરવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં ધર્મ પ્રમાણે રહેલા અંધશ્રદ્ધાના તત્ત્વોના કારણે કોઈ વ્યક્તિ, જૂથ અને વર્ગને થતું નુકસાન કે શોષણને સમજવું.
- ક્ષેત્રકાર્ય ગામમાં લોકોની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા કે વિકાસ પ્રત્યેના દૃષ્ટિકોણ પણ તપાસતા રહેવું.
- ક્ષેત્રકાર્ય ગામમાં ધર્મ કારણે ઊભા થતા સત્તાના અને ઊંચનીચના સંબંધોની સમજ મેળવવી.

**તમારી પ્રગતિ ચકાસો (ક.)**

1. __________ ના મતે 'માનવી એક સામાજિક પ્રાણી હોવાથી માનવીનો સર્વાંગી વિકાસ સમાજમાં અને સમાજને લીધે શક્ય બને છે.'

   અ. પ્લોટો  બ. મનુભાઈ પંચોલી  ક. એરીસ્ટૉટલના  ડ. એરિક્સન

2. કુટુંબ __________________ સંસ્થા છે.

   અ. આર્થિક  બ. ધાર્મિક  ક. રાજકીય  ડ. સામાજિક

3. ભારતીય ગ્રામીણ સમાજમાં સામાજિક રીતે કઈ જ્ઞાતિ પ્રત્યે સૌથી વધુ ભેદભાવ રાખવામાં આવે છે.

   અ. દલિત  બ. આહદવાસી  ક. વણજારા  ડ. એક પણ નહિ

4. તમારા ક્ષેત્રકાર્ય ગામમાં 0 થી 6 વર્ષના 1000 પુરુષ બાળકોમાં __________________ સ્ત્રી પ્રમાણ અને 1000 પુરુષમાં ________________ સ્ત્રી પ્રમાણ જોવા મળે છે.
5. તમારા ક્ષેત્રકાર્ય ગામમાં જોવા મળતી સામાજિક સમસ્યાઓ જણવો.
6. તમારા ક્ષેત્રકાર્ય ગામમાં જોવા મળતી ધાર્મિક સમસ્યાઓ જણવો.

## 3.6 ક્ષેત્રકાર્ય ગામનું વાસ્તવિક સ્વરૂપ

ગ્રામીણ સમુદાય અંગેના અનેક આદર્શ તત્ત્વોની ચર્ચા અનેક જગ્યાએ આપણે થતી જોઈએ છે. જેમ કે કુદરતના ખોળામાં હસતું-રમતું ગામડું, અનેક જ્ઞાતિની વિવિધતામાં એકતાનું દર્શન કરાવતું ગામડું, સાદું જીવન અને લોકલાગણીથી ભરપૂર એવું ગામડું, જ્યાં સુવિધાઓ ઓછી પરંતુ સંતોષ વધુ તેવું ગામડું વગેરે ગામડા અંગેની આવી અનેક કહાનીઓ બની છે. પરંતુ અહીંયા વિદ્યાર્થી તરીકે તમારે સામાજિક કાર્યકરનો દૃષ્ટિકોણ રાખીને ગામડાની વાસ્તવિક સ્થિતિને સમજવાની છે. શું આવી આદર્શવાળી સ્થિતિ તમારા ક્ષેત્રકાર્ય ગામમાં જોવા મળે છે ? શું આ આદર્શોની આડમાં કોઈકનું શોષણ, અપમાન અને નીચા દરજ્જામાં ધકેલવાના પ્રયત્નો થાય છે ? શું ખરા અર્થમાં એકતાના દર્શન થાય છે ? તેથી જરૂરી છે તેના વાસ્તવિક સ્વરૂપને સમજવું જેના માટે નીચે મુજબની બાબતો સમજવી.

- ક્ષેત્રકાર્ય ગામમાં લોકજીવનમાં એકબીજા પરની આધારિતતા (પરસ્પરાવલંબન) સમજવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં જ્ઞાતિ-જ્ઞાતિ, વૉર્ડ-વૉર્ડ વચ્ચેના લોકોના સંબંધો સમજવા.
- ક્ષેત્રકાર્ય ગામમાં લોકોની જીવન જરૂરિયાતોની જાણકારી મેળવી.

- ક્ષેત્રકાર્ય ગામમાં લોકોના જીવન પર આધુનિકરણની અસરો તપાસવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં થયેલ ઔદ્યોગિકરણની અસરોની વિશેની જાણકારી મેળવવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં જ્ઞાતિ પ્રમાણે તેની ગતિશીલતા અને કાર્યકારણ સંબંધને સમજવો.
- ક્ષેત્રકાર્ય ગામના ઇતિહાસને સમજવો જેમાં ગામની સ્થાપના ક્યારે, કેવી રીતે થઈ, ગામનું નામ કેવી રીતે પડ્યું, હાલના વસવાટ કરતાં લોકો કેવી રીતે ગામ સમુદાયના ભાગ બન્યા. ગામમાં મહત્ત્વની ઘટનાઓ અને પરિવર્તનના પરિબળો ક્યારે, કેવી રીતે બન્યા તેની જાણકારી મેળવવી. ગામમાં વિકાસના કામો ક્યારથી કેવી રીતે શરૂ થયા વગેરે.
- ક્ષેત્રકાર્ય ગામ સમુદાયમાં વચ્ચે રહેલા સંઘર્ષ અને સહકારના પરિબળો જાણવા.

**તમારી પ્રગતિ ચકાસો (ડ.)**

1. સામાન્ય રીતે ગ્રામીણ સમુદાયનું લોકજીવન ________________ પ્રકારનું જોવા મળે છે.

   અ. સ્વાવલંબી બ. આળસુ ક. કામગરા ડ. પરસ્પરાવલંબન

2. વર્તમાન ગ્રામીણ લોકજીવન પર ઔદ્યોગિકરણના કારણે કઈ અસરો પડી રહી છે.

   અ. સ્થળાંતર બ. જરૂરિયાતોનું પ્રમાણ વધવું

   ક. જમીન લે-વેચ ડ. આગળના દરેક

3. વર્તમાન ગ્રામીણ લોકજીવન કઈ સામુદાયિક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે.

   અ. સામુદાયિક નિયમોની ઉપેક્ષા બ.એકબીજાને મદદરૂપ બનવાની ભાવના

   ક. શહેરીકરણનો પ્રભાવ ડ. આગળના દરેક

4. તમારા ક્ષેત્રકાર્ય ગામમાં જોવા મળતું ઊંચનીચ સંબંધોનું વર્ણન કરો.
5. તમારા ક્ષેત્રકાર્ય ગામનો ઇતિહાસ વર્ણવો.
6. તમારા ક્ષેત્રકાર્ય ગામના સહકાર અને સંઘર્ષના પરિબળોની ચર્ચા કરો.

## 3.7 સારાંશ

આ એકમમાં તમે સમાજકાર્ય શિક્ષણમાં આપના પ્રથમ સત્રના ક્ષેત્રકાર્ય ગામમાં કરવાની કામગીરીનો પરિચય કર્યો. જે અંતર્ગત ક્ષેત્રકાર્ય ગામમાં કરવાની પ્રત્યક્ષ કામગીરીના મુદ્દાઓની સ્પષ્ટતા મળી. ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને આરોગ્ય, શિક્ષણ, સામાજિક, ધાર્મિક સ્થિતિ અને સમસ્યાઓની સમજ મેળવી. ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને ગામમાં વાસ્તવિક સ્વરૂપમાં રહેલી સમસ્યાઓની સમજ મેળવી. ઉપરાંત સમસ્યાઓના ઉકેલના પગલાંઓની ઓળખ કરી.

## 3.8 શબ્દાર્થ

**આરોગ્ય** : આરોગ્ય એટલે શારીરિક , માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ, ફક્ત રોગ, માંદગી કે અશક્તિનો અભાવ નહીં.

**શિક્ષણ** : શિક્ષણ એટલે વ્યક્તિમાં અક્ષર જ્ઞાનની સાથે બુદ્ધિશક્તિ, તર્કશક્તિ અને વ્યક્તિત્વનો વિકાસ સમાયેલો છે.

**સમસ્યા** : દબાણ, તંગદીલી, સંઘર્ષ કે હતાશા સર્જનારી અને કોઈ જરૂરિયાતની પરિપૂર્તિમાં વિક્ષેપ પેદા કરનારી કોઈપણ પરિસ્થિતિ તે સમસ્યા છે.

## 3.9 સ્વાધ્યાય

ક્ષેત્રકાર્ય ગામમાં કોઈ એક કુપોષિત બાળકના કુટુંબનો એકમ અભ્યાસ કરી તેનો કેસ સ્ટડી અહેવાલ જમા કરાવવો.

## 3.10 પ્રવૃત્તિ

ક્ષેત્રકાર્ય અંગે પ્રેરણા, પ્રોત્સાહન અને દષ્ટિકોણ મળી રહે તે માટે 'પ્રકાશની પગદંડી' પુસ્તકનું વાંચન કરી તેના બે પૃષ્ઠની નોંધ કરવી.

## 3.11 એકમ અભ્યાસ

ક્ષેત્રકાર્ય ગામમાં કોઈ એક કુપોષિત બાળકના કુટુંબનો એકમ અભ્યાસ કરવો. જેમાં કુપોષણના કારણો, અસરો અને કુટુંબની મર્યાદાઓ સમજવી.

## 3.12 સંદર્ભગ્રંથ

ભાવે, સંજય શ્રીપાદ. પ્રકાશની પગદંડીઓ, સ્વમાન પ્રકાશન, અમદાવાદ.

સલ્લા, મનસુખ. પહેલ અને પુરુષાર્થ, ડેવલોપમેન્ટ સપોર્ટ સેન્ટર, અમદાવાદ.

સલ્લા, મનસુખ. લોકસહયોગથી વિકાસ ભણી. નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.

## 3.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

તમારી પ્રગતિ ચકાસો (અ.) 1. ક. વિશ્વ આરોગ્ય સંસ્થા 2. ડ. આગળના દરેક 3. બ. 20000 થી 30000 4., 5. અને 6. પ્રશ્નોના ક્ષેત્રકાર્યના અનુભવ આધારિત જવાબ આપવા. (બ.) 1. બ. અભણ 2. ડ. આગળના દરેક 3. બ. શાળા વ્યવસ્થાપન સમિતિ 4., 5. અને 6. પ્રશ્નોના ક્ષેત્રકાર્યના અનુભવ આધારિત જવાબ આપવા. (ક.) 1. ક. એરીસ્ટૉટલ 2. ડ. સામાજિક 3. અ. દલિત 4., 5. અને 6. પ્રશ્નોના ક્ષેત્રકાર્યના અનુભવ આધારિત જવાબ આપવા. (ડ.) 1. ડ. પરસ્પરાવલંબન 2. ડ. આગળના દરેક 3. ડ. આગળના દરેક 4., 5. અને 6. પ્રશ્નોના ક્ષેત્રકાર્યના અનુભવ આધારિત જવાબ આપવા.

# એકમ-4 ગ્રામીણ ક્ષેત્રકાર્ય દરમિયાન કામગીરી-2

: રૂપરેખા :


**4.1** ઉદ્દેશો

**4.2** પ્રસ્તાવના

**4.3** ક્ષેત્રકાર્ય ગામની રાજકીય સ્થિતિ, સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી

- **4.3.1** ગામમાં નેતૃત્વની સ્થિતિ અને સમસ્યા
- **4.3.2** ગામમાં વિકાસની સ્થિતિ અને સમસ્યા
- **4.3.3** ગામમાં રાજકીય ક્ષેત્રે પંચાયત, ગ્રામસભા અને સમિતિઓની કામગીરી અન તેની અસરકારકતા-મર્યાદા

**4.4** ક્ષેત્રકાર્ય ગામની આર્થિક સ્થિતિ, સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી

- **4.4.1** ગામમાં લોકોના આજીવિકાના સાધનોની સ્થિતિ અને સમસ્યાઓ
- **4.4.2** ગામમાં લોકોની આર્થિક સ્થિતિ અને સમસ્યાઓ
- **4.4.3** ગામમાં આર્થિક ક્ષેત્રે કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી અને તેની અસરકારકતા-મર્યાદા
- **4.4.4** ગામમાં ઔદ્યોગિકરણની અસરો અને સમસ્યાઓ

**4.5** ક્ષેત્રકાર્ય ગામમાં કુદરતી સંસાધનોની સ્થિતિ અને સમસ્યાઓ

**4.6** ક્ષેત્રકાર્ય ગામમાં વિકાસને ઉપયોગી સંસાધનોની ઓળખ

**4.7** સારાંશ

**4.8** શબ્દાર્થ

**4.9** સ્વાધ્યાય

**4.10** પ્રવૃત્તિ

**4.11** એકમ અભ્યાસ

**4.12** સંદર્ભગ્રંથ

**4.13** 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 4.1 ઉદ્દેશો

આ એકમમાં અમે સમાજકાર્ય શિક્ષણમાં આપના પ્રથમ સત્રના ક્ષેત્રકાર્ય ગામમાં કરવાની કામગીરી અંગેની ચર્ચા કરી છે. આ એકમનો અભ્યાસ અને ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કર્યા બાદ તમે-

- ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને ગામની રાજકીય વ્યવસ્થામાં નેતૃત્વ, વિકાસ અને કાર્યરત વ્યવસ્થાઓની સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવી તેમાં ઉકેલના પગલાંઓ આપશો.
- ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને ગામ લોકોના આજીવિકાના સાધનો, આર્થિક સમસ્યાઓ અને તેમાં કાર્યરત વ્યવસ્થાઓની સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવી તેમાં ઉકેલના પગલાંઓ આપશો.
- ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને ગામમાં ઔદ્યોગિકરણ સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવી તેમાં સુધારણાના પગલાંઓ આપશો.

- ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને ગામમાં કુદરતી સંસાધનોની સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવી તેમાં સુધારણાના પગલાંઓ આપશો.
- ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને ગામના વિકાસમાં ઉપયોગી સ્થાનિક અને બાહ્ય સંસાધનોની ઓળખ કરશો.

## 4.2 પ્રસ્તાવના

પ્રસ્તુત એકમમાં તમે ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને રાજકીય સ્થિતિમાં નેતૃત્વની સમસ્યા અને વિકાસની સમસ્યાઓની જાણકારી મેળવશો. રાજકીય વ્યવસ્થામાં કાર્યરત વ્યવસ્થા પંચાયત, ગ્રામસભા અને સમિતિઓની કામગીરીની અસરકારકતા-મર્યાદાઓની ચકાસણી કરશો. ક્ષેત્રકાર્ય ગામની આર્થિક સ્થિતિમાં લોકોના આજીવિકાના સાધનોની સમસ્યાઓ અને આર્થિક સમસ્યાઓમાં ગામની ગરીબીની સમજ મેળવવી. ગામની આર્થિક વ્યવસ્થાઓમાં સહકારી મંડળી, બૅંક, સ્વ સહાય જૂથો, પીડીએસ અને સરકારની સીધી રોજગારી આપતી યોજનાઓની ગામના ગરીબ લોકોને કેવી રીતે ઉપયોગી બને છે તેની તપાસ કરી સંવેદનશીલતા કેળવવી. ક્ષેત્રકાર્ય ગામમાં થયેલ ઔદ્યોગિકરણની સમસ્યાઓ અને ગામલોકોને ઉપયોગિતાના સંદર્ભમાં તેનું મૂલ્યાંકન કરવું. ગામના કુદરતી સંસાધનોની સ્થિતિમાં તેની માલિકી અને સહિયારાપણું ચકાસતા તેની સમસ્યાઓની જાણકારી મેળવવી. ઉપરાંત ક્ષેત્રકાર્ય ગામના વિકાસમાં ઉપયોગી સ્થાનિક અને બાહ્ય તથા સરકારી અને બિનસરકારી સંસાધનોનો પરિચય અને ઓળખ કરશો જે તમને આવતા સત્રમાં કરવાની કામગીરીમાં સહાયક બનશે. ગામમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે તમારે સમાજકાર્યના સૈદ્ધાંતિક જ્ઞાનને અમલીકૃત કરવું.

## 4.3 ક્ષેત્રકાર્ય ગામની રાજકીય સ્થિતિ, સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી

પ્રત્યેક સમાજની અંદર કોઈને કોઈ સ્વરૂપની રાજકીય વ્યવસ્થા અસ્તિત્વ ધરાવતી હોય છે. જે વ્યક્તિ અને સમાજની આવશ્યતાઓની પૂર્તિમાં સહાયક બને છે. સમાજમાં શાંતિ અને સુવ્યવસ્થા હોય તો જ વ્યક્તિનો વિકાસ સંભવ બને છે. જેની કામગીરી રાજકીય વ્યવસ્થા દ્વારા કરવામાં આવે છે. ગામની અંદર રાજકીય વ્યવસ્થા નિર્ણયકર્તાની ભૂમિકા ભજવનાર અગત્યનું પરિબળ છે. કોઈપણ સમાજની તાસીરને સમજવા માટે તેની રાજકીય વ્યવસ્થાને જો સમજવામાં આવે તો ઝડપથી સમજી શકાય છે. કરણ કે તે સમાજનું દર્પણ છે. તમારા ક્ષેત્રકાર્ય ગામની રાજકીય સ્થિતિ, સમસ્યાઓની સમજ સાથે તેમાં કાર્યરત વ્યવસ્થાઓની અસરકારકતાને સમજવાથી તમારી ભવિષ્યમાં ગામમાં કામગીરી કરવાની સુશાસનની દૃષ્ટિ(વિઝન) કેળવવાની છે.

### 4.3.1 ગામમાં નેતૃત્વની સ્થિતિ અને સમસ્યા

નેતૃત્વને બીજી રીતે કહેવું હોય તો ગામની નેતાગીરી કે આગેવાની. સામાન્ય રીતે એક ધારણા એવી છે કે ગામડાઓમાં નેતાગીરી પર જ્ઞાતિ વર્ચસ્વની મોટી પકડ હોય છે. જેના પરિણામે ગામમાં નેતૃત્વને લગતી અનેક સમસ્યાઓ પેદા થતી હોય છે. તો તમારા ક્ષેત્રકાર્ય ગામમાં નેતૃત્વની સ્થિતિ અને સમસ્યાઓ શું રહેલી છે તેની નીચેના મુદ્દાઓ આધારિત સમજ મેળવી જોઈએ.

- ગામમાં આગેવાનો કે નેતાઓની ઓળખ કરવી.
- ગામની નેતાગીરીમાં કઈ જ્ઞાતિઓનું વર્ચસ્વ જોવા મળે છે તેને સમજવું, તેમજ તેમાં મહિલાઓની આગેવાની સમજવી.
- આ નેતાગીરીમાં રહેલા નેતૃત્વના ગુણો, કાર્ય પદ્ધતિ અને કામગીરીને સમજવા.
- આ નેતાગીરી દ્વારા લેવાતા નિર્ણયો કે કાર્યોની હકારાત્મક અને નકારાત્મક બાબતોથી સ્પષ્ટ થવું.
- ગામમાં નેતૃત્વની બાબતમાં આવેલા બદલાવને સમજવો.
- ગામમાં નેતાગીરી અને રાષ્ટ્રીય રાજકીય પક્ષો વચ્ચેના સંબંધને તપાસવો.
- આ દરેક નેતાગીરી પોતાના ગામ વિકાસ વિશે શું વિચારો ધરાવે છે, તે સમજવા.
- ગામમાં લોક સહકાર, વિકાસમાં અડચણરૂપ અને મદદરૂપ બનતી નેતાગીરીને સમજવી.

### 4.3.2 ગામમાં વિકાસની સ્થિતિ અને સમસ્યા

વિકાસ એટલે વ્યક્તિગત પસંદગીમાં વધારો, આવકમાં સુધારો, આરોગ્ય અને શિક્ષણ સેવાઓમાં સુધારો, સાંસ્કૃતિક મૂલ્યો સામાજિક જીવનમાં બંધુત્વ, સુગ્રથિતાની જાળવણી છે. વિકાસએ સમાજમાં પોતાના વિકાસને આધાર આપતી પ્રક્રિયા છે. માનવીની જરૂરિયાતનો સંતોષ એટલે વિકાસ. વિકાસ એ માનવીને જાગૃત કરી, સ્વનિર્ભર તથા સ્વમાની બનાવી શોષણમાંથી મુક્તિ અપાવે છે. તમારા ક્ષેત્રકાર્ય ગામમાં વિકાસ સંબંધિત સ્થિતિ અને સમસ્યાઓને નીચેના મુદ્દાઓ આધારિત સમજવું.

- ગામમાં અમલીકૃત ગ્રામવિકાસની યોજનાઓ- કાર્યક્રમોની જાણકારી મેળવી, ગામલોકોની જાગૃતતા તપાસવી.
- આ યોજનાઓની અમલીકરણની પ્રક્રિયા સમજવી જેમાં રહેલી અડચણો, મુશ્કેલીઓ શું લોકોને લાભથી વંચિત રાખે છે ? અને શું સાચા અર્થમાં લાભાર્થી સુધી તેનો લાભ મળે છે ખરો ? તેને ખાસ સમજવું.
- ગામમાં વિકાસ યોજનાઓનો અમલ થવાથી ક્ષેત્ર જેમકે શિક્ષણ, આરોગ્ય, આર્થિક અને સામાજિક વગેરેમાં પડેલ અસરો તપાસવી.
- ગામમાં વિકાસ યોજના અમલ અને લાભની પ્રક્રિયામાં રહેલા ભ્રષ્ટાચારને તપાસવો.
- ગામના વિકાસમાં લોકોના નિર્ણયને શું, કેવી રીતે, કયાં સામેલ કરવામાં આવ્યો તેની સમજ મેળવવી. એટલે કે લોકશાહી અને લોકભાગીદારીની સ્થિતિ સમજવી. તેમાં ખાસ દલિત, માહિલાઓ અને વંચિત સમૂહોની સામેલગીરી જોવી.
- ગામમાં વિકાસ યોજનાઓથી ઊભા થયેલા માળખાઓની તમારે જાત તપાસ કરી નિરીક્ષણના માધ્યમથી તેની ગુણવત્તા , ઉપયોગિતાને સમજવી.
- ગામમાં વિકાસ યોજનાઓ પાછળ થયેલ ખર્ચ- આવકનો નાણાકીય હિસાબને સમજવો.
- ગામમાં વિકાસ સંબંધિત રહેલી સંઘર્ષની પરિસ્થિતિને સમજવી.
- ગામ લોકો દ્વારા વિકાસના મુદ્દાઓ કરવામાં આવતી કોઈ લડત કે આંદોલન હોય તો તેને ખાસ સમજવું.

### 4.3.3 ગામમાં રાજકીય ક્ષેત્રે પંચાયત, ગ્રામસભા અને સમિતિઓની કામગીરી અને તેની અસરકારકતા-મર્યાદા

ભારતીય બંધારણમાં સ્થાનિક સ્વરાજના શાસન માટે પંચાયત રાજ વ્યવસ્થાની જોગવાઈ કરવામાં આવી છે. જેને બંધારણીય દરજ્જો 73માં બંધારણીય સુધારા 1992 દ્વારા પ્રાપ્ત થયો છે. પંચાયત રાજ સ્થાનિક શાસન અને વિકાસ સંબંધિત પ્રશ્નોમાં સ્વાયત રીતે કામ કરી શકે તેવા પ્રકારની જોગવાઈ છે. આ સ્થાનિક સ્વરાજની વ્યવસ્થામાં ગ્રામ્ય સ્તરે મુખ્ય ત્રણ વ્યવસ્થાઓ ગ્રામ પંચાયત બોડી, ગ્રામસભા અને સમિતિઓ પોતાની કામગીરી કરે છે. તેથી તમારે આ ત્રણેય વ્યવસ્થાઓની કામગીરી, તેની અસરકારકતા અને મર્યાદાઓ સમજવી.

**ગ્રામ પંચાયત :**

- ગ્રામ પંચાયતનો પ્રકાર, હાલની પંચાયત બોડીની પસંદગીનો પ્રકાર અને ગ્રામ પંચાયતના સભ્યો અંગેની જાણકારી મેળવવી.
- ગામમાં વૉર્ડ પ્રમાણેના પંચાયત બોડીના સભ્યોનો પરિચય કેળવી, તેની કામગીરીની સમજ મેળવવી.
- ગ્રામ પંચાયતને સોંપવામાં આવેલા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના વિકાસ સંબંધિત કાર્યોની જાણકારી મેળવવી.
- ગ્રામ પંચાયતમાં નિભાવવામાં આવતા દસ્તાવેજોની જાણકારી મેળવવી.
- તલાટીકમ-મંત્રીની ફરજો અને જવાબદારીને સમજાવી.

- ગ્રામ પંચાયતના બજેટની પ્રક્રિયા, હેડ, ખર્ચની વિગતો, આવકના સ્રોતોની જાણકારી મેળવવી.
- ગ્રામ પંચાયતની વહીવટી કામગીરી સમજવી, જેમાં કાગળ પર લખાયેલ અને વાસ્તવિક સ્થિતિ સાથે સરખામણી કરવી.
- ગ્રામ પંચાયત બોડીને કામગીરી કરવામાં પડતી મુશ્કેલી જેવી કે લોકભાગીદારી, વહીવટી, ટેકનીકલ અને લોકો તરફના અવરોધોની સમજ મેળવી તેની મર્યાદાઓ ઓળખવી.
- ગામમાં ગ્રામ પંચાયતની કામગીરી કેટલા અંશે, કેવી રીતે અસરકારક છે, તેમાં રહેલી મર્યાદાઓ તપાસી ક્ષમતાવર્ધનના પગલાંઓ આપવા.

**ગ્રામસભા :**

- ગામમાં ગ્રામસભાના સભ્યો, ગ્રામસભાની પ્રક્રિયા, ગામના વિકાસ અને શાસન સંબંધિત કામોમાં ગ્રામસભાનું સ્થાન અને મહત્ત્વને સમજવું. કારણ કે બંધારણમાં ગ્રામસભાને વિશેષ દરજ્જો મળ્યો છે.
- ગામમાં યોજાયેલી ગ્રામસભા, તેમાં લેવાયેલા નિર્ણયો અને તેના અમલની સ્થિતિ સમજવી.
- તમારે ગામમાં મળતી ગ્રામસભામાં હાજર રહીને તેનું નીચે પ્રમાણેનું નિરીક્ષણ કરવું.

  o શું ગ્રામસભામાં આવેલા સભ્યોનું કોરમ પૂરતું છે.

  o ગ્રામસભામાં મહિલા, દલિત અને વંચિત વર્ગની હાજરી અને ભાગીદારી.

  o ગ્રામસભામાં કોણ લોકો વધુ બોલે કે પ્રશ્નો કરે છે.

  o ગ્રામસભામાં વિકાસ અને શાસન સંબંધિત કેવા પ્રકારના પ્રશ્નો પર ચર્ચા થાય છે.

  o ગ્રામસભામાં કેવા કામોને વધુ મહત્ત્વ અને કેવા કામોને ઓછું મહત્ત્વ મળે છે તે સમજવું.

  o ગ્રામસભામાં સરકારી અધિકારીની હાજરી અને ભાગીદારી.

  o ગામ લોકોનો ગ્રામસભા પ્રત્યેનો દૃષ્ટિકોણ સમજવો.

લોકશાહીમાં અસરકારક ગ્રામસભા આધાર સ્તંભ છે. તો આ ગ્રામસભા શું તમારા ક્ષેત્રકાર્ય ગામમાં અસરકારક છે ? જો હા તો કયા ક્ષેત્રમાં, કેવી રીતે અને જો ના તો કઈ મર્યાદાઓ રહી જાય છે જે તેને વધુ અસરકારક બનતા રોકે છે, અવરોધ પેદા કરે છે તે ઓળખવી. આ નકારાત્મક સ્થિતિને દૂર કરવા માટેના પગલાંઓ આપવા.

**સમિતિઓ :**

ગામમાં ગ્રામસભા અને ગ્રામ પંચાયત દ્વારા લેવાતા નિર્ણયોનો અમલ કરવાનું કાર્ય સમિતિઓના માધ્યમથી થતું હોય છે. તેથી આ સમિતિઓની અસરકારક ભૂમિકા ગ્રામ વિકાસને વધુ વેગ આપે છે.

- ગ્રામ પંચાયતમાં રચાતી ફરજિયાત અને મરજિયાત સમિતિઓ અંગેની જાણકારી મેળવવી.
- દરેક સમિતિઓ પ્રમાણે તેમના પ્રતિનિધિ સભ્યોનો પરિચય કરી જાણકારી મેળવવી.
- દરેક સમિતિઓ પ્રમાણે તેની ભૂમિકા, જવાબદારી અને કામગીરીને સમજી તેની અસરકારકતા અને મર્યાદાઓનું મૂલ્યાંકન કરવું.
- સમિતિઓને કામગીરી કરવામાં પડતી મુશ્કેલીઓ, અડચણો અને અવરોધોને સમજવા.

અંતે તમારે સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે ગામની રાજકીય પરિસ્થિતિમાં નેતાગીરી, વિકાસ, પંચાયત, ગ્રામસભા અને સમિતિઓની સમજ મેળવવાની છે. તેમાં રહેલી સમસ્યાઓ, ખામીઓ, મર્યદાઓ ઓળખવાની છે. તેમાં શું કામગીરી, કરવાથી તે અસરકારક બની શકે તેવા સુશાસન વ્યવસ્થાના ક્ષમતાવર્ધન સંબંધિત દૃષ્ટિ(વિઝન) બનાવતા ઉકેલના પગલાંઓ આપવા.

**તમારી પ્રગતિ ચકાસો (અ.)**

1. ગામના વિકાસ માટે કેવા પ્રકારની નેતાગીરી વધુ ઉપયોગી છે.

   અ. આપખુદ  બ. ડમી  ક. અરાજક  ડ. સહભાગી

2. બંધારણના કયા સુધારા દ્વારા ગ્રામ્ય સ્તરે પંચાયતને બંધારણીય દરજ્જો મળ્યો.

   અ. 72મો  બ.73મો  ક. 74મો  ડ. એકપણ નહિ

3. ગ્રામ પંચાયતમાં નીચેનામાંથી કઈ સમિતિ ફરજિયાત સમિતિ છે.

   અ. ગામ વ્યવસ્થાપન  બ. ગ્રામ વિકાસ

   ક. સામાજિક ન્યાય  ડ. આગળની દરેક સમિતિઓ

4. ગામમાં ગ્રામસભાના સભ્ય તરીકે નીચેનામાંથી કોણ હોય છે.

   અ. ગામના દરેક લોકો  બ. 18 વર્ષથી ઉપરના

   ક. 15 વર્ષથી ઉપરના  ડ. ગામ પંચાયતના સભ્યો

5. ગ્રામ પંચાયતની ચૂંટણી સમયે ગામના નાગરિકે કેટલા મત આપવાના હોય છે.

   અ. બે  બ. એક  ક. ત્રણ  ડ. ચાર

6. ક્ષેત્રકાર્ય ગામમાં જોવા મળતી નેતૃત્વ સંબંધિત સમસ્યાઓ વિશે દસ વાક્યો લખો.
7. ક્ષેત્રકાર્ય ગામની ગ્રામસભાની સ્થિતિ અને સમસ્યાઓ વિશે પંદર વાક્યો લખો.
8. ગ્રામ પંચાયતની ક્ષમતાવર્ધનની જરૂરિયાત અંગે દસ વાક્યો લખો.

## 4.4 ક્ષેત્રકાર્ય ગામની આર્થિક સ્થિતિ, સમસ્યાઓ અને કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી

માનવીએ જરૂરિયાતવાળુ પ્રાણી છે. અન્ન, વસ્ત્ર અને આવાસ એ માનવીની ત્રિવિધ જરૂરિયાત છે. આ ત્રણ મૂળભૂત જરૂરિયાતોની પરિપૂર્તિ અર્થે માનવે અર્થવ્યવસ્થાનું નિર્માણ કર્યું છે. દરેક માનવસમાજમાં વ્યક્તિ પોતાના જીવનના અસ્તિત્વને ટકાવી રાખવા તથા જીવનનિર્વાહ કરવા માટે કોઈને કોઈ પ્રકારનું આર્થિક ઉપાર્જન કરતોં હોય છે. તે પોતાના ભૌગોલિક અને સામાજિક પર્યાવરણમાં જીવે છે, તેની મર્યાદામાં રહીને જરૂરિયાતો સંતોષે છે. તમારા ક્ષેત્રકાર્ય ગામમાં આ બાબતોની શું પરિસ્થિતિ છે તેની સમજ આ મુદ્દાઓ આધારિત મેળવવાની છે.

### 4.4.1 ગામમાં લોકોના આજીવિકાના સાધનોની સ્થિતિ અને સમસ્યાઓ

ગામના લોકો જે પ્રવૃત્તિથી પોતાનું જીવનનિર્વાહ કરે છે તેને આજીવિકાનું સાધન કે વ્યવસાય કહેવાય છે. તમારા ક્ષેત્રકાર્ય ગામના આજીવિકાના સાધનો કે વ્યવસાયની સ્થિતિ અને સમસ્યાઓને સમજવામાં નીચેના મુદ્દાઓ મદદરૂપ બની શકે.

- ગામ લોકોના વ્યવસાયો, તેના પ્રકાર, તેમાં જોડાયેલી વસ્તી, કુટુંબો, સ્ત્રી-પુરુષો વગેરેની જાણકારી મેળવવી.
- દરેક વ્યવસાયની બેકવર્ડ અને ફોરવર્ડ લિંકેજની જાણકારી મેળવવી.
- દરેક વ્યવસાયમાં કુટુંબ કે વ્યક્તિને થતી આવક અને કુટુંબ જીવનનિર્વાહની પરિસ્થિતિ સમજવી.
- દરેક વ્યવસાય પ્રમાણે તેની સમસ્યાઓ અને શોષણની સ્થિતિ ઓળખવી.
- ગામ લોકોની આજીવિકાના સાધન સંબંધિત સમસ્યાઓના ઉકેલ માટે આજીવિકા સંવર્ધન અને આજીવિકા સર્જન માટેના પગલાંઓની શોધ કરવી.

### 4.4.2 ગામમાં આર્થિક સ્થિતિ અને સમસ્યાઓ

ગામમાં લોકો પોતાના કુટુંબનું જીવન ગુજરાન યોગ્ય રીતે ન ચલાવી શકવામાં આર્થિક સમસ્યાઓ જવાબદાર પરિબળ તરીકે ગણાવી શકાય. તમારા ક્ષેત્રકાર્ય ગામમાં આવી કઈ સમસ્યાઓ, કોણ, કેવી રીતે ભોગવી રહ્યા છે તેની સમજ મેળવવી.

- ગામમાં વસવાટ કરતાં ગરીબ કુટુંબોને ઓળખવા, તેમજ તેની ગામની બીપીએલની યાદી સાથે સરખામણી કરવી.
- આવા ગરીબ કુટુંબોના ગરીબીના કારણો, અસરો વગેરેની સમજ મેળવવી.
- ગામમાં ગરીબ કુટુંબોને આકસ્મિક કે પ્રસંગોમાં આર્થિક સહાય કોણ કરે છે, શા માટે સહાય કરે છે, તેના માટે દેવું/ધિરાણની વ્યવસ્થા અને તેમાં રહેલી શોષણની રીતને સમજવી.
- ગામમાં ગરીબ કુટુંબોની સરકારની યોજનાઓ અને કાર્યક્રમોમાં લાભની સ્થિતિ અને અસરો તપાસવી.
- ગામ સુખાકારી આંકનું વિશ્લેષણ કરી તેમાં રહેલા સંપતિના સંબંધો અને ગરીબીને સમજવી.
- ગામમાં આર્થિક સમસ્યાઓના કારણે થતું સ્થળાંતર કોણ, શા માટે કરે છે, તેમજ તેની કેવી અસરો પડી રહી છે, તેની સમજ મેળવવી.

### 4.4.3 ગામમાં આર્થિક ક્ષેત્રે કાર્યરત વ્યવસ્થાઓની કામગીરી અને તેની અસરકારકતા-મર્યાદા

ગામમાં લોકોની આર્થિક સમસ્યાઓને ઓછી કરવા માટે કેટલીક વ્યવસ્થાઓ કાર્યરત હોય છે. આ વ્યવસ્થાઓમાં સામાન્ય રીતે સહકારી મંડળીઓ, બૅંક, પોસ્ટઑફિસ, સ્વ સહાય જૂથ, પીડીએસ, સરકારની યોજનાઓ દા.ત. મનરેગા વગેરેનો સમાવેશ થાય છે. આ દરેક વ્યવસ્થાનો ધ્યેય પોતાના લાભાર્થી સમૂહોની આર્થિક પરિસ્થિતિમાં બદલાવ લાવવાનો હોય છે. તમારા ક્ષેત્રકાર્ય ગામમાં આ વ્યવસ્થાઓની કામગીરીને સમજતા તેની અસરકારકતા અને મર્યાદાઓ તપાસવાની છે. જેમાં તમને નીચેના મુદ્દાઓ સંદર્ભિત માહિતી મદદરૂપ બની શકે.

**સહકારી મંડળીઓ :** ગામમાં કાર્યરત સહકારી મંડળીઓ, તેના લાભાર્થી જૂથો, લાભના પ્રકાર અને તેની સ્થિતિને સમજવી. સહકારી મંડળીની નેતાગીરીને સમજવી.

**બૅંક :** ગામમાં કે નજીકના વિસ્તારમાં આવેલી બૅંક જ્યાં તમારા ક્ષેત્રકાર્ય ગામના લોકો નાણાકીય વ્યવહાર કરે છે તેની જાણકારી મેળવવી. બૅંકના કારણે ગામના ગરીબોને કેવી રીતે મદદ મળે છે તેની જાણકારી મેળવવી. દા.ત. લોન, સબસીડી વગેરે.

**પોસ્ટઑફિસ :** ગામમાં પોસ્ટઑફિસ દ્વારા લોકોને અપાતી નાણાકીય સેવાઓ અંગેની જાણકારી મેળવવી. મનરેગા યોજનાઓના ખાતાઓ જાણવા. ગામના લોકોની પોસ્ટઑફિસમાં જુદા જુદા ખાતાઓના માધ્યમથી થતી બચતને જાણવી.

**સ્વ સહાય જૂથ (એસએચજી) :** ગામમાં સ્વ સહાય જૂથોની સંખ્યા, સભ્યો વગેરેની પ્રાથમિક જાણકારી મેળવવી. સ્વ સહાય જૂથોની કામગીરી, કાર્યપદ્ધતિ, અસરકારકતા અને મર્યાદાઓની જાણકારી મેળવવી. સ્વ સહાય જૂથોની મુશ્કેલીઓને સમજવી. સ્વ સહાય જૂથોમાં થતા નાણાકીય વ્યવહારોની જાણકારી મેળવવી.

**પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર (જાહેર વિતરણ વ્યવસ્થા- પીડીએસ) :** ગામમાં કે નજીકના ગામમાં આવેલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારની પ્રાથમિક માહિતી જેવી કે કાર્ડધારકોના પ્રકારો પ્રમાણે વિગતો દા.ત. બીપીએલ, એપીએલ, અંત્યોદય વગેરે, ભંડારની સેવાઓ દા.ત. સસ્તુ અનાજ, કેરોસીન, ખાંડ વગેરે. તેની કાર્યપ્રણાલી વિશેની સમજ મેળવવી. પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારની ગામના ગરીબોને સેવા આપવાની બાબતમાં અસરકરાકતા અને મર્યાદાઓને સમજતા સમસ્યાઓની ઓળખ કરવી.

**સરકારની યોજનાઓ :** તમારા ક્ષેત્રકાર્ય ગામના લોકોને સરકારશ્રી દ્વારા અપાતા યોજનાકીય લાભોમાં સીધી આજીવિકા સંબંધિત મદદવાળી યોજનાઓને સમજવી. દા.ત. મનરેગા કે અન્ય રોજગાર સંબંધિત યોજનાઓ વિશેની સમજ મેળવવી. યોજનાના લાભો, લાભ મેળવવાની પ્રક્રિયા, અમલ કરનાર વિભાગ, લાભાર્થી જૂથો વગેરેની જાણકારી મેળવવી.

### 4.4.4 ગામમાં ઔદ્યોગિકરણની અસરો અને સમસ્યાઓ

અહીંયા ઔદ્યોગિકરણ એટલે તમારા ક્ષેત્રકાર્ય ગામમાં કે નજીકના વિસ્તારોમાં કાર્યરત જુદી જુદી કંપનીઓ, એસઈઝેડ, જીઆઈડીસી કે અન્ય ઔદ્યોગિક પાર્કનો સમાવેશ થાય છે. હાલમાં સરકારશ્રીની ઉદ્યોગો દ્વારા વિકાસને પ્રાધાન્ય આપવાની નીતિ રહી છે. તેના કારણે અનેક ઉદ્યોગો આજે ગામડાંઓની નજીકમાં છે. જેની એક નિશ્ચિત અસરો ગામડાં પર પડી રહી છે. તેથી તેની જાણકારી અને સમજ તમને હોય તે જરૂરી છે. તમારે ક્ષેત્રકાર્ય દરમિયાન આ ઔદ્યોગિકરણ વિશેની નીચે મુજબની જાણકારી મેળવવી.

- ક્ષેત્રકાર્ય ગામની કે નજીકમાં આવેલ ઉદ્યોગો કઈ યોજના પ્રમાણે મુખ્ય છે તેની જાણકારી મેળવવી.
- ગામની જમીન પર આવેલા ઉદ્યોગોની જમીન સંપાદન પ્રક્રિયા સમજવી, તેમાં ગામ લોકોને થયેલા લાભો-ગેરલાભોનું મૂલ્યાંકન કરવું.
- ઔદ્યોગિકરણથી ગામ લોકો પર પડતી હકારાત્મક અને નકારાત્મક અસરોની તપાસ કરવી, જેમાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય અસરોને ધ્યાન પર લેવી.
- જો ગામ લોકો અને ઉદ્યોગો વચ્ચે કોઈ સંઘર્ષની સ્થિતિ હોય તો તેને સવિશેષ રીતે સમજવી.

**તમારી પ્રગતિ ચકાસો (બ.)**

1. ભારતીય ગ્રામીણ સમુદાયની આજીવિકાનું કેન્દ્ર સ્થાન કયું છે.

   અ. ખેતી  બ. પશુપાલન  ક. ગૃહઉદ્યોગ  ડ. ઉદ્યોગો

2. કોઈપણ વ્યવસાય કે આજીવિકાના સાધનની કાર્યક્ષમતાનો આધાર કોના પર છે.

   અ. બેકવર્ડ લિંકેજ  બ. ફોરવર્ડ લિંકેજ

   ક. બેકવર્ડ અને ફોરવર્ડ લિંકેજ  ડ. એક પણ નહિ

3. બૅંકો દ્વારા ખેડૂતોને લોન માટે આપવામાં આવતા કાર્ડનું નામ આપો.

   અ. કિસાન લોન કાર્ડ  બ. કિસાન ક્રેડિટ કાર્ડ

   ક. કિસાન ગોલ્ડ ક્રેડિટ કાર્ડ  ડ. એક પણ નહિ

4. મનરેગા યોજના અંતર્ગત કેટલા દિવસની રોજગારી આપવામાં આવે છે.

   અ. 90  બ.100  ક. 105  ડ. 135

5. ક્ષેત્રકાર્ય ગામની આજીવિકા સંબંધિત સમસ્યાઓ વિશે લખો.
6. ક્ષેત્રકાર્ય ગામના ગરીબીના વિષચક્રની સમજ આપો.
7. ક્ષેત્રકાર્ય ગામની આસપાસના ઔદ્યોગિકરણ વિશે દસ વાક્યો લખો.

## 4.5 ક્ષેત્રકાર્ય ગામમાં કુદરતી સંસાધનોની સ્થિતિ અને સમસ્યાઓ

કુદરતી સંસાધનો એવું જ્યારે કહીએ ત્યારે અહીંયા પાંચ 'જ' નો સમાવેશ થાય છે. જંગલ, જમીન, જળ, જાનવર અને જન જે એકબીજા પર નિર્ભરતાના આદર્શ વ્યવસ્થાપનને જન્મ આપે છે. પરંતુ આજે આ કુદરતી સંસાધનોની વ્યવસ્થાપન અને ઉપયોગિતા સંબંધમાં અનેક સમસ્યાઓ પેદા થઈ છે. તેથી તમારા ક્ષેત્રકાર્ય ગામમાં આવેલા કુદરતી સંસાધનોની સ્થિતિ અને સમસ્યાની સમજ નીચેના મુદ્દાઓ આધારિત મેળવવી.

- ગામમાં આવેલ જંગલ, જમીન અને જળની વિસ્તાર સંબંધિત જાણકારી પદયલનથી મેળવવી જોઈએ.
- જાનવર અને જન અંગેની વસ્તી સંબંધિત જાણકારી મેળવવી.
- ગામમાં કુદરતી સંસાધનોના ટકાઉપણું અને વ્યવસ્થાપન સંબંધિત પ્રશ્નો-સમસ્યાઓને ઓળખવા.

- કુદરતી સંસાધનો પરની માલિકી અને તેનાથી ઊભા થતા ઊંચનીચના ભેદભાવની સ્થિતિને પણ સમજવી.
- તમારા ક્ષેત્રકાર્ય ગામમાં કુદરતી સંસાધનો સંબંધમાં કોઈ સંઘર્ષની પરિસ્થિતિ હોય તો તેને ઉંડાણથી સવિશેષ રીતે સમજવી.
- પર્યાવરણ પ્રદૂષણને કારણે ગામમાં કુદરતી સંસાધનો પર થતી અસરો તપાસવી.

## 4.6 ક્ષેત્રકાર્ય ગામમાં વિકાસને ઉપયોગી સંસાધનોની ઓળખ

ગ્રામ વિકાસ સંબંધી સંસાધનોને આપણે બે ભાગમાં વહેંચીએ છીએ, સ્થાનિક અને બીજા બાહ્ય સંસાધનો. આ સંસાધનોના માધ્યમથી ગામની અંદર વિકાસની કામગીરી થતી હોય છે. આ સંસાધનોમાં પણ બે ભાગ પાડી શકાય એક સ્વૈચ્છિક કે બિન સરકારી સંસ્થાઓ, બીજા સરકારી વિભાગો. તમારા ક્ષેત્રકાર્ય ગામમાં કે બહારથી આવીને સંસાધનો મદદ કરી રહ્યા હોય અથવા મદદ કરી શકવાની શક્યતાઓ લાગતી હોય તો તેની જાણકારી મેળવી ઓળખ કરવી જોઈએ. જેમાં તમને નીચેના મુદ્દાઓ મદદ કરી શકે.

- ક્ષેત્રકાર્ય ગામના સ્થાનિક વ્યક્તિગત સંસાધનો જેવા કે દાયણ, કોઠાસૂઝ ધરાવતી વ્યક્તિઓની ઓળખ કરી જાણકારી મેળવી.
- ક્ષેત્રકાર્ય ગામના અનૌપચારિક મંડળો જેવા કે યુવક મંડળ, મહિલા મંડળ, નવરાત્રિ મંડળ વગેરેની જાણકારી મેળવી.
- ક્ષેત્રકાર્ય ગામમાં આવેલ ઔપચારિક વ્યવસ્થા જેવા કે સહકારી મંડળીઓ, પંચાયત, પ્રાથમિક શાળા, આરોગ્ય કેન્દ્ર, પીડીએસ વગેરેની જાણકારી મેળવવી.
- બાહ્ય સંસાધનો જે ગામમાં આવેલા નથી પરંતુ શું ગામને તેનાથી મદદ મળી શકે તેમ છે ? તો આવા આસપાસના વિસ્તારોમાં કાર્યરત સંસાધનો સ્વૈચ્છિક કે બિનસરકારી સંસ્થાઓની મુલાકાત લઇ તેનો વિસ્તૃત પરિચય મેળવવો.
- સરકારના જુદા જુદા વિભાગોની મુલાકાત લઇ વિસ્તૃત પરિચય મેળવવો. દા.ત. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ડીઆરડીએ, મામલતદાર કચેરી, સમાજ કલ્યાણ વિભાગ, સમાજ સુરક્ષા વિભાગ વગેરે.

ઉપરોક્ત મુલાકાત કરી ઓળખ કરવાનો આશય એ છે કે આ વિભાગો કે સંસ્થાઓ તમારા ક્ષેત્રકાર્ય ગામમાં રહેલી સમસ્યાઓના ઉકેલમાં કે નિવારણમાં પોતાની સેવાઓ આપીને ઉપયોગી બની શકે તેમ છે કે કેમ તેની જાણકારી મેળવવી અને તેની ઉપયોગિતાના સ્તરને સમજવું.

**તમારી પ્રગતિ ચકાસો (ક.)**

1. ક્ષેત્રકાર્ય ગામના કુદરતી સંસાધનોની વધુ ઊંડાણથી જાણકારી નીચેનામાંથી કરી પ્રયુક્તિ દ્વારા જાણકારી મેળવી શકાય.

   અ. મુલાકાત　　બ.ગુણાંકન અને અગ્રતાક્રમ

   ક. પદચલન　　ડ. સુખાકારીનો નિશ્ચિતક્રમ

2. ક્ષેત્રકાર્ય ગામના કુદરતી સંસાધનોની જાણકરી શા માટે મેળવવી જોઈએ.

   અ. પરસ્પરાવલંબન સમજવા　　બ.લોકોના જીવનનો આધાર છે.

   ક. ટકાઉ વિકાસને સમજવા　　ડ. આગળના દરેક

3. નીચેનામાંથી કયું સ્થાનિક સંસાધન નથી.

   અ. મહિલા મંડળ　　બ.દાયણ

   ક. સામુદાયિક આરોગ્ય કેન્દ્ર　　ડ. ગ્રામ પંચાયત

4. ગામમાં મનરેગા યોજનાનું અમલીકરણ સરકારના કયા વિભાગ દ્વારા કરવામાં આવે છે.

અ. સમાજકલ્યાણ  બ. સમાજસુરક્ષા

ક. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી  ડ. મામલતદાર કચેરી

5. ક્ષેત્રકાર્ય ગામના કુદરતી સંસાધનોની સમસ્યાઓ વિશે દસ વાક્યો લખો.

6. ક્ષેત્રકાર્ય ગામમાં ઉપયોગી સ્થાનિક સંસાધનો વિશે લખો.

7. ક્ષેત્રકાર્ય ગામમાં ઉપયોગી બાહ્ય સંસાધનો વિશે લખો.

## 4.7 સારાંશ

આ એકમમાં તમને ક્ષેત્રકાર્ય ગામમાં કરવાની કામગીરીની જાણકારી મળી. જેમાં ક્ષેત્રકાર્ય ગામમાં પ્રત્યક્ષકાર્ય કરીને ગામની રાજકીય સ્થિતિમાં નેતૃત્વ, વિકાસ, ગ્રામ પંચાયત, ગ્રામસભા અને સમિતિઓનો પરિચય કેળવતા તેની અસરકારકતા-મર્યાદાઓથી વાકેફ થયા. ક્ષેત્રકાર્ય ગામ લોકોના આજીવિકાના સાધનો, ગામમાં ગરીબી તેને સંલગ્ન આર્થિક સમસ્યાઓની સમજ મેળવી. આર્થિક સમસ્યાઓને નિવારવા માટેની વ્યવસ્થાઓ સહકારી મંડળીઓ, બૅંકો, સ્વ સહાય જૂથ, પોસ્ટ ઑફિસ, સરકારની સીધી રોજગારની યોજનાઓની અસરકારકતા-મર્યાદાઓ સમજી. ક્ષેત્રકાર્ય ગામમાં ઔદ્યોગિકરણ, કુદરતી સંસાધનોની સ્થિતિ અને સમસ્યાઓની તપાસ કરી. આ ઉપરાંત ગામના વિકાસમાં ઉપયોગી બનવાની શક્યતા ધરાવતા આંતરિક અને બાહ્ય સંસાધનોની ઓળખ કરી. આ દરેક પ્રકારની પ્રત્યક્ષકાર્યની સમજણ તમારામાં ગ્રામ વિકાસ માટેની યોજના બનાવવાની દૃષ્ટિ (વિઝન) અને કલ્પનાઓનો વિકાસ કરે છે.

## 4.8 શબ્દાર્થ

**સંસાધન** : જ્યાંથી લોકોને પોતાની જરૂરિયાતની પૂર્તિ અને વિકાસ માટે ઉપયોગી સીધી વસ્તુઓ કે સેવાઓનો લાભ-ફાયદો મળવાની શક્યતા હોય તેને સંસાધન કહેવામાં આવે છે.

**લોકભાગીદારી** : લોકોના જીવનને અસર કરનાર સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય પ્રક્રિયામાં લોકો પોતે સામેલ થઈ તેમાં હસ્તક્ષેપ કરે તેને લોકભાગીદારી કહેવામાં આવે છે.

**નેતૃત્વ** : લોકશાહીની પ્રક્રિયા અને મૂલ્યો જાળવવામાં અગત્યની ભૂમિકા ભજવનાર વ્યવસ્થા છે.

**વિકાસ** : વિકાસ એટલે ઇચ્છનીય ફેરફારની પ્રક્રિયા જેમાં લોકોનું જીવનધોરણ ઊંચું લાવવા આયોજિત પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

**સ્વ સહાય જૂથ** : એક નાનું જૂથ (10 થી 15 સભ્યો ધરાવતું) જે મોટાભાગે સમાન પ્રકારનું, વધારે આત્મભાવથી જોડાયેલું હોય છે, જેનો મુખ્ય હેતુ બચત અને ધિરાણ કરી સક્ષમતા વિકસાવવી.

## 4.9 સ્વાધ્યાય

ક્ષેત્રકાર્ય ગામના એક ગરીબ કુટુંબની 'ગરીબીનું વિષચક્ર' એકમ અભ્યાસ આધારિત અહેવાલ લખી જમા કરાવવો.

## 4.10 પ્રવૃત્તિ

ગ્રામ્ય સ્તરે આર્થિક સમસ્યાઓના ઉકેલ માટે 'સૂક્ષ્મધિરાણથી ગ્રામીણ બૅંક સફર' પુસ્તક તથા "વંચિતોનો વાણોતર"નું વાંચન કરી તેની ચર્ચા તમારા સુપરવાઇઝર સાથે કરવી.

## 4.11 એકમ અભ્યાસ

ક્ષેત્રકાર્ય ગામના એક ગરીબ કુટુંબની 'ગરીબીનું વિષચક્ર'નો અભ્યાસ કરવો. જેમાં કુટુંબની ગરીબીના કારણો અને અસરો સમજી આ પરિવાર ને ગીરીબીમાંથી બહાર લાવવાના ઉકેલના પગલાંઓ આપવા.

## 4.12 સંદર્ભગ્રંથ


આચાર્ય બિનોય, પંચાયતી રાજ સંસ્થાઓની ક્ષમતાવર્ધન માર્ગદર્શિકા, ઉન્નતિ વિકાસ શિક્ષણ સંસ્થાન, અમદાવાદ.

પ્રજાપતિ સુરેશ. સંગઠન તાલીમ માર્ગદર્શિકા, ઓએસીસ પ્રકાશન, વડોદરા.

પ્રો.ડૉ. રાવ, હેમીક્ષા (2009), વિકાસનું સમાજશાસ્ત્ર, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.

યુનુસ, મહમદ અને એલન જોવીસ (2000), વંચિતોનો વાણોતર, ઉત્તમ સાહિત્ય પ્રકાશન, સુરેન્દ્રનગર.

ડૉ. જોષી વિધુત (પ્રથમ આવૃત્તિ-2001), પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.

ગ્રામ પંચાયતના કાર્યો, પંચાયત પદાધિકારી અને કર્મચારીઓના કાર્યો અને ફરજો (2014), રાજ્ય ગ્રામવિકાસ સંસ્થા, અમદાવાદ અને પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, ગાંધીનગર.

ગ્રામવિકાસની કલ્યાણકારી યોજનાઓની રૂપરેખા, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ.

ભટ્ટ, ઈલા ર. (પ્રથમ આવૃત્તિ-2007). ગરીબ, પણ છૈયે કેટલાં બધાં ? ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.


## 4.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

તમારી પ્રગતિ ચકાસો (અ.) 1. ડ. સહભાગી 2. બ.73મો 3. ક. સામાજિક ન્યાય 4. બ. 18 વર્ષથી ઉપરના 5. અ. બે 6., 7. અને 8. પ્રશ્નોના ક્ષેત્રકાર્યના અનુભવ આધારિત જવાબ આપવા. (બ.) 1. અ. ખેતી 2. ક. બેકવર્ડ અને ફોરવર્ડ લિંકેજ 3. બ. કિસાન ક્રેડિટ કાર્ડ 4. બ.100 5., 6. અને 7. પ્રશ્નોના ક્ષેત્રકાર્યના અનુભવ આધારિત જવાબ આપવા. (ક.) 1. ક. પદચલન 2. ડ. આગળના દરેક 3. ક. સામુદાયિક આરોગ્ય કેન્દ્ર 4. ક. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી 5., 6. અને 7. પ્રશ્નોના ક્ષેત્રકાર્યના અનુભવ આધારિત જવાબ આપવા.